પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૭-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૮
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

દુનિયામાં એક જ વસ્તુને રિસાયકલ કરી શકાતી નથી એ છે ... વેડફી નાખેલો 'સમય'.

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

### હાશ ગેસના બાટલાની ચિંતા હળવી થશે

# થોડા જ દિવસોમાં ૩૬ ટકા ઉત્પાદન વધારા સાથે ૬૫ લાખ બાટલા બજારમાં ઠાલવવા સરકાર સજ્જ

## ૯૨,૦૦૦ ટન એલપીજી ધરાવતા ટેન્કર જહાજો મુન્દ્રા પોર્ટ પર પહોંચ્યાઃ અન્ય ૨૨ જહાજોને હોર્મુઝની ખાડીમાંથી સુરક્ષિત રીતે પસાર કરાવવા માટે સરકારની ઈરાન સાથેની વાતચીત ચાલુ

**અબતક, રાજકોટ**

દેશમાં રાંધણ ગેસ (એલપીજી) ની અછતનો સામનો કરી રહેલા સામાન્ય નાગરિકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા તાત્કાલિક પગલાંને કારણે આગામી દિવસોમાં ગેસ સિલિન્ડરની સપ્લાયમાં મોટો સુધારો જોવા મળશે. સરકારના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૫ દિવસમાં ઘરેલુ એલપીજી ઉત્પાદનમાં રેકોર્ડબ્રેક ૩૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

આ ઉત્પાદન વધારાને પરિણામે સરકાર આગામી થોડા જ દિવસોમાં ૬૫ લાખ નવા ગેસ બાટલા બજારમાં ઠાલવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ આંકડો વધતી જતી માગને પહોંચી વળવા અને વેટિંગ લિસ્ટ ઘટાડવા માટે પૂરતો માનવામાં આવી રહ્યો છે.



હોર્મુઝની સામુદ્રધુનીમાં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવ વચ્ચે પણ ભારત પોતાની ઉર્જા સુરક્ષા જાળવી રાખવામાં સફળ રહ્યું છે. તાજેતરમાં જ ૪૬,૦૦૦ ટન એલપીજી જથ્થા સાથેનું 'શિવાલિક' જહાજ મુંદ્રા પોર્ટ પર સુરક્ષિત રીતે આવી પહોંચ્યું છે. અન્ય ૪૬,૦૦૦ ટન એલપીજી સાથેનું બીજું જહાજ મંગળવારે વહેલી સવારે કંડલા પોર્ટ પર પહોંચ્યું તેમજ યુએઈથી ૮૧,૦૦૦ ટન ક્રૂડ ઓઈલ લઈને આવતું આ ટેન્કર પણ મંગળવારે બપોરે મુન્દ્રા પહોંચવાની શક્યતા છે.વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાન સાથે સીધી વાતચીત કરીને ભારતીય જહાજોના સુરક્ષિત માર્ગ માટેના પ્રયાસો તેજ કર્યા છે, જેનાથી ગેસના પુરવઠામાં કોઈ મોટો અવરોધ ન આવે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. બજારમાં એકસાથે લાખોની સંખ્યામાં સિલિન્ડર આવવાથી ગેસ એજન્સીઓ પર રહેલું દબાણ ઘટશે અને જે ગ્રાહકોને રિફિલિંગ માટે લાંબો સમય રાહ જોવી પડતી હતી, તેમને હવે સમયસર ડિલિવરી મળી શકશે. તહેવારો કે અન્ય કારણોસર વધતી માગને પહોંચી વળવા માટે સરકારનું આ આયોજન મધ્યમ વર્ગ માટે મોટો આશરો બની રહેશે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈ ટ્રમ્પનું 'સુરસુરિયું' ચીન, સાઉથ કોરિયા જેવા સાતમાંથી એક પણ દેશ ટ્રમ્પ સાથે જોડાવા તૈયાર નથી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝની સુરક્ષા માટે ચીન, સાઉથ કોરિયા, જાપાન અને યુરોપના દેશોને તેમની નૌકાઓ તૈનાત કરવા પર ભાર મૂક્યો છે. જોકે, અત્યાર સુધી કોઈ પણ દેશે પ્રતિબદ્ધતા દર્શાવી નથી, જેનાથી અમેરિકાના પ્રયાસો પર સવાલ ઉભા થયા છે. ટ્રમ્પનું કહેવું છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિશ્વના લગભગ ૨૦ ટકા તેલ પુરવઠા માટે જવાબદાર છે અને ચીન અને સાઉથ કોરિયા જેવા દેશોની અર્થવ્યવસ્થા તેના પર વધુ આધાર રાખે છે. જોકે, તેમણે આ દેશોને પોતાની સુરક્ષા કરવા માટે દબાણ કર્યું છે. હાલના તણાવપૂર્ણ માહોલમાં આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી કોઈ સ્પષ્ટ પ્રતિસાદ મળ્યો નથી.

# યુધ્ધને ત્રણથી વધુ અઠવાડિયા ખેંચી જવા ઈઝરાયેલ તૈયારઃ ટ્રમ્પની મૂંઝવણમાં વધારો

## ઈઝરાયેલનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતા, પરમાણુ સુવિધાઓ અને સુરક્ષા માળખાને જડમૂળથી નબળું પાડવાનો

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે ભયાનક વળાંક લઈ રહ્યો છે. ઈઝરાયલે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે ઈરાન વિરુદ્ધનું આ યુદ્ધ હજુ લાંબુ ચાલશે. ઈઝરાયેલી સૈન્યએ સોમવારે જાહેરાત કરી હતી કે તેમની પાસે ઈરાન પર સતત હુમલા કરવા માટે આગામી ત્રણ અઠવાડિયાનો વિગતવાર ઓપરેશનલ પ્લાન તૈયાર છે. આ જાહેરાતને પગલે વૈશ્વિક સ્તરે ખળભળાટ મચી ગયો છે અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓમાં પણ ધરખમ વધારો થયો છે.

ઈઝરાયેલી સૈન્યના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ નાદવ શોશાનીએ પત્રકારોને જણાવ્યું હતું કે, સૈન્ય પાસે માત્ર આગામી ત્રણ સપ્તાહ જ નહીં, પરંતુ તે પછીના સમયગાળા માટે પણ ચોક્કસ આયોજન છે. ઈઝરાયલનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતા, પરમાણુ સુવિધાઓ અને સુરક્ષા માળખાને જડમૂળથી નબળું



### દુબઈ એન્લાઈન્સ ખુલ્લું મુકાયું પણ પ્લેન આવાગમન અચોક્કસ મુદત સુધી સ્થગિત

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક ઇંધણ ડેપો પર થયેલા ડ્રોન હુમલા બાદ સુરક્ષાના કારણોસર વિદેશી એરલાઈન્સના લેન્ડિંગ પર અચોક્કસ મુદત સુધી પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એક શંકાસ્પદ ઈરાની ડ્રોન હુમલામાં ફ્યુઅલ ટેન્કને નિશાન બનાવતા ભયાનક આગ લાગી હતી, જેના પગલે યુએઈની સિવિલ એવિએશન ઓથોરિટીએ આ કડક નિર્ણય લીધો છે. એરપોર્ટ કાર્યરત હોવા છતાં અન્ય દેશોની ફ્લાઈટ્સના આવાગમન પર રોક લગાવાતા ઈન્ડિગો સહિતની ભારતીય એરલાઈન્સે પોતાની ઉડાનો રદ કરી છે. ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ વચ્ચે આ આદેશથી હજારો મુસાફરો અટવાયા છે.

પાડવાનો છે. આ ઓપરેશન માટે ઈઝરાયલે ૧,૧૦,૦૦૦ થી વધુ રિઝર્વિસ્ટ સૈનિકોને મેદાનમાં ઉતાર્યા છે. દરમિયાન, તેહરાન, શિરાઝ અને તાબ્રિઝ જેવા શહેરોમાં ઈઝરાયલી વાયુસેનાએ ભારે બોમ્બમારો ચાલુ રાખ્યો છે, જેમાં રહેણાંક વિસ્તારો અને શાળાઓને પણ નુકસાન થયું હોવાના અહેવાલ છે. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ યુદ્ધને કારણે બેવડી મુસીબતમાં ફસાયા છે. એકબાજુ અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે બીજીબાજુ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. હોર્મુઝની સામુદ્રધુની

(અનુ. આઠમા પાને)

# ૧૦ ટકા ચીની ભાગીદારી ધરાવતી વિદેશી કંપનીઓ ભારતમાં સીધું રોકાણ કરી શકશે

## એફડીઆઈ પોલિસી હળવી કરાઈ, જો કે ચીન કે અન્ય પાડોશી દેશોની કંપનીઓને સીધી રીતે આ છૂટછાટનો લાભ નહીં મળે

**અબતક, નવી દિલ્હી**

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા સોમવારે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પોલિસીમાં મહત્વના ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે. નવા નિયમ મુજબ, હવે જે વિદેશી કંપનીઓમાં ચીનનું ૧૦ ટકા સુધીનું શેરહોલ્ડિંગ હશે, તેવી કંપનીઓ ઓટોમેટિક રૂટ મારફતે ભારતમાં રોકાણ કરી શકશે. જોકે, આ માટે સેક્ટરલ લિમિટ અને અમુક શરતોનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

આ નવી રાહત ચીન, હોંગકોંગ અથવા ભારત સાથે જમીની સરહદ ધરાવતા અન્ય દેશોમાં સીધી રીતે નોંધાયેલી કંપનીઓને લાગુ પડશે નહીં. અગાઉના નિયમો મુજબ, આવા દેશો સાથે એક ટકાનું પણ શેરહોલ્ડિંગ ધરાવતી વિદેશી કંપનીઓએ ભારતમાં કોઈપણ સેક્ટરમાં રોકાણ કરવા માટે ફરજિયાતપણે સરકારની પૂર્વ મંજૂરી લેવી પડતી હતી. કોવિડ-૧૯ મહામારી દરમિયાન ભારતીય કંપનીઓના તકવાદી ટેકઓવરને રોકવા માટે એપ્રિલ ૨૦૨૦માં પ્રેસ નોટ ૩ દ્વારા આ કડક નિયમો લાદવામાં આવ્યા હતા.

(અનુ. આઠમા પાને)

# ખાતરના ભાવ ૨૦ ટકા જેટલા વધે તે પહેલાં જ સરકાર હરકતમાં

## ખરીફ સિઝન પહેલા યુરિયા અને ડીએપીની અછતની ભીતિ વચ્ચે ભારતીય કંપનીઓએ ઉત્પાદન વધાર્યું

**અબતક, નવી દિલ્હી**

ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા પછી આયાતી સ્પેશિયાલિટી ખાતરના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો થયો છે. જેના કારણે ખેતી માટે જરૂરી પોષક તત્વોના પુરવઠા પર ખતરો ઉભો થયો છે. આ સ્થિતિને પહોંચી વળવા અને આગામી મહત્વની ખરીફ વાવણીની સિઝનને ધ્યાનમાં રાખીને ભારતીય કંપનીઓએ ખાતરનું ઉત્પાદન વધારવાની ફરજ પડી છે.

ખરીફ સિઝન પહેલા જ યુરિયા અને ડીએપીની અછત ઉભી થવાની ભીતિ વચ્ચે ખાતર ઉદ્યોગ દ્વારા સ્ટોક અને કાચા માલની વ્યવસ્થા વધારવામાં આવી રહી છે. ઈન્ડિયન માઈક્રો ફર્ટિલાઈઝર્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખ રાહુલ

(અનુ. આઠમા પાને)

# સસ્તા ડાયમંડવાળા ચાંદીના દાગીનાની આયાત પર 30 જૂન સુધી પ્રતિબંધ

## ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા નોટિફિકેશન જારી આસિયાન દેશોમાંથી થતી આયાતને નાથવા માટે લેવાયો નિર્ણય

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે વિદેશી વેપાર નીતિમાં મોટો ફેરફાર કરતા સસ્તા હીરા જડેલા ચાંદીના દાગીનાની આયાત પર તાત્કાલિક અસરથી નિયંત્રણો લાદી દીધા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા સોમવારે એક સત્તાવાર નોટિફિકેશન જારી કરીને આ અંગેની માહિતી આપવામાં આવી છે. સરકારનો આ નિર્ણય આગામી 30 જૂન, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. ડિજીએફટી દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સસ્તા હીરા જડેલી ચાંદીની જ્વેલરી માટે અત્યાર સુધી આયાત નીતિ 'મુક્ત' (ફ્રી) હતી, જેને બદલીને હવે 30 જૂન, ૨૦૨૬ સુધી 'પ્રતિબંધિત' કે 'નિયંત્રિત' (રિસ્ટ્રિક્ટેડ) કેટેગરીમાં મૂકવામાં આવી છે. આનો સીધો અર્થ એ છે કે, હવે આ પ્રકારના દાગીનાની આયાત કરવા માટે સરકાર કે સંબંધિત સત્તામંડળ



(અનુ. આઠમા પાને)

# ક્રોસ વોટિંગથી રાજ્યસભાની ૧૧ પૈકી ૮ બેઠકો અંકે કરતી એનડીએ

## રાજ્યસભાની કુલ ૩૭ બેઠકો માંથી ૨૨ બેઠક એનડીએને મળીઃ વિપક્ષને મળી માત્ર ૧૫ સીટ

**અબતક, રાજકોટ**

પાંચ રાજ્યોની રાજ્યસભાની ૩૭ બેઠકો પૈકી ૨૨ બેઠકો એનડીએ ગઠબંધનના ફાળે આવી છે.જયારે વિપક્ષના ફાળે ૧૫ બેઠકો આવી છે.જે ૧૧ બેઠકો માટે મતદાન કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી તેમાં ક્રોસ વોટિંગ થકી એનડીએએ ૮ બેઠકો અંકે કરી લીધી છે.રાજ્યસભામાં સરકારનું બળ વધ્યું છે.

રાજ્યસભાની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં વિરોધ પક્ષો પોતાના ધારાસભ્યોને એકજૂથ રાખવામાં નિષ્ફળ રહ્યા હતા.



બિહારમાં ગેરહાજર ધારાસભ્યોને કારણે 'મહાગઠબંધન'ને એક બેઠક ગુમાવવી પડી હતી. જ્યારે ઓડિશામાં ક્રોસ વોટિંગને કારણે ભાજપને એક વધારાની બેઠક મળી છે.હરિયાણામાં બેલેટ પેપરની ગુપ્તતા અંગેના વિવાદને કારણે પરિણામ અટવાયું હતું.

બિહારમાં મહાગઠબંધનના એકમાત્ર ઉમેદવાર આઈજેડીના અમરેન્દ્ર ધારી સિંહની હાર થઈ છે. ચાર વિપક્ષી ધારાસભ્યો ચૂંટણીથી દૂર રહ્યા હતા. નીતીશ કુમાર અને નીતિન નવીન સહિત (અનુ. આઠમા પાને)

# પાકિસ્તાને કાબુલની હોસ્પિટલમાં એરસ્ટ્રાઈક કરતા ૪૦૦થી વધુના મોત, ૨૫૦ ઘાયલઃ તાલિબાન

## પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના પ્રવક્તા મોશર્રફ ઝૈદીએ અફઘાનિસ્તાનના આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા

**અબતક, રાજકોટ**

એક તરફ ઈરાનમાં યુદ્ધ ચાલી રહ્યું છે, ત્યાં બીજી તરફ ભારતના પડોશમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સંઘર્ષ સતત વધી રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી પાકિસ્તાન વારંવાર અફઘાનિસ્તાન પર હવાઈ હુમલા કરી રહ્યું છે. એવામાં હવે અફઘાનિસ્તાનનો દાવો છે કે પાકિસ્તાને કાબુલમાં એક હોસ્પિટલ સહિત રહેણાંક વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા છે. પાકિસ્તાનના આ હુમલામાં ૪૦૦ લોકોના મોત થયા છે. જ્યારે ૨૫૦થી વધુ ઈજાગ્રસ્ત



છે.અફઘાનિસ્તાનના આરોગ્ય વિભાગના પ્રવક્તા શરાફત ઝમાને જણાવ્યું કે કાબુલમાં નશામુક્તિ કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવાતી એક હોસ્પિટલ પર હુમલો કરવામાં આવ્યો. આ હુમલામાં અનેક નિર્દોષોના જીવ ગયા છે. જોકે બીજી તરફ પાકિસ્તાનનો દાવો જુદો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના પ્રવક્તા મોશર્રફ ઝૈદીએ અફઘાનિસ્તાનના આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. પાકિસ્તાને કહ્યું

(અનુ. આઠમા પાને)

# વાતાવરણમાં ફરી પલ્ટોઃ તાપમાનમાં ચાર ડિગ્રી સુધીનો ઘટાડો

## રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ સહિત દક્ષિણ ગુજરાતમાં કાલથી ત્રણ દિવસ માવઠાની શક્યતાઃ આજે રાજકોટ-અમરેલી સહિતના શહેરોમાં ઝાકળવર્ષા થઈ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં માર્ચના પ્રારંભમાં આકરી ગરમીનો પ્રકોપ શરૂ થયા બાદ વાતાવરણમાં પલટો આવતા ગરમીમાં રાહત મળી છે. તો બીજી તરફ કાલથી ૨૦ માર્ચ સુધી માવઠાની આગાહી કરાતા ધરતીપુત્રોની ચિંતામાં વધારો થયો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં હાલ તાપમાનનો પારો

(અનુ. આઠમા પાને)



### હિમાચલમાં જબરદસ્ત બરફ વર્ષા થતા અટલ ટનલમાં હજારો પ્રવાસીઓ ફસાયા

હિમાચલ પ્રદેશમાં હવામાનના બદલાયેલા મિજાજને કારણે પ્રવાસીઓની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે. પ્રખ્યાત અટલ ટનલ ના બંને છેડે અચાનક થયેલી ભારે બરફવર્ષાને કારણે ૧૦૦૦ થી વધુ પ્રવાસી વાહનો ફસાઈ ગયા છે. હિમવર્ષાનો આનંદ માણવા પહોંચેલા હજારો સહેલાણીઓ હવે થીજવતી ઠંડી અને ટ્રાફિક જામની વચ્ચે અટવાયા છે, જેમને સુરક્ષિત બહાર કાઢવા મનાલી અને લાહૌલ-સ્પીતિ પોલીસ દ્વારા સંયુક્ત રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

# ન હોય... ૪૨ વર્ષ જૂની પીઆઈએલ સુપ્રીમમાં પેન્ડિંગ!

## સુપ્રીમ કોર્ટમાં ૩૫૦૦થી વધુ પીઆઈએલ પેન્ડિંગ, પર્યાવરણ અને જમીન વિવાદને લગતી અરજીઓનું પ્રમાણ વધુઃ કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે લોકસભામાં જાહેર કરી માહિતી

**અબતક, નવી દિલ્હી**

બંધારણીય અર્થઘટન અને ફોજદારી અપીલની મુખ્ય જવાબદારી નિભાવતી સુપ્રીમ કોર્ટમાં હાલ ૩,૫૦૦થી વધુ જાહેર હિતની અરજીઓ (પીઆઈએલ) પેન્ડિંગ છે. કાયદા મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, તેમાંથી ૬૯૮ પીઆઈએલ ૧૦ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે અને સૌથી જૂની અરજી ૪૨ વર્ષથી ન્યાયની રાહ જોઈ રહી છે. આમાંની મોટાભાગની અરજીઓ પર્યાવરણ, જમીન કાયદા અને કૃષિ ગણોત સંબંધિત બાબતોને લગતી છે.

સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોનો કુલ આંકડો ૮૦,૦૦૦ને પાર પહોંચી ગયો છે, જેમાં આ પીઆઈએલનો પણ મોટો હિસ્સો છે. વર્ષ ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા સૌથી વધુ ૫૭૦ પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી,

(અનુ. આઠમા પાને)


### સ્વાર્થી પ્રેમની જાળમાં ફસાતી નિર્દોષ લાગણીઓ

# વિશ્વાસના ફૂલ પર સ્વાર્થના કાંટા, પ્રેમના નામે રમાતો "કપટ"નો ખેલ

## આજના યુવાનોમાં ફિલ્મી લવેરીયા અને ફ્રેન્ડશીપના નામે થતાં પ્રેમ બહું લાંબા ટકતા નથી: છોકરા કરતાં છોકરી બહું ઝડપથી વિશ્વાસ મુકી દેતા મુશ્કેલીમાં સપડાય છે: આજે પ્રેમની આડમાં સ્વાર્થનો ખેલ રચાય છે: તકલાદી અને સ્વાર્થી પ્રેમનો ભોગ સૌથી વધુ છોકરીઓ જ કેમ બને છે, આ સમસ્યા દરેક મા બાપ માટે ચિંતાનો વિષય

"તુમ્હારા ચાહને વાલા ખુદા કી દુનિયા મે, મેરે સિવા ભી કોઈ ઔર હો...ખુદા ન કરે" વર્ષો પહેલા આ જુની ફિલ્મના ગીતોના શબ્દો બરોબર આજની યુવા પેઢીને લાગુ પડે છે. બધા જ પ્રેમીઓને એમ જ હોય કે એ 'મારી કે મારો છે, પણ એ સમય આવ્યે ખબર પડતાં જ જોયેલા સપના ચકનાચૂર થઈ જાય છે. પ્રવર્તમાન સમયમાં છોકરીએ સૌથી વધુ સંભાળ રાખવી પડશે કારણ એકવાર મુશ્કેલી આવી કે નામ ચડયું તો પરિવારમાં તે વગોવાય જવાથી લગ્ન કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. આજના યુવાનો પ્રેમની સાચી પરિભાષા જાણતા જ નથી, તે આકર્ષણને પ્રેમ સમજી બેસે છે, તેજ ખોટું છે. આજના યુગમાં સંતાનોને પરિવારમાંથી પ્રેમ, હૂંફ, લાગણીઓ મળતી હોય તો તે ક્યારેય બહાર શોધવા ન જઈ શકે.

તકલાદી અને સ્વાર્થી પ્રેમનો ભોગ ઘણીવાર છોકરીઓ વધુ બને છે કારણ કે તેઓ સંબંધોમાં ભાવનાત્મક રીતે વધુ જોડાઈ જાય છે. પ્રેમમાં વિશ્વાસ, લાગણી અને સમર્પણ વધારે હોવાથી તેઓ સામેની વ્યક્તિની વાતો સરળતાથી માનવા લાગી જાય છે. આજના યુગમાં વન સાઈડ લવ પણ હોય છે. કેટલાક લોકો આ વિશ્વાસનો ખોટો લાભ લઈને પોતાના સ્વાર્થ માટે સંબંધ બનાવે છે અને પછી જવાબદારીથી દૂર થઈ જાય છે. આજના પ્રેમમાં લાગણીઓ સોનાની હોય કે દેખાય પણ તે રસ્તા ઉપર કાંટા વધુ હોય છે. સાચું હૃદય હોય પણ પ્રેમ નકલી હોય છે. આજના પ્રેમમાં 'પ્રેમ' હોતો જ નથી, અમુક અપેક્ષા અને ઈચ્છાના સંતોષ ખાતર જ બધા નાટકો થાય છે. જે દેખાય છે એ ક્યારે સાચું નથી હોતું, અને અલગ રહીને પણ જોડે રહેવું એ જ સાચો પ્રેમ છે. બીજો મહત્વનો કારણ સામાજિક સંસ્કાર પણ છે. છોકરીઓને બાળપણથી સંબંધો જાળવવા, સમજોતો કરવા અને લાગણીઓને મહત્વ આપવા શીખવવામાં આવે છે. તેથી ઘણીવાર તેઓ સામેની વ્યક્તિના ખોટા વર્તનને પણ સહન કરી લે છે. આ કારણે તકલાદી અને સ્વાર્થી પ્રેમના કેસોમાં છોકરીઓ વધુ ઘાયલ થતી જોવા મળે છે. આજે તો પ્રેમ પણ સંભાળ પૂર્વક કરવા જેવુ છે. આજના યુવાનોમાં ફિલ્મી લવેરીયા અને ફ્રેન્ડશીપના નામે થતાં પ્રેમ બહું લાંબા ટકતા નથી, છોકરા કરતાં છોકરી બહું ઝડપથી વિશ્વાસ મુકી દેતા મુશ્કેલીમાં વધુ જોવા મળે છે. આજે લવ, સેક્સ અને ધોખા ના કિસ્સા વધુ જોવા મળે છે, ઘણા તો પ્રેમમાં નિષ્ફળતા મળતા જીવન ટૂંકાવી દે છે. આજની દુનિયામાં 'પ્રેમ' માટે સાવચેતીનો સમય આવી ગયો છે. પુરૂષ કે સ્ત્રી સાથે પ્રેમ પણ સંભાળપૂર્વક કરવાનો સમય છે. પુરૂષ પ્રધાન આપણાં દેશમાં છોકરી કરતાં છોકરાને વિશેષ છૂટ મળે છે, અને મિત્ર-સંગતને કારણે તે થોડો તૈયાર પણ હોવાથી પ્રેમનું નાટક કરીને છોકરીની જીંદગી બગાડી શકે છે. છોકરીઓને પારિવારિક પ્રેસરના માહોલમાંથી બહાર નીકળવા બહાના રૂપે કોલેજ-ટ્યુશન, ખરીદી કે બહેનપણીના કારણો જોવા મળે છે. મોબાઈલ ને કારણે આંગણીના ટેરવે કોન્ટેક્ટ સરળ બન્યા છે. જોકે તેને સારા-નરસાની પરિભાષાની સમજ ન હોવાથી ઝડપથી ફસાઈ જાય છે. લગ્ન બાદ પણ પતિ પત્ની ઔર વો ના કિસ્સા સામે આવી રહ્યા છે. આજે લગ્નેતર સંબંધોનું પ્રમાણ પણ ખૂબ વધી રહ્યું છે.





આજના યુવાવર્ગમાં ટીવી-ફિલ્મો જોઈને તેના જેવો પ્રેમ અને ફ્રેન્ડશીપ કરવી ગમતી હોવાથી તે ઝડપથી એ કરવા પ્રેરાય છે. મોટાભાગે આવા પ્રેમ સંબંધ લાંબા ટકતા નથી. હવે તો લવ ગેરેજ પણ ક્યાં લાંબા ટકે છે, પ્રારંભમાં બધુ જ સારૂ લાગતું એ પાત્ર લગ્ન બાદ સત્ય હકિકત બહાર આવતાં જે ફ્યુચર વિચારેલ હતું તેજ પડી ભાંગતા નિરાશા હાથ લાગે છે. છોકરા કરતાં છોકરી બહું ઝડપથી વિશ્વાસ કે સાચી-ખોટી વાતોમાં આવી જાય છે, પણ એક વાત આજના યુવાનોને સમજવી જોઈએ કે દુનિયામાં મા-બાપ અને પરિવાર જેટલો પ્રેમ ક્યારેય કોઈ ના આપી શકે.

યુવા વર્ગ મુગ્ધાવસ્થાની સમસ્યાને કારણે તે ઝડપથી વિજાતીય પાત્રથી આકર્ષિત થઈ જાય છે. આજના યુવાનો કે યુવતી વસ્ત્રો, ફોરવ્હીલ, પૈસા વાપરવા, મોજ-શોખ, હોટલમાં જમવા જવું કે સામાન્ય વાતથી પણ પ્રભાવિત થઈ જતાં જોવા મળે છે. જો કે આ જીવન નથી તે વાત તેને સમજાતી નથી. કોલેજ શિક્ષણ લેતા છાત્રો વિજાતીય આકર્ષણને કારણે સાથે અભ્યાસ કરતા પણ પ્રેમ માં પડતા જોવા મળે છે. આજે તો છૂટાછેડાના કેશો દિન પ્રતિ દિન વધતા જાય છે. . ફોનના રિચાર્જ જેવી રકમ સહાયમાં પણ કેટલાક યુવાનો છોકરીઓને પટાવી લેતા જોવા મળે છે. આજની દુનિયામાં થતાં આવા નાટકો બાબતે છોકરીઓએ જાગૃત થવું જ પડશે. કારણ કે છોકરાને ફેર પડશે નહી પણ છોકરીઓની જીંદગી બગડી જાય છે. આજના પ્રેમમાં 'પ્રેમ' હોતો જ નથી, માત્ર સ્વાર્થ જ અને અપેક્ષા-ઈચ્છાઓ જ હોય છે.

ઘણા સંબંધોમાં સાચી ખબર પડતા સંબંધનો અંત પણ આવી જાય છે. આજના પ્રેમ સંબંધો વાસનાના કિડા જ છે, અણી શુદ્ધ પ્રેમની યુવાધનને ખબર નથી. પ્રેમ-હુંક અને લાગણી આ ત્રણ વસ્તુ જો તરુણાવસ્થા ન મળે કે ઓછી મળે તો એ તરૂણો કે તરુણી એ શોધવા બીજે ધ્યાન કેન્દ્રીત કરે છે અને શરૂ થાય છે, એક આંધળી દોટ એટલે જ આ ઊંમરનાં પ્રેમ કે લવને 'આંધળો' કહ્યો છે. હોસ્ટેલ કે કોલેજમાં શિક્ષણ તો ઠીક પણ મોજ-શોખ-આનંદ પોષવાનું સ્થળ બની ગયું છે. યુવાનીમાં પ્રેમમાં સફળતા અને નિષ્ફળતા બન્ને જોવા મળે છે. પ્રેમમાં પડવું અને પ્રેમમાં નિષ્ફળતાથી દુર રહેવું. આ બે વચ્ચે જમીન-આસમાનનો ફેર છે. પ્રેમમાં પોતાના પાત્રની પસંદગી સમજપૂર્વક કરવાથી નિષ્ફળતા નથી આવતી. પ્રેમ આપવાથી જ પ્રેમ મળતો હોય છે. બે વિજાતીય પાત્રો આભાષી પ્રેમના વમણમાં ભેગા થાય પણ જીવનની રીયાલીટી સમજાય ત્યારે એ 'ભંગ' થાય છે. આજે તો પ્રેમમાં પણ સ્પર્ધા જોવા મળે છે. સુંદર છોકરીના પ્રેમમાં કોણ પડશે કે તેને પટાવશે? મોટાભાગે આવા કિસ્સામાં સીધા સાદા યુવાન વધુ જોવા મળે છે. કારણ કે તેનામાં ઉન્નત અને ચિરસ્થાયી પ્રેમ જોવા મળે અને સંબંધ અંત નથી, પણ જીવનભરનો સંગાથ છે.

### રિલેશનશિપ: ઈટ્સ કોમ્પ્લિકેટેડ

સંબંધમાં પ્રેમ જેટલું જ મહત્વ તેની પારદર્શિતાનું જોવા મળે છે. ગમવું અને ચાહવું આ બે શબ્દોમાં ફેર છે. આપણા જીવનમાં આપણને ગમતી વ્યક્તિ આપણને ચાહતી જ હોય એવું ન પણ હોય, રિલેશનશિપ હમેંશા 'કોમ્પ્લિકેટેડ' જ હોય શકે એવું નથી. પ્રેમ તકવાદી કે તકલાદી હોય તો તે ક્યારેય લાંબો ટકતો નથી, કારણ તેમાં નર્યો સ્વાર્થ હોય છે. આજના પ્રેમ સંબંધોને 'પ્રેમ' કહેવાય જ નહી તે માત્ર સ્વાર્થ ખાતર ભેગા થયેલા બે વિજાતીય પાત્રો જ છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

# અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ અને ધ્યાનની ગહન સમજૂતી અપાશે

## પ્રખર તત્વચિંતક જયેશભાઈ શેઠ આત્મજ્ઞાન અને મોક્ષના માર્ગ અંગે આપશે માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

વર્તમાન સમયમાં જ્યારે સમગ્ર વિશ્વ અશાંતિ અને માનસિક તણાવના સમયમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે માનવ આત્માને શાશ્વત સુખ અને શાંતિનો માર્ગ બતાવવા રાજકોટના આંગણે એક વિશેષ આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૩૧ માર્ચના રોજ ઉજવાનાર શ્રી મહાવીર જયંતીના પાવન પર્વ પૂર્વે, ૨૨ માર્ચને રવિવારના રોજ રાજકોટમાં એક ભવ્ય 'તત્વજ્ઞાન ગોષ્ઠિ' યોજાશે.

જૂના એરપોર્ટ રોડ પર આવેલી હોટેલ પેટ્રીયા સ્યુટ્સ ખાતે સાંજે ૪:૦૦ થી ૮:૩૦ દરમિયાન યોજાનાર આ ગોષ્ઠિમાં મુંબઈના પ્રખર તત્વચિંતક અને આત્મજ્ઞાની સીએ જયેશભાઈ શેઠ 'હું આત્મા છું' વિષય પર પ્રેરક પ્રવચન આપશે. આ તકે તેઓ જિજ્ઞાસુઓના જટિલ પ્રશ્નોના શાસ્ત્રોક્ત અને તર્કપૂર્ણ જવાબો અત્યંત સરળ ભાષામાં આપશે. આ તત્વજ્ઞાન ગોષ્ઠિમાં ભારતીય શાસ્ત્રોમાં વર્ણવાયેલા જડ અને ચેતન વચ્ચેના મૂળભૂત તફાવત, ગીતામાં વર્ણવાયેલા આત્માના અવિનાશી સ્વરૂપ અને મોક્ષ પ્રાપ્તિના માર્ગ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુંબઈના અન્ય જાણીતા તત્વજ્ઞાની શૈલેષભાઈ શાહ પણ ઉપસ્થિત રહી જ્ઞાનધારા વહેવડાવશે.

જયેશભાઈ શેઠે સામાન્ય જનતા સમજી શકે તેવી મનોવૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સ્વની ઓળખ, ધ્યાનની પદ્ધતિ અને જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ જેવા વિષયો પર વિશેષ પકડ ધરાવે છે. આ ગોષ્ઠિમાં મુખ્યત્વે પાંચ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં ધ્યાન કેવી રીતે કરવું અને 'હું આત્મા છું' નો આંતરિક અનુભવ કેવી રીતે મેળવવો તે અંગે માર્ગદર્શન અપાશે.

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વલ્લભભાઈ કથીરીયા અને ટ્રસ્ટી સીએ કલ્પકભાઈ મણીઆર દ્વારા આ જ્ઞાન યજ્ઞમાં જોડાવવા માટે જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં અલ્પાહાર અને ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવી હોવાથી ૧૯ માર્ચ સુધીમાં નોંધણી કરાવી લેવી અનિવાર્ય છે. આધ્યાત્મિક જિજ્ઞાસા ધરાવતા નગરજનો માટે આ ગોષ્ઠિ આત્મકલ્યાણનો એક ઉત્તમ અવસર બની રહેશે.


# સેવાભાવી સુહાસ પંડ્યાની પુણ્યતિથિએ ૧૨૬ દર્દીઓના કરાયા નિ:શુલ્ક ઓપરેશન

## પંચનાથ હોસ્પિટલમાં વર્ષો સુધી સેવા આપનાર સ્વ.સુભાષભાઈ મૃત્યુ બાદ પણ બન્યાં સેવા માટે નિમિત

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી પંચનાથ હોસ્પિટલ ની સેવા પ્રવૃત્તિમાં સાત વર્ષ સુધી સેવારત સ્વ સુહાસભાઈ પંડ્યા ની પુણ્યતિથિ નિમિત્તે જરૂરિયાતમંદ લોકોના આંખના મોતિયાના ઓપરેશન ના યોજાયેલા કેમ્પમાં ૧૨૬ દર્દીઓને સેવાનો લાભ અપાયો હતો.

રાજકોટમાં સમાજ સેવા ક્ષેત્રે જાણીતા ધર્મેન્દ્રસિંહજી કોલેજના પ્રિન્સિપાલ સાહિત્યકાર સ્વ ઉપેન્દ્રભાઈ પંડ્યાના પુત્ર સ્વ,સુભાષભાઈ પંડ્યા ની પુણ્યતિથિએ પંડ્યા પરિવાર દ્વારા જરૂરિયાતમંદ લોકોના લાભાર્થે આંખના મોતિયાના ઓપરેશનના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું પંચનાથ હોસ્પિટલ આંખના ઓપરેશન થિયેટરમાં યોજાયેલા કેમ્પમાં ૧૨૬,દર્દીઓને નિશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યા હતા પંડ્યા પરિવારનો આ સેવા યજ્ઞ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બન્યો હતો.



# રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના વાઈસ ચેરમેન હરદીપસિંઘ ગીલની પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીને સ્મરણાંજલિ

## હરદીપસિંહ ગીલ એ અંજલીબેન અને વૃષભ રૂપાણીને સાત્વના આપી દિવંગત વિજયભાઈને ભાવભેર કર્યા યાદ



**અબતક, રાજકોટ:** રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ ના વાઈસ ચેરમેન હાર્દિક સિંહ ગીલ રાજકોટની મુલાકાતે આવ્યા ત્યારે પંજાબ ભાજપના પ્રભારી અને પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણી ના. નીવાસ્થાને ખાસ મુલાકાતે ગયા હતા, અને તેમણે દિવંગત વિજયભાઈના ધર્મપત્નીઅંજલિબેન રૂપાણી અને પુત્રવૃષભ રૂપાણી ને દિવંગત વિજયભાઈ ની વિદાય અંગે સાતવના આપી હતી અને વિજયભાઈની યાદો વાગોળી ને ભાવુક થયા હતા

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોંગ્રેસે પ્રભારીઓની નિમણુંક કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરની જિલ્લા પંચાયત - તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજાશે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાની સૂચના અનુસાર તાજેતરમાં રાજકોટ જિલ્લા કોંગ્રેસ ચૂંટણી સમિતિની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૂંટણી સંદર્ભે ઉમેદવારોને સાંભળવા, ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા, જિલ્લાના મેનિફેસ્ટો, પ્રચાર પ્રસારની રણનીતિ અને સંકલનલક્ષી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેમજ રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના નિરીક્ષકઓ અને ચુંટણી સમિતિના સભ્યો સાથે ચર્ચા-વિચારણા કરી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સીટ વાઈઝ સેન્સ પ્રક્રિયા - ઉમેદવારોને સાંભળવા માટે તાલુકા વાઈઝ ૨ પ્રભારીઓમા જસદણમા શૈલેષભાઈ કપુરીયા, લોધીકામાં મનહરસિંહ બી જાડેજા અને રાજકોટ તાલુકામાં સુરેશભાઈ બથવારની નિમણૂંક કરવામાં આવી છે.

# પઠાણ પરિવારની ૫ વર્ષની દીકરી મન્નતબાનુએ ૨૭મું રોજું રાખી કરી ઈબાદત




**અબતક, રાજકોટ**

રાજકોટના કોઠારિયા રોડ પર રહેતા મોહસીન ખાન અને હિનાબાનુની ૫ વર્ષની દીકરી મન્નતબાનુએ રમઝાનનું ૨૭મું અને જીવનનું પહેલું રોજું રાખી આખો દિવસ ઈબાદત કરી દેશની તરક્કી માટે અલ્લાહ પાસે દુઆ કરી હતી.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૮.૩.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ ચતુર્દશી, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર, શુક્લ યોગ, નાગ કરણ આજે રાત્રે ૧૧.૩૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કુંભ (ગ,સ,શ) ત્યારબાદ મીન રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ) :** સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ) :** અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ) :** લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત) :** સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** વિલંબથી પણ તમને કાર્યમાં સફળતા મળે, અંતરાય દૂર થાય, જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.

**કુંભ (ગ,સ,શ) :** તમે તમારી જાત સાથે રહી શકો, શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૩-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ફ્રેન્ડો)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૩-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૮-૩ -૨૦૨૬ બુધવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૬ |
| **તિથી** | ફાગણ વદ ચૌદશ સવારે ૮.૨૬થી પંચક, બુધવાર અમાસ |
| **નક્ષત્ર** | પૂર્વાભાદ્રપદ |
| **યોગ** | શુભ **કરણ:** ચતુષ્પાદ |
| **સુર્યોદય** | ૬.૫૩ **સુર્યાસ્ત:** ૬.૫૭ |
| **ચંદ્ર રાશી** | કુંભ રાત્રે ૧૧.૩૨થી મીન |
| **રાશિ અક્ષર** | ગ.શ.સ/દ.ચ.ઝ.થ |
| **દિશાશૂળ** | ઉતર દિશા તરફ |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | ૫ | ૯ | ૮ | | |
| | | ૫ | | ૧ | | | | |
| | ૭ | | | | ૪ | | | |
| ૩ | | | | ૪ | ૬ | | | ૧ |
| | ૨ | | | | | | | ૫ |
| | | | | | | ૭ | ૨ | |
| | | | | | | | | |
| | | ૬ | | | | ૪ | | ૭ |
| ૪ | | ૮ | ૬ | | | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.


## સૂડોકુ-૮૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૮ | ૩ |
| ૪ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ | ૯ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૮ | ૬ | ૧ | ૨ |
| ૧ | ૪ | ૬ | ૩ | ૫ | ૭ | ૮ | ૨ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૯ | ૧ | ૪ | ૫ | ૭ | ૬ |
| ૫ | ૭ | ૯ | ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ |
| ૮ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ |

# કટારિયા ચોકડી બ્રિજનું કામ ૩૫% પૂર્ણ: ટૂંકમાં સુપર સ્ટ્રકચરની કામગીરી શરૂ થશે



તસવીર: શૈલેષ વાડોલિયા





## ૨૬ પીયર મૂકી દેવાયા જે પૈકી ૨૪ના પીયર કેપ પણ લાગી ગયા: ૧૦૪માંથી ૫૨ ગર્ડર તૈયાર: એક્સ્ટ્રા ડોઝ પોર્શન માટેની તૈયારીઓ પણ પૂરી, ૨૮ દિવસ માટેના પાઇલ બેઝનું ટેસ્ટીંગ પણ થઇ ગયું: જો કે, બ્રિજ તૈયાર થતા સપ્ટેમ્બર–૨૦૨૭ આવી જશે

**અબતક, રાજકોટ**

ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે ન્યૂ રાજકોટના પ્રવેશ દ્વાર સમા કટારિયા ચોકડી ખાતે કોર્પોરેશન દ્વારા રૂ.૧૬૭ કરોડના ખર્ચે મલ્ટી લેવલ બ્રિજ બનાવવાનું કામ હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આજની તારીખે બ્રિજનું નિર્માણ કામ ૩૫% જેટલું પુરૂં થઈ ગયું હોવાનું જાણવા મળી રહ્યું છે. હવે ટૂંક સમયમાં ગ્રાઉન્ડ લેવલની કામગીરી શરૂ કરવામાં આવશે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ કટારિયા ચોકડી ખાતે નિર્માણ પામી રહેલા બ્રિજનું કામ પૂર્ણ કરવાની અવધિ સપ્ટેમ્બર-૨૦૨૭ નિયત કરવામાં આવી છે. સતત ટ્રાફિકથી ધમધમતા આ રોડ પર બ્રિજનું નિર્માણ કામ સમય મર્યાદામાં પુરૂં થઈ જાય તે માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરાવવામાં આવી રહી છે. સમય મર્યાદા પહેલા બ્રિજનું કામ પુરૂં થાય તે માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાલ ૩૫% જેટલું કામ પુરૂં થઈ ગયું છે. બ્રિજના મુખ્ય સ્ટ્રક્ચરના નિર્માણમાં મહત્વની પ્રગતિ નોંધાઈ છે. કુલ ૨૬ પીયર બનાવવાના છે. જે કામ ૧૦૦% પૂર્ણ થઈ ગયું છે. ૨૬ પૈકી ૨૪ પીયરના કેપ પણ તૈયાર થઈ ગયા છે. ૧૦૪ પૈકી ૫૨ ગર્ડર એટલે કે ૫૦% ગર્ડરનું કામ પુરૂં થઈ ગયું છે. અન્ડર પાસમાં ૭૮૬ આરએમટીમાંથી ૪૬૬ આરએમટીનું કામ પુરૂં થઈ ગયું છે. હાલ અન્ડર પાસ ડ્રાફ્ટનું કામ પૂર્ણતાના આરે સ્લેબના કામનું સ્ટ્રેજીંગ પ્રગતિ હેઠળ છે. સુપર સ્ટ્રક્ચર અને એકસ્ટ્રા ડોઝ પોર્શનનું કામ હવે હાથ પર લેવામાં આવશે. પ્રોજેક્ટ માટે મહત્વપૂર્ણ એવા એકસ્ટ્રા ડોઝ પોર્શન માટેની પૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે. આ કામગીરીમાં પાઈલ બેઈઝનું ૨૮ દિવસનું જરૂરી ટેસ્ટીંગ કરવાનું હોય છે. જે પુરૂં થઈ ગયું છે. હાલ આ ડિઝાઈન મંજૂરી અર્થે મૂકી દેવામાં આવી છે. જે મંજૂરી પૂર્ણ થતાની સાથે જ ગ્રાઉન્ડ લેવલની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૧,૪૨૨ ક્યુબીક મીટર ક્રોંકીટ અને ૧૦૫૦ મેટ્રીક ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બ્રિજનું કામ પૂર્ણ થયા બાદ હજ્જારો વાહનચાલકોને દૈનિક ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે સાથોસાથ પરિવહનની સેવા પણ વધુ સુદ્રઢ બનશે.



# મુખ્યમંત્રી સંભવત: શનિવારે રાજકોટના મહેમાન: કોર્પોરેશનના રૂ.૭૫૧ કરોડના કામોનું કરશે લોકાર્પણ-ખાતમુહુર્ત

## ચૂંટણીની આચાર સંહિતા લાગૂ પડે તે પૂર્વે અંતિમ સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલા મોટાભાગના વિકાસ કામો શરૂ કરી દેવાશે: ૧૦૦૦થી વધુ આવાસોનું લોકાર્પણ કરાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાનું સત્ર પૂરું થતાની સાથે જ આવતા સપ્તાહે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવે તેવી પ્રબળ સંભાવના હાલ દેખાઈ રહી છે. રાજ્ય સરકાર પણ વિકાસ કામોનું ઝડપી લોકાર્પણ અને ખાતમુહુર્ત કરી રહી છે. આગામી શનિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટના મહેમાન બને તેવી શક્યતા હાલ દેખાઈ રહી છે. તેઓના હસ્તે કોર્પોરેશનના રૂ.૭૫૧ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે. તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સંભવત: મુખ્યમંત્રીની જાહેર સભાનું પણ આયોજન ગોઠવાઈ રહ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની તારીખો જાહેર થયા બાદ આચાર સંહિતા અમલમાં આવી ગયા પછી કોઈપણ વિકાસ કામો શરૂ થઈ શકતા નથી કે પૂર્ણ થયેલા કામોનું લોકાર્પણ થઈ શકતું નથી. અંતિમ સ્ટેન્ડિંગમાં કરોડો રૂપિયાના કામોને બહાલી આપવામાં આવી છે. જે શરૂ થઈ જાય તે દિશામાં તંત્ર દ્વારા પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ સીએમઓમાં મુખ્યમંત્રીનો સમય પણ માંગ્યો છે. સંભવત: આગામી શનિવારે રાજકોટ આવે તેવું હાલ લાગી રહ્યું છે. સીએમ ભૂપેન્દ્રભાઈના હસ્તે કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલા ૧૦૦૦થી વધુ આવાસોનું લોકાર્પણ કરી દેવામાં આવશે. આ ઉપરાંત જે કામો પૂર્ણતાના આરે છે તેનું પણ લોકાર્પણ થઈ જશે. ટૂંકમાં રૂ.૧૯૦ કરોડના ૫ થી ૬ કામોનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત ન્યારી ડેમ ખાતે નિર્માણ પામનાર સૌથી મોટા ૧૫૦ એમએલડીની ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જ્યુબેલી શાકમાર્કેટનું રિનોવેશનના કામનું, વોર્ડ નં.૪માં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના કામનું, કનક રોડ સ્થિત ફાયર સ્ટેશનના નવીનીકરણના કામનું, વોર્ડ નં.૧૫માં ૩૦ કરોડના ખર્ચે બનનારા ફાયર સ્ટેશનના કામનું સહિત રૂ.૫૬૭ કરોડના ૪૦ વિકાસ કામોનું ખાતમુહુર્ત કરવામાં આવશે.

સીએમઓમાંથી શનિવારનો સમય આપવામાં આવ્યો છે. જો કે, તારીખ હજુ ફાઈનલ નથી પરંતુ કોર્પોરેશન દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રીની જાહેર સભાનું આયોજન પણ ગોઠવાઈ રહ્યું છે. આવતા સપ્તાહે ગમે ત્યારે ચુંટણીની તારીખ જાહેર થઈ જાય તેવી સંભાવના જણાઈ રહી હોય કોર્પોરેશન ૭૫૧ કરોડના વિકાસ કામોનું શક્ય તેટલું ઝડપી ખાતમુહુર્ત કે લોકાર્પણ કરી દેવા માટે અધિરૂં બની ગયું છે.

# કાળઝાળ ગરમીમાં કોર્પોરેશનના સ્નાનાગારમાં ન્હાવા-તરવાનો સાગર જેવો આનંદ



તસવીર: શૈલેષ વાડોલિયા



## ૨૭મી માર્ચથી સ્વિમીંગપુલમાં નામ નોંધણી માટે પોર્ટલ ખૂલશે

**અબતક, રાજકોટ**

શહેરમાં આ વર્ષે માર્ચ મહિનામાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી ઉપર પહોંચ્યો છે.બપોરે ૧ થી ૪ તો આકાશમાંથી રીતસરની આગ ઝરતી લુ વરસતી હોય છે. એકબાજુ લોકો રસ્તા પર રેબઝેબ થતા જોવા મળે છે તોબીજી તરફ મહાનગરપાલિકા સંચાલિત સ્નાનગરમાં તાલીમાર્થીઓ, તરવૈયાઓ પાણીથી લથબથ થવાનો પણ આનંદ મેળવી રહ્યા છે.જેમાં બાળકોથી લઈ વડીલોનો સમાવેશ થાય છે. સવારથી સાંજ સુધીની બેચમાં તાલીમાર્થીઓ, તરવૈયાઓ જયારે ધુબાકા મારે, તરે ત્યારે વાતાવરણ પણ પાણીના ખળ-ખળ અવાજથી ગુંજી ઉઠે છે.

શહેરમાં રેસકોર્સ, કોઠારિયા મેઈનરોડ, કાલાવડ રોડ, સાધુવાસવાણી મેઈનરોડ ખાતે સ્થિત સ્વિમીંગ પુલમાં હાલ સવારથી લઈ સાંજ સુધી અલગ અલગ બેચમાં તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. રેસકોર્ષ ખાતે સ્થિત સ્વિમીંગપુલના સિનિયર ઈન્સ્ટ્રકટર નિમિષભાઈ ભારદ્વાજ જણાવે છે કે, ૨૭મી માર્ચે નામ નોંધણી માટે ઓનલાઈન ફોર્મ ભરવા માટે પોર્ટલ શરૂ થશે. સામાન્ય રીતે આ બેચ વેકેશન સ્પેશ્યલ બેચ કહેવાતી હોય છે. જેથી રજીસ્ટ્રેશન માટેની અને તાલીમ મેળવનાર તાલીમાર્થીઓની સંખ્યા વધારે હોય છે. રેષકોર્ષ ખાતેના સ્વિમીંગ પુલમાં કૂલ ૧૬ બેચ છે. જેમાં તાલીમાર્થીઓની સંખ્યા ૬૦૦થી વધારે છે. પેડક રોડ ખાતે સ્થિત સ્વિમીંગ પુલનું રિનોવેશન ચાલી રહ્યું છે. આ સિવાય નાના બાળકો ઘરે પ્લાસ્ટિકના સ્વિમીંગ પુલમાં ન્હાવાનો અમૂલ્ય આનંદ મેળવે છે.

# ૪૬૫૦૦ મેટ્રિક ટન એલપીજી લઈ વાડીનાર પોર્ટે પહોંચ્યું ભારતીય જહાજ "નંદા દેવી"

## શિવાલિક એલપીજી કેરિયર મુન્દ્રામાં ૧૨,૦૦૦ ટન એલપીજી સ્ટોક ઓફલોડ કરી વાડીનાર મધ્ય સમુદ્ર તરફ જશે અને સાંજે બાકીના સ્ટોકને મધ્ય સમુદ્રમાં બીજા જહાજમાં ટ્રાન્સફર કરશે જે પછી દહેજ બંદર અને મેંગલોરના બે અલગ–અલગ ટર્મિનલ પર સ્ટોક ઉતારશે






**અબતક, રાજકોટ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનાર પોર્ટ ખાતે આજે ઉર્જા ક્ષેત્રે એક મહત્વપૂર્ણ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના સીધા માર્ગદર્શન હેઠળ દેશની ગેસની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વાડીનાર બંદર પર 'નંદા દેવી' નામનું વિશાળ જહાજ એલપીજી (પ્રવાહી પેટ્રોલિયમ ગેસ)નો મોટો જથ્થો લઈને આવી પહોંચ્યું છે. આ કામગીરીને ભારત સરકારના સંબંધિત મંત્રાલય દ્વારા સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, 'નંદા દેવી' જહાજ આજે બપોરે ૦૨:૩૦ વાગ્યે વાડીનાર પોર્ટ પર લંગરવામાં આવ્યું હતું. આ જહાજમાં કુલ ૪૬ હજાર મેટ્રિક ટન એલપીજીનો જંગી જથ્થો લાવવામાં આવ્યો છે. નિયમિત પ્રક્રિયાના ભાગરૂપે આ જથ્થાને મોટા જહાજમાંથી નાના જહાજોમાં સ્થળાંતર કરવાની કામગીરી બપોરે ૦૧:૩૦ વાગ્યાથી જ સુવ્યવસ્થિત રીતે શરૂ કરી દેવામાં આવી હતી. આગામી સમયમાં આવા કુલ બે જહાજ વાડીનાર પોર્ટ પર આવવાના હોવાનું પણ જાણવા મળ્યું છે.ડીપીએના અધ્યક્ષ સુશીલ કુમાર સિંહ,આઈઆરએસએમઈએ પણ એમટી નંદા દેવીના કેપ્ટન અને ક્રૂ સાથે વાતચીત કરવા અને માર્ગદર્શન આપવા માટે જહાજની મુલાકાત લીધી છે.

વધુમાં, મુન્દ્રા બંદર પર રહેલું શિવાલિક એલપીજી કેરિયર હવે મુન્દ્રામાં ૧૨,૦૦૦ ટન એલપીજી સ્ટોક ઓફલોડ કરી વાડીનાર મધ્ય સમુદ્ર તરફ જશે અને સાંજે બાકીના સ્ટોકને મધ્ય સમુદ્રમાં બીજા જહાજમાં ટ્રાન્સફર કરશે જે પછી દહેજ બંદર અને મેંગલોરના બે અલગ-અલગ ટર્મિનલ પર સ્ટોક ઉતારશે.

### વિવિધ એજન્સીઓના સંકલનથી મોટા જહાજમાંથી નાના જહાજમાં સ્થળાંતર કરવાની પ્રક્રિયા તેજ

### તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ રાજ્યમાં એલપીજીનો જથ્થો સપ્લાય કરવામાં આવશે

આ ઓપરેશન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દક્ષિણ અને પૂર્વ ભારતના રાજ્યોમાં રાંધણ ગેસની જરૂરિયાત પૂરી કરવાનો છે. વાડીનાર ખાતેથી આ એલપીજીનો જથ્થો ખાસ કરીને તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ રાજ્યમાં સપ્લાય કરવામાં આવશે. મંત્રાલય દ્વારા મળેલી વિશેષ સૂચનાઓ મુજબ, આ સમગ્ર પુરવઠા સાંકળને જાળવી રાખવા માટે આ કામગીરીને ટોચની અગ્રતા આપવામાં આવી છે.

### સુરક્ષા અને સંકલન

પોર્ટ ઓપરેશનમાં કોઈ પણ પ્રકારની કચાસ ન રહે તે માટે વિવિધ એજન્સીઓ વચ્ચે શ્રેષ્ઠ સંકલન સાધવામાં આવ્યું છે. સલામતીના તમામ ધોરણોનું ચુસ્તપણે પાલન કરીને આ સંવેદનશીલ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પોર્ટ ઓથોરિટી અને સુરક્ષા એજન્સીઓ સતત દેખરેખ રાખી રહી છે જેથી કોઈ પણ વિઘ્ન વગર ગેસનું સ્થળાંતર પૂર્ણ કરી શકાય. વાડીનાર બંદરની આ સક્રિયતા દેશના ઉર્જા સુરક્ષાના ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપી રહી છે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક થકી વિકાસને વધુ વેગ મળશેઃ ધારાસભ્ય રમેશ ટીલાળા

## રાજકોટ નાગરિક સહકારી બેંકની શાપર શાખાનું શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીના હસ્તે ઉદ્દ્ઘાટન | ઉદ્યોગ જગત અને બેંક એકબીજાની પૂરકઃ ચેરમેન દિનેશ પાઠક





**અબતક, રાજકોટ**

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ૪૦ મી શાપર શાખાનો આજની વિધિવત પ્રારંભ થયો છે અને આ મંગલ અવસરે ભવ્ય ઉદ્દ્ઘાટન સમારોહ યોજાયેલો હતો.


કાર્યક્રમની શરૂઆતમાં ભારત માતા અને અરવિંદભાઈ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. શાખાનો મંગલ પ્રારંભ શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ શ્રીફળ વધેર્યું હતું અને રીબન કાપી શાખાના કામકાજનો શુભારંભ કરાવ્યો હતો. મંગલ આરતી દ્વારા સમગ્ર વાતાવરણ ધર્મમય બન્યું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આર્શીવચન પાઠવતાં શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ‘રાજકોટ નાગરિક સહકારી બેંક શાપરમાં વિકાસની નવી તક લઈને આવી છે. લોકો બેંકમાં મૂડી નહિ વિશ્વાસ મુકવા આવે છે અને આ બેંક સાત દાયકાથી જનવિશ્વાસની આરાધના કરી રહી છે. બેંક ફક્ત નાણાંકીય જરૂરીયાત નહિ પરંતુ સમાજનાં અનેક કાર્યોમાં સહાયક બની છે. બેંકના નામમાં જ સહકાર છે અર્થાત સહકાર થકી સહુનો વિકાસ થાય.’

રાજકોટનાં ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાએ જણાવ્યું હતું કે, ‘બેંકનું શાપરમાં હાર્દિક સ્વાગત છે. શાપરની ઈન્ડસ્ટ્રીઝ બહુ જ મોટી છે. તેના વિકાસમાં બેંકોનો બહુ જ મોટો ફાળો છે.

(અનુ. આઠમા પાને)

# ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ‘કેસર’કેરીનું આગમન ૧૦ કિલોના રૂ.૫,૫૦૦ ભાવ બોલાયા



### ઉનાળાના પ્રારંભે ગીરની સુગંધથી મહેક્યું ગોંડલ ફ્રુટ માર્કેટઃ ગીર ગઢડાના ખેડૂતોની કેરી આકર્ષણનું કેન્દ્ર બની

**અબતક,જીતેન્દ્ર આચાર્ય ગોંડલ**

સૌરાષ્ટ્રના વેપારના હાર્દ સમાન અને ગુજરાતના અગ્રેસર ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ઉનાળાના પ્રારંભે જ કેરીના રસિકો માટે ખુશખબર આવ્યા છે. વિશ્વપ્રસિદ્ધ ગીરની ’કેસર’ કેરીનું ગોંડલ ફ્રુટ માર્કેટમાં શુકનવંતુ આગમન થયું છે. સીઝનના પ્રારંભે જ કેરીના ભાવ આસમાને પહોંચતા આ વર્ષે પણ કેસરનો સ્વાદ મોંઘેરો રહે તેવા સંકેતો મળી રહ્યા છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજે ગીર ગઢડા પંથકના ખેડૂતો કેસર કેરીનો મબલખ જથ્થો લઈને વેચાણ માટે આવ્યા હતા. સીઝનની પ્રથમ આવક હોવાથી વેપારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હરરાજી દરમિયાન કેસર કેરીના ૧૦ કિલોના ઊંચા ભાવ રૂ ૫,૫૦૦ બોલાયા હતા, જ્યારે નીચામાં નીચો ભાવ રૂ ૨,૫૦૦ રહ્યો હતો. શરૂઆતના તબક્કે કેરીની આવક મર્યાદિત હોવાથી અને માંગ વધુ હોવાથી ભાવોમાં ઉછાળો જોવા મળ્યો છે. ગોંડલનું ફ્રુટ માર્કેટ માત્ર સૌરાષ્ટ્ર જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં જાણીતું છે. અહીની

(અનુ. આઠમા પાને)

# બગસરાનાં શાળા નં.૧માં મેઘાણી સ્મૃતિનું પૂ. મોરારિબાપુના હસ્તે લોકાર્પણ



**અબતક, રાજકોટ**

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર અને સ્વાતંત્ર્ય-સેનાની ઝવેરચંદ મેઘાણીના વડવાઓના વતન બગસરા (જિ. અમરેલી) સ્થિત ઐતિહાસિક પીએમ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી શાળા નંબર ૦૧ ખાતે મેઘાણી સ્મૃતિનું લોકાર્પણ વિશ્વવંદનીય મોરારિબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. મોરારિબાપુએ મોટી સંખ્યામાં ઉપસ્થિત શાળાનાં વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્યની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયની ગુજરાત સરકાર પ્રેરિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત મેઘાણી સ્મૃતિની સ્થાપના ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.ના આર્થિક સહયોગથી કરવામાં આવી છે. તે સમયની આ ઐતિહાસિક મિડલ સ્કૂલમાં ૧૯૦૭થી ૧૯૦૯ દરમિયાન ઝવેરચંદ મેઘાણીએ અભ્યાસ કર્યો હતો જે ખાસ ઉલ્લેખનીય છે.

રાજકોટ લોકસભા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે. વી. કાકડીયા, માનવ

(અનુ. આઠમા પાને)

# નર્મદા પરિક્રમાના શ્રદ્ધાળુઓને ૧૦ કરોડના ખર્ચે પુરી પડશે સુવિધાઓ

## વીજળી, પાણી, ભોજન, આવાસ, ક્રાઉડ મેનેજમેન્ટ સહિત દરેક રીતે પડખે રહેશે સરકાર



**અબતક,રાજકોટ**

ગુજરાત સરકાર પણ દર વર્ષે યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશાળ પાયે વ્યવસ્થાઓ કરે છે. આ વર્ષે આગામી ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ સુધી ચાલનારી આ ૩૦ દિવસીય નર્મદા પરિક્રમા માટે પણ રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

નર્મદા પરિક્રમાર્થીઓની ‘દુર્ગમ’ યાત્રાને ‘સુગમ’ બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી) દ્વારા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો શ્રદ્ધાળુઓને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થાય; તે માટે અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે મોટા પાયે હંગામી તેમજ કાયમી માળખાકીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫-૨૬માં નર્મદા પરિક્રમા માટે લગભગ રૂ. ૫.૪૧ કરોડના ખર્ચે હંગામી વ્યવસ્થાઓ વધુ મજબૂત

(અનુ. આઠમા પાને)




# સરધાર ગામે પુત્રી રિસામણે આવી જતાં જમાઈ, વેવાઈ-વેવાણનો પાઈપ વડે હુમલો

## તારી દીકરીને અમારા ઘરે નહિ મોકલે તો જોઈ લેશું કહી ધમકી આપી : આજીડેમ પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે ભાવનગર હાઈવે પર આવેલ સરધાર ગામે પુત્રી રિસામણે આવી જતાં જમાઈ, વેવાઈ-વેવાણએ લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. જે હુમલામાં પિતા-પુત્ર ઘવાતા બંનેને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે આજીડેમ પોલિસેં ગુનો તપાસ શરૂ કરી હતી. બનાવ અંગે સરધાર ગામે હરીપર રોડ પર ઉત્સવનગર ક્વાર્ટરમાં રહેતા ૩૮ વર્ષીય યુવાન વીરમભાઈ બચુભાઈ સોલંકીએ આરોપી તરીકે જમાઈ વિજય રામજી વાઘેલા, વેવાઈ રામજી માધાભાઈ વાઘેલા અને વેવાણ હંસા રામજી વાઘેલાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં બે દિકરા તથા ત્રણ દિકરી છે. જેમા ત્રણ દિકરીઓમા મોટી હેતલ (ઉ.વ.૨૫) જે બાબરા ખાતે સાસરે છે. તેનાથી નાની કાજલ જે માંડવા ગામ ખાતેના વિજયભાઈ સાથે ભાગી ગયેલ હતી અને તેનાથી નાની તેજલ (ઉ.વ.૧૩) જે અમારી સાથે રહે છે.

ગઈ તા-૨૮/૦૨/૨૦૨૬ ના રોજ મારી દીકરી કાજલબેન વિજયભાઈ વાઘેલા તેના દિકરા સાથે તેના ઘરેથી અમારા ઘરે આવેલ હતી અને મને જણાવેલ કે, મારે મારા પતિ સાથે બોલાચાલી થયેલ હોય જેથી હું અહી આવતી રહેલ છું. જેથી મે તેને કહેલ કે, કઈ વાંધો નહી તુ અહી રહેજે. બાદ તા-૦૧/૦૩/૨૦૨૬ ના સવારના સમયે કાજલના પતિ વિજયભાઈ રામજીભાઈ વાઘેલા, તેના સસરા રામજીભાઈ માધાભાઈ વાઘેલા તથા સાસુ હંસાબેન રામજીભાઈ વાઘેલા અમારા ઘરે આવેલ અને અમારી સાથે ઝઘડો કરવા લાગેલ હતા. જેથી મેં તેમને સમજાવી અમારા ઘરેથી જતુ રહેવાનુ કહેલ હતુ. ત્યારબાદ ત્રણેય લોકો ત્યાથી જતા રહેલ હતા.બાદ સવારના સાડા દસ વાગ્યે હુ તથા મારો દિકરો નિલેશ અમારા ઘરેથી સતાધાર હોટલે ચા પીવા જતા ત્યારે રસ્તામાં સરધાર ગામ ખાતે સ્વામીનારાયણ મંદીરની સામે બાવાજી સમાજની સમાધી સામે પહોચતા વિજય, રામજીભાઈ તથા હંસાબેન સ્વામીનારાયણ મંદીરની દિવાલ પાછળ બેઠા હોય અમને જોઈ એકાએક આવી ગયેલ અને મને તથા મારા દિકરાને ઉભા રખાવેલ હતા. બાદ અમારી સાથે ઝગડો કરી વિજયએ તેની પાસે રહેલ લોખંડનો પાઈપ મારા દિકરા નિલેશના માથાના ભાગે મારી દેતાં તે પડી ગયેલ હતો. ત્યારબાદ મારા જમણા પગના ભાગે લોખંડનો પાઈપ મારતા ઈજા થયેલ હતી. બાદમાં મને માથાના ભાગે પણ લોખંડનો પાઈપ મારી દેતાં હુ પડી ગયેલ હતો. બાદ તારી દિકરીને અમારા ઘરે નહી મોકલે તો તમને બધાને જોઈ લઈશ તેવી ધમકી રામજીભાઈ અને હંસાબેનએ આપી હતી અને બાદમાં ત્રણેય શખ્સો નાસી ગયેલ હતા. બાદ કોઈકે ૧૦૮ મા ફોન કરતા એમ્બયુલેન્સ આવી ગયેલ હતી અને અમને બંને પિતા-પુત્રને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતી. જયા તબીબે ફરિયાદીના જમણા પગમાં ફ્રેક્ચર થયાનું જાહેર કર્યું હતું. મામલામાં આજીડેમ પોલિસેં જમાઈ, વેવાઈ-વેવાણ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# અમારા ગ્રાહકને કેમ બીજે મોકલે છે કહી પાનના ધંધાર્થી પર પાડોશી સાળા-બનેવીનો હુમલો

## ભલે દુકાન મૂકીને જવું પડે પણ તારી જિંદગી બગાડી નાખીશું તેવી ધમકી આપી ફડાકા-ઢીકાપાટુનો માર માર્યો

**અબતક, રાજકોટ**

યુનિવર્સિટી પર પાનની દુકાન ધરાવનાર યુવાનને બાજુમાં તાળા-ચાવીની દુકાન ધરાવનાર વેપારી અને તેના સાળાએ મળી માર માર્યો હતો. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

યુનિવર્સિટી રોડ પર વિમલનગર ચોક પાસે શિવધામ સોસાયટી બ્લોક નંબર ૪૫ શેરી નંબર ૨ માં રહેતા ભાવિનભાઈ મનસુખભાઈ વાછાણી (ઉ.વ.૪૦) દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધીરુભાઈ અને તિલકભાઈના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને યુનિવર્સિટી રોડ પર તીર્થરાજ એપાર્ટમેન્ટમાં જી.પટેલ નામની પાનની દુકાન આવેલી છે.

ગઈ તા. ૧૪/૩ ના સાંજના પાંચેક વાગ્યા આસપાસ તે અહીં દુકાને હતો ત્યારે બે અજાણ્યા શખસો વારાફરતી તેમની દુકાને આવ્યા હતા અને પૂછ્યું હતું કે, બાજુમાં ચાવીવાળા ભાઈ ક્યાં છે? જેથી યુવાને કહ્યું હતું કે, તે ચાવી બનાવવાના કામકાજથી બહાર જતા હોય છે તમારે ઉતાવળ હોય તો તમે બાજુની બિલ્ડિંગમાં જતા રહો ત્યાં પટેલ ચાવીવાળા છે આથી આ બંને ત્યાં જતા રહ્યા હતા.

ત્યારબાદ સાંજના ૬:૩૦ વાગ્યા આસપાસ ધીરુભાઈ અને તેના સાળા તિલકભાઈ બંને અહીં દુકાને આવ્યા હતા અને કહેવા લાગ્યા હતા કે, અમારા ગ્રાહકોને કેમ બીજે મોકલો છો? જેથી યુવાને કહ્યું હતું કે, તમારા ગ્રાહકો મેં ક્યાંય મોકલેલ નથી તેમને મોડું થતું હતું જેથી મેં તેમને બીજે મોકલેલ હતા. દરમિયાન આ બંનેએ ઉશ્કેરાય ગાળો આપવા લાગ્યા હતા તિલકે પ્લાસ્ટિકનું ટેબલ ઉપાડી છૂટો ઘા કર્યો હતો બાદમાં દુકાનના ઓટા પર ચડી બંને યુવાનને લાફા અને ઢીકાપાટુનો મારમાર્યો હતો તેમજ ફાકીના મશીનો છૂટો ઘા કરતા ઓટા પર પડતા ઓટો તૂટી ગયો હતો. દરમિયાન અહીં દેકારો થતા આ બંને શખસોએ કહ્યું હતું કે, અમારે ભલે દુકાન મૂકીને જવું પડે પણ તારી જિંદગી બગાડી નાખીશું. આમ કહી આ બંને શખસો અહીંથી જતા રહ્યા હતા બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# થાનમાં બકરાની બલી વેળાએ રેડ પડાવ્યાનો ખાર રાખી પ્રૌઢ પર હુમલો

## બે વર્ષ પૂર્વે માતાજીના માંડવામાં બકરાની બલી અટકાવ્યાની શંકાએ પાડોશી પિતા-પુત્રએ માર માર્યો

**અબતક,રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં બકરાની બલિ ચડાવતા રેડ પડાવ્યાનો ખાર રાખી પ્રૌઢ પર પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા દેવજીભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.મળતી વિગત મુજબ, થાનગઢની મહાત્મા ગાંધી સોસાયટીમાં રહેતા અને કારખાનામાં મજૂરી કામ કરતા દેવજીભાઈ જીવાભાઈ મુછડીયા (ઉં.વ. ૪૪) ગઈકાલે સાંજે ૭ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ દરમિયાન પડોશમાં રહેતા ગોવિંદ પરમાર અને તેના પુત્ર જીતેન્દ્ર પરમારે અચાનક ઘરમાં ઘુસીને દેવજીભાઈ પર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો.હુમલામાં તેમને પગમાં ફ્રેક્ચર થયું હતું. ઈજાગ્રસ્તને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.ભોગ બનનાર દેવજીભાઈના જણાવ્યા અનુસાર, હુમલાખોર ગોવિંદ સાથે તેમને છેલ્લા બે વર્ષથી મનદુઃખ ચાલતું હતું. બે વર્ષ પહેલાં ગોવિંદે માતાજીનો માંડવો યોજ્યો હતો, જેમાં બકરાની બલી ચડાવવાની તૈયારીઓ હતી. તે સમયે પોલીસ અને તંત્ર દ્વારા ત્યાં રેડ કરવામાં આવી હતી. આરોપીઓને એવી શંકા હતી કે આ રેડ દેવજીભાઈએ કરાવી છે. આ જૂની અદાવતનો ખાર રાખીને ગઈકાલે પિતા-પુત્રએ હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે.હાલમાં દેવજીભાઈ રાજકોટ ખાતે સારવાર હેઠળ છે. આ મામલે થાનગઢ પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# બેંકમાંથી કેશીયરની નજર ચૂકવી રોકડ સેરવી જનાર મહેશ ગુર્જર પાસામાં ધકેલાયો

## પાસા વોરંટની બજવણી કરી જૂનાગઢ જેલ ખાતે ધકેલી દેવાયો : એ ડીવીઝન પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણા ટીમની કામગીરી

**અબતક, રાજકોટ**

બેંકમાં નોટ બદલવાના બહાને આવી કેશીયરને રૂ. ૨૦ હજારનું ૨૦૦ ની નોટનું બંડલ આપી ૫૦૦ ની નોટનું બંડલ મેળવી લઈ તેમાંથી નાણાં સેરવી હવે મારે જૂની નહિ ફ્રેશ નોટ જોઈએ છે કહી બંડલ પરત આપી નાસી જવાની મોડસ ઓપરેન્ડીથી ચોરી કરતા ભોપાલના શખ્સને પાસાના પાંજરે પુરી જૂનાગઢ જેલ ખાતે ધકેલી દેવાયો હતો.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ભુપેન્દ્ર રોડની ફેડરલ બેંકમાંથી મહિલા કેશીયર પાસેથી ૨૦ હજારનું ૫૦૦ ની નોટનું બંડલ માંગી સામે ૨૦૦ ની નોટનું બંડલ આપવાનું કહી રૂ ૨૦ હજાર સેરવી લેવાયા હતા. આ જ મોડસ ઓપરેન્ડીથી લીમડા ચોક નજીક આવેલી ઉજીવન સ્મોલ ફાયનાન્સ બેંકમાંથી રૂ. ૨૦ હજાર, સાધુ વાસવાણી રોડ પરની આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂ. ૧૦ હજાર, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂ. ૨૦ હજાર અને અયોધ્યા ચોક નજીક આવેલી આઈડીએફસી બેંકમાંથી રૂ. ૨૦ હજાર એમ કુલ પાંચ બેંકના



કેશીયરની નજર ચૂકવી રૂ. ૯૦ હજાર સેરવી લેવાયા હતા. જે મામલે એ ડિવિઝન પોલિસેં મહેશ દેવીલાલ ગુર્જર(ઉવ ૨૫) અને સૌરભ કુશવાહા (ઉવ ૨૬ બંને રહે. ભોપાલ)ની ધરપકડ કરી તેમની પાસેથી રૂ. ૯૦ હજારની રોકડ રિકવર કરી હતી.

ઝડપાયેલા શખ્સો પૈકી મહેશ ગુર્જર જ બેંકમાં ચોરીને અંજામ આપતો હોય અને તેના વિરુદ્ધ પાંચ ગુના નોંધાયા હોય એ ડિવિઝન પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણા દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી જે દરખાસ્તને પોલિસ કમિશ્નરે મંજૂરી આપતાં પાસા વોરંટની બજવણી કરી મહેશ ગુર્જરને જૂનાગઢ જેલ ખાતે ધકેલી દેવાયો હતો. આ કામગીરી એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર, પીએસઆઈ એસ એમ રાણા, એએસઆઈ બી વી ગોહિલ, એમ એસ મકવાણા, બી બી પરમાર, હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બોરીચા, મહેશભાઈ ચાવડા, કરણભાઈ વિરસોડિયા, પ્રવીણભાઈ સોનારા, કનુભાઈ બસિયા, સાગરભાઈ માવદિયા, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને તેજસભાઈ ડેર દ્વારા કરવામાં આવી હતી.

# ગઢકા ગામે અમૂલ ફેક્ટરીની લેબર કોલોનીમાં યુવકનો આપઘાત

## શ્રમિકે ઓરડીમાં અગમ્ય કારણોસર ગળાફાસો ખાઈ જીવન ટૂંકાવ્યૂ, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

શહેરના ભાવનગર રોડ પર આવેલા ગઢકા ગામ પાસે આવેલી અમૂલ ફેક્ટરીની લેબર કોલોનીમાં રહીને મજૂરી કામ કરતા યુવાને અગમ્ય કારણોસર ગળાફાસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ છે. બનાવને લઈ પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ગઢકા ગામ પાસે આવેલી અમૂલ ફેક્ટરીની લેબર કોલોનીમાં રહેતા નીરજ રામકિશનભાઈ કોલ (ઉં ૩૦)એ બપોરના આશરે ૨:૦૦ વાગ્યાની આસપાસ ફેક્ટરીની લેબર કોલોનીમાં આવેલી ઓરડીમાં હતા ત્યારે કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે ૧૦૮ના ઈએમટી રાજીબેન દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. રાત્રે ૮:૨૫ કલાકે તબીબોએ યુવાનને મૃત જાહેર કર્યો હતો. બનાવને અંગે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે . યુવાને કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક નિરજભાઈ મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

# વેલનાથપરામાં પરિણીતાએ ફિનાઈલ ગટગટાવ્યું

## મહિલાએ ગૃહ કલેશથી કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો

**અબતક,રાજકોટ**

શહેરના મોરબી રોડ પર આવેલા વેલનાથ પરા વિસ્તારમાં ગૃહકલેશથી કંટાળીને ૩૦ વર્ષીય પરિણીતાએ ફિનાઈલ પી લેતા ચકચાર મચી ગઈ છે. મહિલાની હાલત લથડતા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી રોડ પાસે આવેલા વેલનાથ પરા-૨૮માં રહેતા માયાબેન નયનભાઈ જેઠવા (ઉં.વ. ૩૦) ગઈકાલે રાત્રે આશરે ૯:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ દરમિયાન કૌટુંબિક કંકાસ અથવા ગૃહકલેશથી કંટાળી જઈને તેમણે ફિનાઈલ ગટગટાવી લીધું હતું. ઘટનાની જાણ પરિવારજનોને થતા જ તેઓ તાત્કાલિક સારવાર અર્થે માયાબેનને સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે માયાબેનના પતિ નયનભાઈ સફાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આ દંપતીને સંતાનમાં એક દીકરી પણ છે. બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસે હોસ્પિટલ પહોંચી માયાબેનનું નિવેદન લેવા અને ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ ચલાવી રહી છે

# નાણાવટી ચોકમાં પિતા પુત્ર એ યુવાન પર કર્યો હુમલો

## અમારો દારૂનો ધંધો ચાલુ હોય ત્યારે અહીંથી કેમ નીકળશ?'' તેમ કહી યુવાન પર પાઈપ વડે માર માર્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં માથાભારે તત્વોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, ત્યારે નાણાવટી ચોક વિસ્તારમાં કુખ્યાત આરોપી બાબા ખાન અને તેના પુત્ર રાજા પઠાણે યુવાન પર લોખંડના પાઈપ વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. યુવાનને ઢોર માર મારી હાથ ભાંગી નાખતા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.મળતી વિગત મુજબ, નાણાવટી ચોક પાસે પરમેશ્વર સોસાયટીમાં રહેતો આફતાબ અનીશભાઈ મેમણ (ઉં.વ. ૨૨) ગઈકાલે સાંજે સાત વાગ્યાના અરસામાં આરએમસી ક્વાર્ટરમાં રહેતા તેના માસી મુમતાઝબેનના ઘરે ગયો હતો. ત્યાંથી પરત ફરીને ખોડિયાર હોટલ પાસે ઉભો હતો, ત્યારે વિસ્તારના કુખ્યાત શખ્સ બાબા ખાન, તેના પુત્ર રાજા પઠાણ અને અન્ય સાગરીતો ત્યાં ધસી આવ્યા હતા. ઈજાગ્રસ્ત આફતાબે હોસ્પિટલના બિછાનેથી આક્ષેપ કર્યો હતો કે, આરોપીઓએ તેને જોતા જ ગાળો ભાંડી હતી અને કહ્યું હતું કે, અમારો દારૂનો ધંધો ચાલુ હોય ત્યારે તું અહીંથી કેમ વારંવાર નીકળે છે? આટલું કહી ઉશ્કેરાયેલા શખ્સોએ લોખંડના પાઈપ વડે આફતાબ પર હુમલો કરી દીધો હતો. માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેમાં યુવાનનો હાથ ભાંગી ગયો હતો. લોહીલુહાણ હાલતમાં આફતાબને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આફતાબ સ્વીગીમાં ડિલિવરી બોય તરીકે કામ કરીને પરિવારને મદદરૂપ થાય છે. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી કુખ્યાત પિતા-પુત્રની ટોળકીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.


નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પ. વિભાગ,

જાહેર નિવિદા નં.૧૦ સને ૨૦૨૫-૨૬

૧. પ્રોવાઈડિંગ મેન પાવર ફોર ઈમ્પિમેન્ટેશ ઓફ હોટ વેધર સિઝન-૨૦૨૫ એન્ડ પ્રિ-ખરીફ સિઝન યર-૨૦૨૬ ફોર હરપાલ સાગર (બ્રાહ્મણી-૧) ઈરીગેશન સ્કિમ.. (અંદાજીત રકમ રૂ. અંદાજીત રકમ રૂા. ૮૫,૭૬૬-૦૦)

૧. કાર્યપાલક ઈજનેરશ્રી ,સિચાઈ વિભાગ ,તાલુકા સેવા સેવા સદન ,-રૂમ નં ૧૫૨ થી ૧૫૫ લાલ બાગ , મોરબી, ૩૬૩૬૪૨ ગુજરાત રાજ્ય ) ( ફોન -૦૨૮૨૨ ૨૪૧૦૩૫) ૨. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ પેટા વિભાગ , સરકારી દવાખાનું અને ભવાની મેડીકલ સામે, હળવદ-૩૬૩૩૩૦ માહીતી ખાતાની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોઈ શકાશે .(ટેન્ડરમાં હવે પછીનો કોઈ પણ સુધારો ફક્ત ઓફ-લાઈન જ મુકવામા આવશે.) ઓફલાઈન બીડ મેળવવા માટેની છેલ્લી તા.૧૬/૦૩/૨૦૨૬ ૧૮.૦૦ કલાક અને બીડ ભરીને મોકલવાની છેલ્લી તારીખ ૨૩/૦૩/૨૦૨૬ ૧૨.૦૦ કલાક IST સુધીમાં મોકલવાના રહેશે.

માહિતી -રાજ-૧૯૮૨-૨૫-૨૬


# પરિવાર દ્વારકા ફરવા ગયો અને તસ્કર ત્રાટક્યાં : રૂ. ૪.૩૦ લાખની મતાની ચોરી

## વિમલનગર ગાર્ડન સામેના બંધ મકાનમાં ચોરી કબાટની તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ ઉઠાવી નાસી છૂટેલા તસ્કરોને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા

**અબતક, રાજકોટ**

વિમલનગર ગાર્ડન સામેના બંધ મકાનમાંથી ચોરીનો બનાવ સામે આવ્યો છે. પરીવાર દ્વારકા ફરવા ગયો અને તસ્કરો રૂ.૪.૩૦ લાખની મતા ઉસેડી જતાં તસ્કરોને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.બનાવ અંગે વિમલ નગર ગાર્ડન સામે રહેતાં નીલેશભાઈ મનુભાઈ વાજા (ઉ.વ.૪૬) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પત્ની રુપલબેન દીકરી જીયાબેન અને પુત્ર સાથે રહે છે. તેઓ શક્તિ ફુટવેર નામે પુષ્કરધામ મેઈન રોડ ઉપર દુકાન આવેલ હોય ત્યા બેસી વેપાર કરે છે.

ગઈ તા. ૧૩ ના રાત્રીના અગીયારેક વાગ્યાની આસપાસ તેઓ પરીવાર સાથે દ્વારકા મંદીર ખાતે દર્શન કરવા જવા માટે ઘરને તાળા મારી નીકળેલ હતા. દ્વારકાથી ભગવાનના દર્શન કરી તા.૧૫ ના વહેલી સવારે પાંચેક વાગ્યાની આસપાસ ઘરે પરત આવેલ અને ઘરનુ તાળુ ખોલી જોતા ઘરના પાછળના નવેરાનો દરવાજો ખુલ્લો હતો અને દરવાજાનો નકુચો તુટેલો હતો, જેથી ઘરમા ચેક કરતા રૂમમા રાખેલા કબાટની ચાવી કબાટની સામે રાખેલ ડ્રેસીંગ ઉપર રાખેલ હોય જે ચાવી લઈ કબાટની અંદર ખોલીને જોયુ તો કબાટની તેજોરી ચેક કરતા તેજોરીમા રાખેલ સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂપીયા જોવા મળેલ નહી.જેમાં અલગ સોનાના અને ચાંદીના દાગીના તેમજ રોકડ રૂ.૮૦ હજાર મળી કુલ રૂ. ૪.૩૦ લાખનો મુદામાલ કોઈ અજાણ્યો ચોર ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. જે બનાવનો ગંભીરતા જોઈ એલસીબી ઝોન-૨ ની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી.


**Rajkot Municipal Corporation**
**Water Management Unit**
*E-tender Notice*

Rajkot Municipal Corporation, Water Management Unit, Dr. Ambedkar Bhavan, Dhebarbhai Road, Rajkot-360 001, invites two bid system (Technical & Price bid) from the contractors registered in appropriate class and having experience for following works:

1. Preventive Operation & Maintenance Work of Sardar Vallbhbhai Patel Swimming Pool for Two years.

The last date for downloading and submission of online Bid at www.rmctender.nprocure.com is from 18-03-2026 to 01-04-2026.

**Sd/- Add City Engineer**


# હાઈકોર્ટે પાંચ ન્યાયમૂર્તિને પ્રીમેચ્યોર રિટાયરમેન્ટ આપી દેતા ખળભળાટ

## મોરબીના જજ પ્રથમેશ શ્રીવાસ્તવ, પ્રશાંત જોશી,પોરબંદરના એમ.એફ.મંડલી અને ધોરાજીના અલીહુસેન શેખને રીમુવ કર્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યના પાંચ ન્યાયમૂર્તિઓને પ્રી મેચ્યોર રીટાયરમેન્ટ આપી દેતા ન્યાયતંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. મળતી માહિતી મુજબ જેવોને પ્રી મેચ રિટાયર કરી દેવામાં આવેલ છે તેમાં મોરબીના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક જજ પ્રથમેશ વિનોદચંદ્ર શ્રી વાસ્તવ, પ્રશાંત વિનોદરાય જોશી પોરબંદરના એમ.એફ.મંડલી રાજકોટ જિલ્લા ના ધોરાજી ખાતે ફરજ બજાવતા અલીહુસેન શેખ અને અરવલ્લી જિલ્લાના મોડાસાના અધિક જજ કીર્તિ કુમાર જયંતીલાલ દરજીનો સમાવેશ થાય છે. હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત પાંચ જજને રીમુવ કરવાનો અને અમલની તાત્કાલિક અમલવારી કરવાના આદેશને પગલે ગુજરાત સરકારના કાયદા વિભાગે આ હુકમની બજવણી આ પાંચેય જજોને કરી દેવાતા ન્યાયતંત્રમાં ખળભળાટ મચી જવા પામી છે. હાઈકોર્ટની ભલામણથી આ પાંચેય જજને પ્રીમેચ્યોર નિવૃત કરવામાં આવ્યા છે.


**જાહેર નોટીસ**

જન્મ-મરણ કેસ નં.૨૧/૨૦૨૬

શ્રી સંદિપ પોપટલાલ પટેલ ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, ગોડલ ...........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રીનો જન્મ તા. ૧૫/૧૦/૧૯૬૪ ના રોજ ગોડલ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોડલ (શહેર) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીકકો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોડલ (શહેર)



**સીવીલ કોર્ટ નોટીસ**

રાજકોટના મહે પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી સી. વી. રાણા સાહેબની કોર્ટમાં,
રૂમ નં. ૧૦૧ દિ.પ.અ.નં ૨૯/૪/૨૦૨૫

અરજદાર જાગૃતિબેન જયતિભાઈ ખજુરીયા, રહે સિધ્ધાર્થ, પ્રહલાદ પ્લોટ, શેરી નં.૪૩, રાજકોટનાએ ગુજરનાર જયંતિભાઈ ત્રીભોવનદાસ ખજુરીયાની નીચે જણાવેલ મિલ્કત માટે અંત્રેની અદાલતમાં દિ.પ. અ નં૨૯/૪/૨૦૨૫ થી વારસા સર્ટી મેળવવા અરજી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) સ્વ.જયંતીભાઈ ત્રીભોવનદાસ ખજુરીયા સ્થાવર મિલ્કતોનુ વર્ણન નીચે મુજબ છે.

રાજકોટ શહેરના પ્રહલાદ પ્લોટ વિસ્તારમાં શેરી નંબર ૪૩ માં આવેલ ''સીધાર્થ'' મકાન કે જેના સર્વે નં.૪૪૦ પૈકી, પ્લોટ નં.ર, ટી.પી. સ્કિમ નં.ર, ના ઓરીજીનલ પ્લોટ નં.૬૧/૨, ૬૫/૧ ના ફાયનલ પ્લોટ નં.૩૪૪ પૈકી સીટી સર્વે વોર્ડ નં.૧૫/૨, સીટી સર્વે નં.૩૯૫૩/બ/રે ની જમીન ચો.મી.આ. ૩૧૨૭-૧૨ પૈકીની તેનો ૫૦% હિસ્સો ગુજરનાર સ્વ.જયંતીભાઈ ત્રીભાવનદાસ ખજુરીયા ના નામે આવેલ છે.

(૫) સ્વ.જયંતીભાઈ ત્રીભોવનદાસ ખજુરીયા જંગમ મિહલ્કતોનુ વર્ણન નીચે મુજબ છે.
૧. સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા ખાતા નંબરઃ- ૧૩૭૨૮૧૯૯૬૧
૨. રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી. ફીકસ ડીપોઝીટ રસીદ નંબર ખાતા નંબર :- ૧૧૫૨૫
૩. સ્વ.પદમાબેન જયંતીભાઈ ખજુરીયાના જુદી જુદી કંપનીમાં રોકાણ કરેલ શેર તથા મ્યુચીયલ ફંડ ની વિગતો.

જો તેમાં કોઈને કોઈ વાંધો તકરાર હોય તો તેમણે તા.૨૦/૪/૨૬ ના રોજ અત્રેની અદાલતમાં કલાક ૧૦:૩૦ વાગ્યે હાજર રહેવું અને વાંધા જવાબ રજુ કરવા, ગેરહાજર રહયે આગળનો યોગ્ય તે હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

(એચ.આર. વ્યાસ)
રજીસ્ટ્રાર, પ્રીન્સીપાલ 'સીનીયર સીવીલ કો.
રાજકોટ.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર
(એમ.બી.ગાબુ)
આસીસ્ટન્ટ



સેની.જા.નં.૧૨૪૮ જેતપુર – નવાગઢ નગરપાલિકા તા.૧૨/૦૩/૨૦૨૬

**:: જાહેર નિવિદા ::**

આ નગરપાલિકા માટે સેનીટેશન શાખા હસ્તક આ નીચે મુજબના ગ્રાન્ટના કામ કરવા ઓનલાઈન ટેન્ડરોથી ભાવ મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનુ નામઃ- સ્વચ્છ શહેર સુંદર શહેર અંતર્ગત BEAUTIFICATION OF THE CITY | |
| કામની સમય મર્યાદાઃ- ૬ માસ | |
| ઈ.એમ.ડી. :- ૩૭૦૦૦/- | ટેન્ડર ફીઃ- ૨૫૦૦/- |
| વેબ સાઈટનું નામઃ- | www.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમયઃ- | તા. ૨૦/૦૪/૨૦૨૬ ૬:૦૦ PM |
| ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા જરૂરી ડોકયુમેન્ટ સ્પીડ પોસ્ટ/ રજી.એ.ડી થી પોહચતા કરવાની તારીખ, સમય તથા સરનામું | તા. ૨૪/૦૪/૨૦૨૬ ૬:૦૦ PM |
| ફિઝીકલ ડોકયુમેન્ટ ખોલવાની તારીખ | તા. ૨૭/૦૪/૨૦૨૬ ૪:૩૦ PM |
| પ્રાઈઝબીડ ખોલવાની તારીખ | તા. ૨૭/૦૪/૨૦૨૬ ૪:૩૦ PM |

કામ અંગે વધારે માહિતી માટે ઉપરોકત વેબસાઈટ જોવા વિનંતી. સદર કામ ના ફીસીકલ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે

પાર્થીવ પરમાર
ચીફ ઓફીસર
જેતપુર–નવાગઢ નગરપાલિકા

મેનાબેન.આર.ઉસદડીયા
પ્રમુખ
જેતપુર–નવાગઢ નગરપાલિકા

માહિતી -રાજ-૧૯૭૪-૨૫-૨૬

તંત્રી લેખ

# એઆઈઃ માનવજાત માટે વરદાન કે અભિશાપ?

આજના આધુનિક યુગમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' એટલે કે એઆઈ હવે માત્ર વિજ્ઞાન કથાઓનો વિષય રહ્યો નથી, પરંતુ આપણા રોજિંદા જીવનનો એક અતૂટ હિસ્સો બની ગયો છે. સ્માર્ટફોનથી લઈને મોટી ઔદ્યોગિક મશીનરી સુધી, દરેક જગ્યાએ એઆઈનો પ્રભાવ સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ ટેકનોલોજી માનવ જીવનને સરળ અને ઝડપી બનાવી રહી છે, પરંતુ તેની સાથે માનવજાત સમક્ષ અનેક નવા અને જટિલ પ્રશ્નો પણ ઊભા કરી રહી છે.

આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે એઆઈએ મોટી ક્રાંતિ લાવી છે. ડોક્ટરોને જટિલ રોગના નિદાનમાં મદદ કરવાથી લઈને ખેડૂતોને હવામાનની અને પાકની સચોટ માહિતી આપવા સુધી, એઆઈના ફાયદા અગણિત છે. ઔદ્યોગિક ઉત્પાદન અને સપ્લાય ચેઈનમાં પણ ઓટોમેશનના કારણે ઝડપ અને ચોકસાઈ વધી છે, જે ઉત્પાદન ખર્ચ ઘટાડીને અંતે આર્થિક વિકાસને વેગ આપે છે.

જોકે, એઆઈના આ વધતા વ્યાપ વચ્ચે સૌથી મોટી ચિંતા રોજગારીને લઈને છે. સામાન્ય વર્ગના મનમાં એક ડર ઘર કરી ગયો છે કે મશીનો અને સોફ્ટવેર ધીમે ધીમે માણસોની જગ્યા લઈ લેશે. ખાસ કરીને ડેટા એન્ટ્રી, ગ્રાહક સેવા અને કેટલીક રિપીટ થતી કામગીરીઓ હવે એઆઈ મોડેલ્સ વધુ ઝડપથી અને ચોકસાઈથી કરવા લાગ્યા છે, જેના કારણે પ્રાથમિક સ્તરની નોકરીઓ પર સીધો ખતરો મંડરાઈ રહ્યો છે.

આ ડર વ્યાજબી હોવા છતાં, એ સમજવું પણ એટલું જ જરૂરી છે કે જ્યારે પણ કોઈ નવી ટેકનોલોજી આવે છે, ત્યારે તે જૂની નોકરીઓ ખતમ કરે છે પણ સાથે નવી તકો પણ ઊભી કરે છે. એઆઈના આગમનથી મશીન લર્નિંગ, ડેટા સાયન્સ અને સિસ્ટમ મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં લાખો નવી નોકરીઓનું સર્જન થયું છે. આ બદલાતા સમયમાં યુવાનોએ બજારની માંગ મુજબ પોતાની સ્કિલ્સ અપગ્રેડ કરવી જ પડશે.

રોજગારી ઉપરાંત એઆઈનો બીજો અને વધુ ગંભીર ખતરો સાયબર ક્રાઈમ અને ડીપફેક ટેકનોલોજીનો છે. આજે કોઈ પણ વ્યક્તિનો અવાજ કે ચહેરો ક્લોન કરીને આબેહૂબ ફેક વિડીયો બનાવી શકાય છે. આવા વિડીયો અને ઓડિયોનો ઉપયોગ કરીને લોકોને બ્લેકમેલ કરવાના અને આર્થિક છેતરપિંડી કરવાના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. સાયબર ગુનેગારો માટે આ ટેકનોલોજી એક નવું અને ખતરનાક હથિયાર બની ગઈ છે.

આ ઉપરાંત, ડેટા પ્રાઈવસી એ પણ આવનારા સમયનો એક સળગતો મુદ્દો છે. એઆઈ સિસ્ટમ્સને ટ્રેન કરવા અને ચલાવવા માટે વિશાળ ડેટાની જરૂર પડે છે, અને આ ડેટા મોટાભાગે સામાન્ય નાગરિકોનો હોય છે. આપણા અંગત ડેટાનો વ્યવસાયિક કંપનીઓ કે અન્ય તત્વો દ્વારા દુરુપયોગ ન થાય તે સુનિશ્ચિત કરવું અત્યંત કઠિન બની ગયું છે, જેની સીધી અસર વ્યક્તિગત સ્વતંત્રતા પર પડે છે.

આવી વિકટ પરિસ્થિતિમાં સરકાર અને નીતિ ઘડવૈયાઓની જવાબદારી અનેકગણી વધી જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના વૈશ્વિક નેતાઓએ પણ એઆઈના નૈતિક અને સુરક્ષિત ઉપયોગ પર વારંવાર ભાર મૂક્યો છે. સરકારે ઝડપથી એવા કડક નિયમો અને માળખું બનાવવું પડશે જે ટેકનોલોજીકલ નવીનતાને રોક્યા વિના નાગરિકોના હિતોનું રક્ષણ કરે. કાયદાકીય જોગવાઈઓ સાથે સાયબર સિક્યોરિટી માળખું વધુ મજબૂત બનાવવું પડશે.

અંતમાં, આપણે એ સ્વીકારવું જ રહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ માનવીય મગજની જ એક ઉપજ છે. તે માનવતાના વિકાસ માટેનું એક સાધન છે, આપણો માલિક નથી. જ્યાં સુધી માણસમાં લાગણી, નૈતિકતા, સમજણ અને સર્જનાત્મકતા જીવંત છે, ત્યાં સુધી કોઈ પણ મશીન તેની સંપૂર્ણ જગ્યા લઈ શકશે નહીં. આપણે એઆઈનો ડર રાખવાને બદલે તેને આપણા વિકાસના સાથી તરીકે સ્માર્ટ રીતે ઉપયોગ કરતા શીખવું પડશે.


[signature]

---

સદગુરુ સદન ટ્રસ્ટ દ્વારા

# સદગુરુ આશ્રમ ખાતે ગુરૂવારથી ૧૫ દિવસીય 'રામનવમી મહોત્સવ' ભક્તિભાવ સાથે ઉજવાશે

## રામચરિત માનસના સમૂહ પાઠ અને મહાપ્રસાદનો ત્રિવેણી સંગમઃ સંગીત સમ્રાટ રામાયણી પ્રભુદાસજી અગ્નિહોત્રી કરાવશે રામાયણ ગાન



**અબતક, રાજકોટ**

સદ્ગુરુદેવ રણછોડદાસજી બાપુની અસીમ કૃપા અને પ્રેરણાથી રાજકોટ સ્થિત સદ્ગુરુ આશ્રમ ખાતે તા. ૧૯/૦૩/૨૦૨૬ થી તા. ૦૨/૦૪/૨૦૨૬ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના પ્રારંભે ચૈત્ર સુદ એકમથી નોમ સુધી દરરોજ સવારે સદ્ગુરુ પૂજન બાદ ચિત્રકુટના વિખ્યાત સંગીત સમ્રાટ રામાયણી પ્રભુદાસજી અગ્નિહોત્રીના વ્યાસપીઠ સ્થાને 'રામચરિત માનસ'ના સમૂહ પાઠનું અમૃતમય રસપાન કરાવવામાં આવશે. આ દરમિયાન રામ જન્મોત્સવ, રામ વિવાહ અને રામરાજ્યાભિષેક જેવા પ્રસંગો ભક્તિભાવપૂર્વક ઉજવાશે. ખાસ કરીને ૨૭ માર્ચના રોજ રામનવમી નિમિત્તે ભગવાન રામનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે અને આશ્રમ સામેના ગ્રાઉન્ડમાં બપોરે ૧૨ થી ૨ વાગ્યા દરમિયાન વિશાળ ફરાળી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવ દરમિયાન બાપુના મહાસમાધિ દિવસ (ચૈત્ર સુદ-૧૩, તા. ૩૧/૦૩/૨૦૨૬) નિમિત્તે વિશેષ ધાર્મિક વિધિઓ યોજાશે, જેમાં સવારે ષોડષોપચાર સમૂહ પૂજન, રામરક્ષા સ્તોત્ર, અભિષેક અને પુષ્પાંજલિના કાર્યક્રમો રહેશે. બપોરે માસ્તાન બ્રહ્મભોજન અને દક્ષિણા બાદ સર્વ ભક્તો માટે મહાપ્રસાદ પીરસવામાં આવશે. બપોર પછી બાપુનું ચરણ પાદુકા પૂજન અને સંગીતમય સુંદરકાંડના પાઠ બાદ અખંડ રામચરિત માનસ પાઠનો પ્રારંભ થશે, જેની પૂર્ણાહુતિ બીજા દિવસે થશે. આ પવિત્ર દિવસોમાં ભારતભરમાંથી પધારેલા અસંખ્ય સંતોના અલભ્ય દર્શન તેમજ તેમના ભંડારા અને બાલભોગના દર્શનનો લાભ પણ ધર્મપ્રેમી જનતાને મળશે, જેના માટે વિવિધ દાતા પરિવારોએ પોતાની સેવાઓ અર્પણ કરી છે.

મહોત્સવના અંતિમ ચરણમાં ચૈત્ર સુદ પૂનમ (તા. ૦૨/૦૪/૨૦૨૬) ના રોજ હનુમાન જયંતિ નિમિત્તે મનોકામના સિદ્ધ હનુમાનજી મંદિરમાં મહાપૂજન, હનુમાન બાહુકના પાઠ અને અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨ વાગ્યે અન્નકૂટની આરતી બાદ ભક્તોને પ્રસાદી વિતરણ કરવામાં આવશે અને સાંજે સદ્ગુરુ પૂજન તથા સુંદરકાંડના પાઠ સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થશે. સદ્ગુરુ સદન ટ્રસ્ટ અને રણછોડદાસજી બાપુ આશ્રમ દ્વારા આ તમામ ધાર્મિક કાર્યક્રમો, સમૂહ પૂજન અને મહાપ્રસાદનો લાભ લેવા માટે રાજકોટની ધર્મપ્રેમી જનતા તથા તમામ ગુરુભાઈ-બહેનોને સહપરિવાર પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

---

# સાકળચંદ પટેલ યુનિ.ના વિદ્યાર્થીઓ મેડિકલ હેલ્થ સાયન્સનું જ્ઞાન મેળવી બન્યા 'સ્માર્ટ'

## ગાંધીનગર ખાતે સાંકળચંદ યુનિ. દ્વારા મેડિકલ એન્ડ હેલ્થ સાયન્સિસ વિષયે આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ



**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર દ્વારા નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ગાંધીનગરના સહયોગથી આયોજિત સ્માર્ટ ટેકનોલોજી ફોર મેડિકલ એન્ડ હેલ્થ સાયન્સિસઆંતરરાષ્ટ્રીય પરિષદ ત્રણ દિવસ સુધી ચાલેલા વ્યાપક શૈક્ષણિક ચર્ચા, જ્ઞાન વિનિમય અને વૈજ્ઞાનિક સત્રો બાદ ૧ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

આ પરિષદનું આયોજન સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશ પટેલના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. જે. એમ. વ્યાસ, પદ્મશ્રી અને એસપીયુના પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણીના માર્ગદર્શન હેઠળ આ પરિષદ યોજાઈ હતી. પરિષદના ઓર્ગેનાઈઝિંગ ચેરપર્સન તરીકે ડો. જે. આર. પટેલ, ડિરેક્ટર, હેલ્થ સાયન્સિસ, એસપીયુએ માર્ગદર્શન આપ્યું.

આઈસીએસટીએમએચએસ-૦૨૬ આ ક્ષેત્રની સૌથી મોટી આંતરવિષયક આરોગ્ય પરિષદોમાંથી એક તરીકે ઊભરી આવી, જેમાં દેશવિદેશના શિક્ષણવિદો, સંશોધકો, ક્લિનિશિયન, આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાંતો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ સહિત કુલ ૧,૮૭૮ પ્રતિભાગીઓએ ભાગ લીધો. મલેશિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, વિવિધ આફ્રિકન દેશો તથા યુરોપિયન દેશોમાંથી આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

પરિષદ દરમિયાન થયેલી ચર્ચાઓમાં આરોગ્ય ક્ષેત્રમાં ઝડપથી વિકસતી સ્માર્ટ ટેકનોલોજી જેમ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ હેલ્થ સિસ્ટમ્સ, ટેલિમેડિસિન, પ્રેડિક્ટિવ એનાલિટિક્સ, વેરેબલ હેલ્થ ટેકનોલોજી અને સ્માર્ટ મેડિકલ ડિવાઈસીસની ભૂમિકા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ પરિષદે મેડિકલ વ્યાવસાયિકો, વૈજ્ઞાનિકો, ઈજનેરો અને ટેકનોલોજી નિષ્ણાંતો વચ્ચે આંતરવિષયક સહયોગ માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડ્યું અને આરોગ્ય પ્રણાલીઓમાં આધુનિક ટેકનોલોજીના સંકલનને પ્રોત્સાહન આપ્યું હતું.

આ પરિષદે ગુજરાતને આરોગ્ય નવીનતા, આંતરવિષયક સંશોધન અને ટેકનોલોજી આધારિત મેડિકલ વિકાસ માટે ઊભરતા કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવ્યું છે.

---

# એટલાન્ટિસ હિલ્સ દેરાસરની ચલ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન

## ગુરુ ભગવંતનું વ્યાખ્યાન, ૧૭ ભેદી પૂજા, સ્નાત્ર પૂજા, આંગી, આરતી, પ્રભાવના



**અબતક, રાજકોટ**

જયશેખર મ.સા. ગુરુ ભ.ની પ્રેરણાથી એટલાન્ટિસ હિલ્સ દેરાસરની ચલ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ગુરુ ભગવંતની નિશ્રામાં તા. ૨૧/૩ થી ૨૩/૩ સુધી ત્રિદિવસીય ભવ્યાતિ ભવ્ય ઉત્સવની ઉજવણી કરવામાં આવશે.

હેમવલ્લભ સૂરીશ્વરજી ના આશીર્વાદથી પૂ. દિવ્યપદ્મ વિજયજી મ.સા. અને દેવર્ષિવલ્લભ મ. સા. તથા પૂ. શામાવલ્લભ મ. સાની નિશ્રામાં એટલાન્ટિસ હિલ્સ દેરાસર ખાતે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

૨૧/૩/૨૬, શનિવાર, સવારે ૯.૩૦, ના સ્નાત્ર પૂજા કલ્યાણ સખી વૃંદ મંડળ દ્વારા જેના લાભાર્થી પ્રભાકરભાઈ લક્ષ્મીચંદ કોઠારી આંગીના લાભાર્થી નિરંજનાબેન અશ્વિનભાઈ પારેખ પરિવાર, મહારાજ સાહેબના મુખેથી સમૂહ વ્યાખ્યાન રાત્રે ૯ વાગ્યે, ૨૨/૩/૨૬ રવિવારના સવારે ૯:૩૦ કલાકે અઢાર અભિષેક લાભાર્થી ઈન્દિરાબેન જયસુખલાલ દેશાઈ અને મીનાબેન મૂકેશભાઈ દેસાઈ, વિધિકાર જયેશભાઈ વોરા લતીપુર વાળા, સ્વામીવત્સલ્ય (બપોરે ૧૨ વાગ્યેથી) એટલાન્ટિસ હિલ્સના સભ્યો અને આમંત્રિત મહેમાનો પૂરતું સીમિત છે લીનાબેન ધવલભાઈ મહેતા ખાખરા વાળા, પ્રભાવનાના લાભાર્થી સંઘ જમણના લાભાર્થી, પૂજા ભણાવનાર કલ્યાણ સખી વૃંદ મંડળ, ફૂલની આંગી સ્વ શાંતાબેન નગીનદાસ વોરા હ. ભાવિનભાઈ વોરા, રાત્રે ભાવના ૮ કલાકે ઉપર મુજબના કાર્યક્રમોમાં પધારવા સૌ ભાવિકોને વિનંતી છે.

---

# વીવીપી દ્વારા ઓપન સૌરાષ્ટ્ર પ્રતિભા શોધ ગુજકેટ-૨૦૨૬ યોજાશે

## ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે તક, ૧૮ અને ૨૫ માર્ચના રોજ ઓનલાઈન પરીક્ષા

**અબતક, રાજકોટ**

ધોરણ ૧૨ (સાયન્સ)ના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરિક્ષાની તૈયારી કરવાની અમુલ્ય તક.

સૌરાષ્ટ્ર-કચ્છનીસર્વપ્રથમ સ્વનિર્ભર ડીગ્રી ઈજનેરી કોલેજ તથા ભારતની બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજનારાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત, પ્રમાણિકતા-પારદર્શકતાના પર્યાયરૂપ વી.વી.પી. ઈજનેરીકોલેજ દ્વારા આગામી તારીખ ૧૮/૦૩ ને બુધવાર નારોજ સવારે ૧૦ કલાકેઓપન સૌરાષ્ટ્ર પ્રતિભાશોધ ગુજકેટ-૨૦૨૫ઓનલાઈન મોક ગુજકેટ પરિક્ષાનુ આયોજન કરેલું છે જેની લીંક https://forms.gle/HxnkjiNd1kfGncvm9 તથા તા. ૨૫. ૩.૨૦૨૬ , બુધવાર ના રોજ સવારે ૧૦ કલાકે ઓપન સૌરાષ્ટ્ર પ્રતિભાશોધ ગુજકેટ-૨૦૨૫ ઓનલાઈન મોક ગુજકેટ પરિક્ષાનુ આયોજન કરેલું છે જેની લીંક https://forms.gle/V9uf2Z8qCqoMAyfn9 છે. (લિંક સવારે ૧૦ઃ૦૦ વાગ્યે જ એક્ટિવ થશે. જે રાત્રે ૧૧ વાગ્યા સુધી એક્ટિવ રહેશે.) બંને પરીક્ષા ની લિંક મોબાઈલ પર મેળવવા માટે મો. નં. ૯૧૫૭૭ ૧૬૭૮૧ પર મેસેજ કરવા થી લિંક મળી જશે.

આ એમસીક્યુ ટેસ્ટના પ્રશ્નપત્રો નિષ્ણાંત અને અનુભવી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ છે.ગુજરાત બોર્ડ દ્વારા ગુજકેટ પરિક્ષાનો એકશન પ્લાન જાહેર થયેલ છે, જે અનુસંધાને આગામી તારીખ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ ''એગૃપ, બી ગૃપતથા એબી ગૃપ'' ના અંદાજે ૧૨૫૦૦૦ જેટલા ગુજરાતબોર્ડના તથા અન્ય બોર્ડના સાયન્સના વિદ્યાર્થીઓ કે જેઓ ગુજકેટની પરિક્ષા આપવા જઈ રહ્યા છેતેઓને વી.વી.પી. ઈજનેરી કોલેજ દ્વારા લેવામાં આવતી મોક ગુજકેટ પરિક્ષા એમની ગુજરાત બોર્ડ દ્વારા લેવામાં આવતી ગુજકેટ પરિક્ષા આપવામાં ખુબજ સારો મહાવરો થઈ શકશે અને એમને વિષયવાર પરિક્ષાની તૈયારી કરવામાં પણ ઉપયોગી થશે.વિદ્યાર્થીપોતાના ગ્રુપ એટલે કે એ અથવા બી તેમજ પરિક્ષાનાં માધ્યમ એટલે કે ઈંગ્લીશ અથવા ગુજરાતી મુજબ યોગ્ય લીંક પર કલીક કરી પરિક્ષા આપી શકશે.આ એમસીકયું ટેસ્ટની સફળતા માટે વી.વી.પી. ઈજનેરી કોલેજના આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ તથા સમગ્ર કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.આ પરિક્ષાના આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીયાર, ડો. નરેન્દ્રભાઈદવે, ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છા પાઠવી છે.

---

# કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા નવનાત વણિક સમાજના ચેરમેન વાગડીયા



**અબતક, રાજકોટઃ** રાજકોટ શહેર કોંગ્રેસના સશક્ત નેતા, યુવાનોના પ્રેરણાદાતા અને હજારો કાર્યકરોના માર્ગદર્શક ''ડો. રાજદીપસિંહ જાડેજા નો જન્મદિવસ છે. તેમના જન્મ દિવસ નિમિત્તે રાજકોટ શહેર નવનાત વણિક સમાજ નાં રાજકોટ જીલ્લાના પ્રમુખ યોગેશભાઈ બાવીસી ઉપપ્રમુખ જસ્મીનભાઈ દેસાઈ મહામંત્રી મયુરભાઈ શાહ મંત્રી વિરેનભાઈ મહેતા મંત્રી સમીરભાઈ ધોડદ્રા તથા નવનાત વણિક સમાજ મિડીયા ડિપાર્ટમેન્ટ ચેરમેન જીજ્ઞેશ વાગડીયા તથા હોદ્દેદારો આગેવાનો, સાથે તેમની શુભકામનાઓ પાઠવી હતી.

---

# ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ઉજવાયો વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર માં ગ્રાહક ના અધિકારો માટે કાર્યરત ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ૧૫માર્ચ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ઉપક્રમે સામાહિક ઉજવણીના ભાગરૂપે જ્ઞાનદીપ વિદ્યાલય માં ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૪ માર્ચ ના રોજ જ્ઞાનદીપ વિદ્યાલય માં ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ નાનજીભાઈ ખીમસુરીયા અધ્યક્ષસ્થાને યોજાયેલા સેમિનારમાં જ્ઞાનદીપ વિદ્યાલયનાઆચાર્ય નરેન્દ્રસિંહ પરમાર, ટ્રસ્ટી જીતેન્દ્રસિંહ ચાવડા, રાજનભાઈ, ખ્યાતિબેન વોરા, પીનલબેન ભટ્ટ, સ્વાતિબેન સોલંકી,જ્યેશભાઈ સોલંકી ની આગેવાની માં યોજાયેલા કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ નાનજીભાઈ ખીમસુરીયા , પ્રમુખ પ્રવીણભાઈ ખીમસુરીયા, વિજનસ્કૂલના આચાર્ય ધર્મેન્દ્રસિંહ જાડેજા, એડવોકેટ વિપુલભાઈ સોંદરવા,જયેશભાઈ, અજયભાઈ મકવાણા ,અજયભાઈ પંડ્યા ,રસિકભાઈ પરમાર, મહેશભાઈ પરમાર એ હાજરી આપી, નેશનલ કો ઓપરેટિવ બેન્કના ચેરમેન મનુભાઈ ધાંધલે વિદ્યાર્થીઓને ગ્રાહક અધિકાર વિશે માર્ગદર્શન આપ્યું હતું, તેમણે જણાવ્યું હતું કે ૧૯૬૨ માં અમેરિકામાં સૌપ્રથમ ગ્રાહક ચળવળ નો પ્રારંભ થયો અને અમેરિકાના પ્રમુખ ઝોન કેનેડી એ ગ્રાહક બિલ પર ૧૫/૩/૧૯૬૨ પર સહી કરી ત્યારથી ગ્રાહક દિવસની ઉજવણી કરવામાં આવે છે ગ્રાહકોને આઠ અધિકારો આપવામાં આવ્યા છેમાહિતી, પસંદગી, સલામતી, રજૂઆત, પર્યાવરણ જતન, મૂળભૂત જરૂરિયાત મેળવવાનો અધિકાર સહિત આઠ અધિકારો મળ્યા છે તે અંગે બાળકોને સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખએ આ કાર્યક્રમના સફળ આયોજન બદલ જ્ઞાનદીપ વિદ્યાલય પરિવારનો આભાર માન્યો હતો.

---

# ઈગ્નૂ દ્વારા એડમિશન અને રી-રજિસ્ટ્રેશનની મુદત 30 માર્ચ સુધી લંબાવાઈ

**અબતક, રાજકોટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૂ, સેન્ટ્રલ યુનિવર્સિટી)ના જાન્યુઆરી ૨૦૨૬ના સત્રમાં ઓનલાઈન એડમિશન ફોર્મ (સર્ટીફિકેટ,સેમેસ્ટર,મેરીટ બેઝ્ડ સિવાયના કાર્યક્રમો, લેટ ફી વગર) અને રીરજિસ્ટ્રેશનના ઓનલાઈન ફોર્મ (સેમેસ્ટર બેઝ્ડ સિવાયના કાર્યક્રમો, રૂ.૨૦૦/લેટ ફી સાથે) જમા કરવાની મુદત 30 માર્ચ સુધી વધારવામાં આવી છે. ડિપ્લોમા, બેચલર અને માસ્ટર ડિગ્રીના તમામ કાર્યક્રમોમાં ઓનલાઈન એડમિશન ચાલુ છે. ઈગ્નૂ ના ફ્લેક્સિબલ નિયમોને કારણે પ્રથમ વર્ષની પરીક્ષા આપ્યા વિના, પ્રથમ વર્ષના કોર્સેસ પૂર્ણ કર્યા વિના પણ આગલા વર્ષમાંરીરજિસ્ટ્રેશન કરાવી શકાય છે. ઓનલાઈન એડમિશન અને રીરજિસ્ટ્રેશન ઈગ્નૂની વેબસાઈટ www.ignou.ac.in / સમર્થ પોર્ટલ પર ઉપલબ્ધ છે.

વધુ માહિતી માટે કણકોટ મુખ્ય માર્ગ પર આવેલ ક્ષેત્રીય કેન્દ્ર રાજકોટની મુલાકાત લઈ શકો છો, મોબાઈલ નંબર ૯૪૨૬૬૦૦૬૭૧ પર સંપર્ક કરી શકો છો, અને rcrajkotignou.ac.in પર ઈ-મેલ કરી શકો છો એમ ડો. રૂપલ એમ. કુબાવત, રિજ્યોનલ ડાયરેક્ટર, રિજ્યોનલ સેન્ટર - રાજકોટની યાદીમાં જણાવાયું છે.

---

# નવરંગ નેચર ક્લબની ૯૪ શિબિરમાં ૪૯૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લીધો ભાગ



**અબતક, રાજકોટ**

નવ રંગ નેચર કલબ રાજકોટ દ્વારા વિશ્વનિડમ ગુરુકુલમ (ઈશ્વરીયા રાજકોટ) જામનગર અને ઓસમ પર્વત ખાતે વિવિધ શિબિરોનું આયોજન કર્યુ હતું જેમાં તા. ૧૭-૧૧ થી ૪-૩-૨૦૨૬ સુધીમાં કુલ ૯૪ શિબિર પૂર્ણ થઈ છે. જેમાં ૪૯૦૦ વિદ્યાર્થીઓ અને ૩૭૦ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એક શિબિરમાં ૫૦ વિદ્યાર્થીઓ અને ૩ શિક્ષકો હોય છે. શિબિરમાં વનસ્પતિ દર્શન, પ્રાણી દર્શન, પક્ષી દર્શન અને રાત્રે નરી આકાશ દર્શન કરાવવામાં આવે છે.

દિવસ દરમિયાન ૧ કલાક વિદ્યાર્થીઓને શેરી રમત રમાડવામાં આવે છે., ઓછામાં ઓછી જરુરીયાત થી વિદ્યાર્થીઓ જીવતા શીખે તેવો હેતુ પણ છે. રૂ. ૨૦ ફી લેવામાં આવે છે. આ ફી બે પ્રશિક્ષકો (શિબિર સાંભળતા તે મિત્રો) ને આપી દેવામાં આવે છે, વિદ્યાર્થીઓને આ શિબિરથી કુદરતની ખુબ જ સારી અનુભુતિ થાય છે.

વિશ્વનિડમ ગુરુકુલમ ખાતે થતી શિબિરમાં ત્યાંની ગૌશાળા ત્યાં થતી વિવિધ પ્રવૃતિઓ બાળકોને બતાવવામાં આવે છે. જીતુભાઈ દ્વારા વિદ્યાર્થીઓને કેવી રીતે જીવન જીવવું જોઈ તેની વાતો દરેક શિબિરમાં શિખવવામાં આવે છે.

---

# સદગુરૂ રણછોડદાસજી બાપુની પુણ્યતિથિની ઉજવણી માટે ન્યારા આશ્રમમાં તડામાર તૈયારીઓ

## સદગુરૂની પુણ્યતિથિ ચૈત્ર સુદ તેરસ પર સવારથી સાંજ સુધી અનેક કાર્યક્રમોનો ભાવિકોને મળશે ધર્મ લાભ



**અબતક, રાજકોટ**

રાજકોટ સમગ્ર ગુજરાત અને દેશભરમાં વિશાળ ભક્ત સમુદાય ની આસ્થા ધરાવતા રણછોડદાસજી બાપુ ની પૂર્ણતિથી ન્યારા આશ્રમ ખાતે ભવ્યતાથી ઉજવાશે તા,૩ માર્ચ ચૈત્ર સુદ તેરસ મંગળવારે યોજાનારી બાપુની પુણ્યતિથિ ની આશ્રમમાં ભવ્ય તૈયારીઓ થઈ રહી છે.

પુ, રણછોડદાસજી બાપુની પુણ્યતિથિ નિમિત્તે ૩૧માર્ચના રોજ હરીચરણદાસજી બાપુ અને સ્વામી જય રામદાસજી બાપુના આશીર્વાદ થી બાપુ ની પુણ્યતિથિ ના કાર્યક્રમમાંસવારે ૬/૧૫ આરતી ૯/૦૦ કલાકે ગુરુ પૂજન,બપોરે પ્રસાદ, આરતી અને સાંજે ૭ વાગે સંધ્યાઆરતી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બાપુ ની પુણ્યતિથિ નિમિત્તે ન્યારા ગામના બાળકોને બટુક ભોજન, ગાયોને ઘાસચારો તેમજ કૂતરાને લાડુ આપવામાં આવશે. ન્યારા આશ્રમ માં ગ્રાઉન્ડમાં બે રૂમ બનાવવામાં આવશે અને દાતા ના નામની તકતી લગાડવામાં આવશે, સાથે સાથે ફર્નિચર અને જરૂરી ચીજ વસ્તુઓ માટે પણ સહયોગની દાતાઓને અપીલ કરવામાં આવી છે રાંદલ માતાના લોટા સત્યનારાયણ ભગવાનની કથા, ભાગવત સપ્તાહ સહિતના કાર્યક્રમોનું આયોજન થતું રહે છે સદગુરુ જ્ઞાનમંદિર માં રણછોડદાસ બાપુની પુણ્યતિથિ નિમિત્તેતડામાર તૈયારીઓ ચાલી રહી છે વધુ વિગત માટે ૯૮૨૫૪ ૨૪૬૦૪ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# પ્રેમી સાથે ભાગી ગયેલી યુવતીની રફાળા ગામેથી શંકાસ્પદ હાલતમાં લાશ મળી : હત્યાની આશંકા

## તિતવા ગામે રહેતા પરિવારને ફોન કરી તમારી પુત્રી મરી ગઈ છે તેવી પ્રેમીએ જ જાણ કરી

## મૃતકના શરીરે ઈજાના નિશાન, ઝેર પણ પીધું'તું : કુવાડવા પોલીસે પ્રેમીની સઘન પૂછપરછ આદરી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે વધુ એક શંકાસ્પદ મોતનો બનાવ સામે આવ્યો છે. કુવાડવાના રફાળા ગામે સરપંચની વાડીની ઓરડીમાંથી પરપ્રાંતિય યુવતીની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. યુવતીને ૧૨ દિવસ પહેલા વાંકાનેરના તીતવા ગામેથી પ્રેમી ભગાડ ગયો હતો. બાદમાં પ્રેમીએ યુવતીના પરિવારજનોને ફોન કરી 'તમારી દીકરી મરી ગઈ છે' તેમ કહેતા પરિવારજનો દોડી આવ્યા હતાં. યુવતી ઓરડીમાંથી નિર્વસ્ત્ર હાલતમાં મળી આવી હતી અને તેના મથાનાભાગે તથા ગુપ્ત ભાગે ઈજાના નિશાન હોય અને તબીબો દ્વારા ઝેર પીધાની શંકા પણ વ્યક્ત કરવામાં આવતાં મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સીક પીએમ કરવામાં આવ્યું છે. જ્યારે પરિવારજનો દ્વારા હત્યાનો આક્ષેપ કરવામાં કુવાડવા રોડ પોલીસે આ અંગે વિશેષ તપાસ હાથ ધરી છે. પોલીસે યુવતીના પ્રેમીની સઘન પુછપરછ કરી રહી છે. જાણવા મળતી વિગત મુજબ, મુળ મધ્યપ્રદેશના જાબુંઆ ગામના વતની અને હાલ વાંકાનેરના તિતવા ગામે પરિવાર સાથે રહેતાં જોગાભાઈ ભુરીયાની ૧૮ વર્ષની પુત્રી શરમા ગત તા.૩-૩-૨૦૨૬ના રોજ ગુમ થઈ જતાં પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ તેનો કોઈ પત્તો ન લાગતાં પરિવારજનો વાંકાનેર પોલીસમાં ફરિયાદ નોંધાવવા ગયા હતાં. પોલીસ દ્વારા યુવતીના ડોકયુમેન્ટ માંગવામાં આવતાં યુવતીના ડોક્યુમેન્ટ વતનમાં પડયા હોવાથી પરિવાર મધ્યપ્રદેશ ડોકયુમેન્ટ લેવા માટે ગયો હતો. દરમિયાન તપાસ કરતા તેમની પુત્રીને મુળ મધ્યપ્રદેશનો જ વતની બુસા રાઠોડ નામનો શખસ ભગાડી ગયો હોય અને તે કુવાડવાના રફાળા ગામે હંસરાજભાઈ સેલડીયાની વાડીમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું.

દરમિયાન તા.૧૫નાં રાત્રે બુસાએ યુવતીના પરિવારને ફોન કરી તમારી દીકરી મરી ગઈ છે તેમ જણાવતાં પરિવારજનો અહિં આવવા માટે નીકળ્યા હતાં. રસ્તામાં જ ફરી ફોન આવતાં રાજકોટ સિવિલ હોસ્પિટલ આવવા જણાવ્યું હતું. પરિવારજનો રાજકોટ સિવિલમાં પહોંચ્યા હતાં. પ્રાથમિક તપાસમાં યુવતીની રફાળા ગામે સરપંચ હંસરાજભાઈ સેલડીયાની વાડીની ઓરડીમાંથી લાશ મળી આવી હતી. ત્યારે યુવતી નિર્વસ્ત્ર હાલતમાં હોવાનું અને તેના ગુપ્તભાગે ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ તબીબો દ્વારા પણ યુવતીના શરીર ઉપર ઈજા હોવાનું અને તેને ઝેરી દવા પીધાની શંકાના આધારે મોતનું ચોકકસ કારણ જાણવા ફોરેન્સી પી.એમ.કરાવવા તજવીજ હાથ ધરી હતી. જેથી પરિવારજનો દ્વારા પુત્રીની હત્યા નિપજાવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.પુત્રીને ભગાડી જનાર બુસા નામનો શખસ પણ હાજર ન હોય જેથી હત્યાની શંકા વધુ દ્રઢ બની હતી. આ અંગે કુવાડવા રોડ પોલીસ વધુ તપાસ હાથ ધરી છે. મૃતક શરમા ત્રણ ભાઈની એકની એક મોટી બહેન હોવાનું અને તેના પિતા મજુરી કામ કરતાં હોવાનું જાણવા મળ્યું છે. જયારે આરોપી પરિણીત હોવાનુ ત્રણ સંતાનનો પિતા હોવાનુ જાણવા મળ્યું છે.

# ગ્રાહક જાગૃતિ માટે સેમિનાર આશાનું કિરણ:ફોર્મ પ્રમુખ પી. સી. રાવલ

## કન્ઝયુમર લો પ્રેક્ટિસનર્સ એસો. દ્વારા 'કન્ઝયુમર લો પ્રોસિજર એન્ડ પ્રેક્ટિસ' વિષય પર જુનિયર વકીલોને માર્ગદર્શન અપાયો



**અબતક,રાજકોટ**

રાજકોટ કન્ઝયુમર લો પ્રેક્ટિસનર્સ એસોસિએશન દ્વારા 'કન્ઝયુમર લો પ્રોસિજર એન્ડ પ્રેક્ટિસ' વિષય ઉપર યોજાયેલા સેમિનારને બેહદ સફળતા મળી હતી.ગીતાંજલી ગ્રુપના ચેરમેન તથા શહેર ભાજપ અગ્રણી શૈલેષભાઈ જાનીના મુખ્ય અતિથિ પદે યોજાયેલા આ સેમિનારઅંતર્ગત કુલ ચાર ટેકનિકલ સત્રનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ સેશન ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯ અધિકાર ક્ષેત્ર, મર્યાદા તથા ફાઈલિંગ પ્રક્રિયા વિષેનું રાખવામાં આવેલું હતું. આ શેશનમાં રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ રાજકોટના ટી. જે સાંકલાએ ગ્રાહક સુરક્ષા ફરિયાદ માટે માર્ગદર્શન માળખું ફરિયાદને લગતા માર્ગદર્શક સિધ્ધાંતો, ફરિયાદ દાખલ કરવાની સમય મર્યાદા, ડિજિટલ ફરિયાદ દાખલ કરવા અંગે વ્યાખ્યાન આપેલ હતું.

દ્વિતીય શેશનમાં ગ્રાહક ફરિયાદની કાર્યવાહી, સંચાલન, પુરાવા વચગાળાના આદેશો સંદર્ભનું રાખવામાં આવેલ હતું. જેમાં અત્યંત મહત્વપૂર્ણ અને નિષ્ણાત માર્ગદર્શન આપતા જિલ્લા ગ્રાહક તકસર નિવારકના પ્રમુખ જજ પી સી રાવલ દ્વારા ફરિયાદના ડ્રાફ્ટિંગની અસર, ફરિયાદની કાર્યવાહી ઉપર કેટલી મહત્વ ધરાવે છે તે બાબતથી શરૂ કરીને વિવિધ તબક્કાઓ ખૂબ ઊંડાણપૂર્વક સમજાવ્યા હતા. પ્રત્યેક તબક્કે પુરાવા રજૂ કરવા અને સાબિત કરવા સંદર્ભમાં સાબિતીનો બોજો કયા પક્ષકાર ઉપર કયા સંદર્ભમાં સુનિશ્ચિત કરી શકાય તે પણ જુદા જુદા ઉદાહરણ સાથે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવેલ હતું.

ત્રીજું સેશન બે વિભાગમાં રાખવામાં આવેલ હતું, જેમાં કોકિલાબેન સચદેવ તથા એડવોકેટ ગજેન્દ્ર જાની દ્વારા ઈન્સ્યોરન્સ કંપની દ્વારા લેવામાં આવતી બચાવ પ્રયુક્તિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ હતું, ગ્રાહક ફરિયાદ સામે બચાવ વ્યૂહરચના અંતર્ગત મુખ્યત્વે ફરિયાદના કારણનું ભૌગોલિક વિસ્તારક્ષેત્ર (ટેરીટોરિયલ જયુરિસડિકશન)ના નાણાકીય અધિકાર ક્ષેત્ર (પીક્યુનિયરી જયુરિસડિકશન) તથા વ્યાવહારિક અધિકારક્ષેત્ર (ટ્રાન્જેકશનલ જયુરિસડિકશન) સહિતના મુદ્દાઓને આવરી લઈ વિસ્તૃત અને નિષ્ણાંત માર્ગદર્શન આપવામાં આવેલું હતું.

અંતિમ સેશન સિનિયર એડવોકેટ ડી બી વસાવડા દ્વારા લેવામાં આવેલ હતું. જેમાં તેઓએ ગ્રાહક ફરિયાદ અંતર્ગત થયેલ હુકમ અમલવારી અને અપીલ વિશે માર્ગદર્શન આપતા વળતરના સિધ્ધાંતો, વ્યાજ અને શિક્ષાત્મક પગલાઓ ખર્ચ અને અમલવારી હુકમ સંબંધીત પાસાઓ વર્ણવેલ હતા. હુકમનું પાલન ન કરવા બદલ શિક્ષાત્મક જોગવાઈઓ અને તે અંગેના ન્યાયિક પાસાઓ સમજાવેલ હતા.

ત્યાર બાદ 30 મિનિટ સુધી પ્રશ્નોત્તરીનું શેશન રાખ્યું હતું. જેમાં જૂનીયર એડયોકેટ તથા કાયદાના વિદ્યાર્થીઓ દ્વારા માર્ગદર્શન લેવામાં આવ્યું હતું. એસોસિએશનના સેક્રેટરી સુનીલભાઈ પોપટના સંચાલન હેઠળ યોજાયેલા સેમિનારમાં મહેમાનો તથા નિષ્ણાતોનો પરિચય અને સ્વાગત પૂર્વીબેન સંઘવીએ, આભાર દર્શન કૌશિકભાઈ પોપટે કર્યું હતું. સેમિનારને સફળ બનાવવા ટ્રેઝરર ચિરાગ છગ, દિપેશ પરમાર, મિલન સોલંકી, સાગર હપાણી પારસ શેઠ, પૂર્વીબેન સંઘવી, રીતુબેન પરમાર, ઋષિ જોષી, અભિષેક શુકલ વગેરે જહેમત ઉઠાવી હતી.

# વિવેકાનંદનગરમાં રીક્ષા અને છોટા હાથી વાહનમાંથી બેટરીની ચોરી

## રૂ.૭૧૫૯ની કિંમતની બેટરી ચોરી મામલે ભક્તિનગર પોલિસેં ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, રાજકોટ**

વિવેકાનંદ નગરમાં રાત્રિના સમયે ઓટોરિક્ષા અને છોટા હાથીમાંથી કુલ રૂ.૭૧૫૯ની કિંમતની બે બેટરી ચોરાઈ જતા ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ફ્લોર મિલનું કામ કરતા પ્રકાશગીરી હરિગીરી મેઘનાથી(રહે વિવેકાનંદ નગર શેરી નંબર ૮, હનુમાન મંદિરની પાછળની શેરી દાદુભાઈ આહીરના મકાનમાં ભાડેથી) એ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, નંદાહોલની પાછળ કેશવ વિદ્યાલય પાસે મહેતા ફ્લોર મીલ નામની દુકાન ધરાવે છે. તેની પાસે તેના મિત્ર મયુરભાઈ ચૌહાણની બજાજ સીએનજી રીક્ષા રજિસ્ટ્રેશન નંબર જીજે ૦૩ સીટી ૯૧૧૫ ત્રણ માસથી ભાડેથી ચલાવે છે. ગત તા.૧૫ ના રોજ રાત્રિના આશરે સાડા બાર વાગ્યે આસપાસ દુકાન બંધ કરી ઘર પાસે રીક્ષા રાખી હતી. સવારના આશરે સાડા આઠ વાગ્યા આસપાસ મીલે જવા માટે રીક્ષા લેવા બહાર નીકળ્યો ત્યારે રીક્ષા ડ્રાઈવરની સીટ ઊંચી કરેલ હોય અને રૂ.૩૫૫૯ની કિંમતની રીક્ષાની બેટરી જોવા મળી ન હતી. રીક્ષાની બેટરી બાબતે આસપાસ તપાસ કરતા કોઈને પણ માલુન હોવાનું જાણવા મળ્યું હતું. ચોરી થયાની તપાસ કરતા તેનું જ શેરીમાં રહેતા તેના મિત્ર અલ્તાફભાઈ અબ્દુલભાઈ પઠાણના છોટા હાથીમાંથી પણ બેટરી ચોરી થઈ હતી. જેની કિંમત રૂ.૩૬૦૦ છે. તપાસ કર્યા બાદ પણ ચોરીનો ભેદ ન ઉકેલતા આખરે ભકિતનગર પોલીસ સ્ટેશનમાં બેટરી ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

# બાર કાઉન્સિલના દિગ્ગજ ઉમેદવાર દિલીપ પટેલે વકીલોએ આભાર માન્યો

**અબતક,રાજકોટ**



બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રતિષ્ઠા ભરી ચુંટણીમાં દિલીપ પટેલે દબદબો જાળવવામાં ફરી એક વાર સાબિત થયા છે.સૌરાષ્ટ્રના વકીલો તેમણે ઉત્સાહભેર વધાવી લીધેલ છે. દિલીપ પટેલના નેતૃત્વમાં વકીલો ફરી એક વાર અતૂટ વિસ્વાસ મૂકેલા છે.વકીલોના પ્રશ્નો માટે સતત લડતા ઉમેદવાર દિલીપ પટેલે રાજકોટ સહિતના તમામ બાર એસો.ને તેમના તરફી મતદાન કરી અને વકીલ આલમમાં પ્રભાવ પાડેલ હોય. તેઓએ વકીલો માટે પાયાની સ્તરની કામગીરી કરી આપેલ છે અને તમામનો હૃદયપૂર્વક આભાર માનેલ છે.તમામ વકિલોના વિસ્વાસમાં ખરા ઊતરેલ એડવોકેટ દિલીપ પટેલે તેનામાં વિસ્વાસ મૂકી અને જે જે ભાઈ બહેનોએ મતદાન કરેલ છે તે તમામ મતદારોને ગમે ત્યારે કોઈ પણ કામ કાજ માટે અવાજ દેવાનો કોલ કરેલ છે અને ૨૪ કલાક વકીલો માટે વકીલો થકી આ મુકામ સુધી પહોંચાડનાર તમામ વકીલોનો ફરીથી આભાર માન્યો છે.

# રાજ્યભરમાં ચકચાર મચાવનાર ઉના કાંડના પાંચ શખ્સોને પાંચ વર્ષની જેલ

## વર્ષ-૨૦૧૬માં સમઢીયાળા ગામે મૃત પશુની ખાલ ઉતારતા પરિવારને ગૌ રક્ષકોએ ગાડી પાછળ બાંધી જાહેરમાં ઢોર મારમાર્યો'તોઃ ૩૫ શખ્સોનો નિર્દોષ છૂટકારો

**અબતક, અતુલ કોટેચા**
**વેરાવળ**

સૌરાષ્ટ્ર સહિત દેશભરમાં ચકચાર મચાવનાર ઉનાના સમઢીયાળા કાંડનો કેસ વેરાવળની સ્પે.એટ્રોસીટી અદાલતમાં ચાલી જતા પાંચ શખ્સોને તકસીરવાન ઠેરવી પાંચ વર્ષની સજાનો હુકમ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. ૩૫ શખ્સોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના સમઢિયાળાના વર્ષ ૨૦૧૬ના દેશભરમાં ચકચારી કાંડનો કેસ વેરાવળની સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટના જજ પંડ્યાની કોર્ટમા ચાલી જતાં મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. વિગતો મુજબ તા.૧૧/૭/૨૦૧૬ ના સમઢીયાળા ગામે મરેલ ઢોરની ખાલ ઉતારતા પરીવારને ગૌ રક્ષકોએ માર મારેલો અને કારમાં લઈ જઈ ચાર જણાને ગાડી પાછળ બાંધી જાહેરમા મારતા મારતા સરઘસ રૂપે ફેરવી ઢોર મારતા લઈ ગયા હતા. આ સંબંધે પોલીસ ફરીયાદ ઉના પો.સ્ટે.માં નોંધાઈ હતી. જે ગુનાની પ્રથમ ઉના પોલીસ અને ત્યારબાદ તપાસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર દ્વારા કરી કુલ ૪૧ જેટલા આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. બાદ તપાશ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ દાખલ કરાયેલી હતી. જે દરમિયાન એક પોલીસ અધિકારીનુ અવશાન થયેલ હતુ. ત્યારબાદ ૪૦ આરોપીઓ સામે આ કેસ વેરાવળના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં ચાલેલ હતો. જેમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. છુટા થતાં ડી.જી.પી.ગીર સોમનાથનાને કેસ ચલાવવા કાયદા વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત હેઠળ સાહેદોને લાવવામાં આવ્યા હતા. આ કેસમાં સરકાર પક્ષે ડી.જી.પી. કેતનસિંહ વાળાએ આશરે ૨૪૦ જેટલા સાહેદોને તપાસેલ અને લેખીત તથા મૌખિક દલીલો કરી વકીલોની લાંબી દલીલો બાદ ગુન્હો સાબીત થતાં વેરાવળના સ્પે. એટ્રોસીટી કોર્ટના જજ જે.જે.પંડ્યાએ ૪૧ પૈકી પાંચ આરોપી રમેશ ભગવાન જાદવ, રાકેશ રસીક જોશી, નાગજી ડાયા વાણીયા, પ્રમોદગીરી રમેશગીરી ગૌસ્વામી અને બળવંતગીરી ગૌસ્વામીને તકસીરવાન ઠેરવી એટ્રોસિટીની કલમમાં પાંચ વર્ષ, મારામારીમાં ત્રણ વર્ષ, અપશબ્દોમાં બે વર્ષ અને ગેરકાયદે અટકાયત કરવામાં એક વર્ષની સજા સાથે તમામ સજા એકીસાથે ભોગવવાની રહેશે. દંડ ફટકારતો હુકમ કર્યો છે. જ્યારે ૩૫ આરોપીને કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે.

### પાંચ પૈકી ચાર આરોપીએ ૬ વર્ષ જેલવાસ ભોગવ્યો હોવાથી મુક્તિનો માર્ગ મોકળો?

ચાર આરોપીએ અગાઉ ૬ વર્ષથી વધુ સમય જેલમાં વિતાવી ચુક્યા હોવાથી કોર્ટે ફટકારેલી પાંચ વર્ષની સજાની અવધિ પહેલેથી જ પૂર્ણ થઈ ગઈ હોય આથી આરોપીને સજા મજરે આપવાની વકીલની અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી છે. આથી ચાર આરોપીઓને જેલમુક્તિનો માર્ગ મોકળો થયો છે. એક આરોપી નાગજી ડાયાએ ચાર વર્ષ અને બે માસનો જેલવાસ ભોગવ્યો હોવાથી તેને બાકી રહેતી સજા ભોગવવાની રહેશે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે કાલે ભાજપની મહત્વપૂર્ણ બેઠક

## કેન્દ્ર અને રાજ્ય સરકારના વિકાસે કામોનું રિપોર્ટ કાર્ડ સાથે બીજેપી ચૂંટણીના મેદાનમાં ઉતરશે

**અબતક, રાજકોટ**

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના અનુસંધાને આવતીકાલે બપોરે ૧.૦૦ કલાકે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે મહત્વની બેઠક યોજાશે.જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વની રાજયની ભાજપા સરકારની કામગીરી અને ચૂંટાયેલા પ્રતિનિધીઓના રિપોર્ટ કાર્ડના આધારે ભાજપા નાગરિકોની વચ્ચે જશે.

ગુજરાત ભાજપા ના મુખ્ય પ્રવક્તા ડો. અનિલભાઈ પટેલે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટીની તૈયારી અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, આવતીકાલે બુધવારે બપોરે ૧.૦૦ કલાકે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના અનુસંધાને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ પદાધિકારી, પ્રદેશ મોરચાના પ્રમુખ તથા મહામંત્રી, પ્રદેશ ચુંટણી સંચાલન સમિતિના સભ્ય, જિલ્લા તથા મહાનગરના પ્રભારીશ, પ્રમુખ અને ચુંટણી સમિતિના સભ્યની ઉપસ્થિતિમા મહત્વની બેઠક યોજાશે.

ડો. અનિલભાઈ પટેલે જણાવ્યું છે કે, આવનાર સ્થાનિક સ્વરાજયોની ચૂંટણીઓમાં સુચારુ સંચાલન માટે ભારતીય જનતા પાર્ટીની પદ્ધતિ અને પરંપરા પ્રમાણે પ્રદેશ સ્તરે કુલ આઠ સભ્યોની અને જિલ્લા-મહાનગરોમાં ચાર સભ્યોની ચૂંટણી સંચાલન સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. પ્રવાસ, ગ્રુપ મીટિંગ, જાહેરસભાઓ, પ્રબૃધ્ધ નાગરિક, સામાજીક, મહિલા, યુવા, કિસાન સહિતના સંમેલનો દ્વારા ભાજપા હરહમેંશ રાજ્યના મતદારોનો સંપર્ક કરે છે. ભાજપા ૩૬૫ દિવસ કામ કરવા ટેવાયેલ છે.

ડો. અનિલભાઈ પટેલે વધુમાં જણાવ્યું છે કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વની રાજયની ભાજપા સરકારની કામગીરી અને ચૂંટાયેલા પ્રતિનિધીઓના રિપોર્ટ કાર્ડના આધારે ભાજપા નાગરિકોની વચ્ચે જશે. માનવી છે ત્યા વ્યવસ્થા ઉભી કરવી અને હર ઘર સુધી સેવા પહોંચાડવી એ ભાજપાનો મંત્ર છે. ગત ચૂંટણીમાં રાજ્યની જનતાએ અંદાજિત ૯૫% સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપાને સેવા કરવાનો અવસર આપ્યો હતો. ભાજપા પાસે નેતા, નિયત અને નેતૃત્વ છે. કોંગ્રેસ નક્કર આયોજનના અભાવે અને કોઈ નક્કર મુદ્દા ન હોવાથી રાંધણ ગેસના બાટલા સહિત અન્ય બાબતોમાં જુદા જુદા પ્રકારની નૌટંકી કરી રહી છે પરંતુ ગુજરાતનું જનમાનસ ક્યારેય કોંગ્રેસ અને વિપક્ષમાં વિશ્વાસ દાખવતું નથી. અમને સંપુર્ણ વિશ્વાસ છે કે, ભાજપાની સેવાકીય કામગીરીના આધારે ફરી એક વખત ગુજરાતમાં ગત ચૂંટણીઓ કરતા પણ વધુ સારા પરિણામ સાથે રાજ્યભરમાં ભાજપા મજબૂત જનસમર્થન મેળવશે.

# કાલાવડ રોડ પરથી ચોરાઉ બાઈક સાથે ચિરાગ શાહમદાર ઝડપાયો

## સપ્તાહ પૂર્વે ગોંડલ રોડ પર પરીન ફર્નિચર નજીકથી બાઈક ઉઠાવી ગયાની કેફીયાત : તાલુકા પોલિસેં ભેદ ઉકેલ્યો

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પરથી ચોરાઉ બાઈક સાથે ચીરાગ ઉર્ફે સીરાજ નામના શખ્સને તાલુકા પોલીસની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

શહેર પોલીસ કમિશ્નર બજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક અને ડીસીપી રાકેશ દેસાઈ દ્વારા સઘન પેટ્રોલીંગ કરી મિલકત સંબંધી અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ સૂચનાથી તાલુકા પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એમ.જે.હણની રાહબરીમાં પીએસઆઈ બી.આર.ભરવાડ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના કોન્સ્ટેબલ બળભદ્રસિંહ જાડેજા અને જયપાલસિંહ સરવૈયને ટેકનિકલ સોર્સિસ આધારે ચોક્કસ બાતમી મળેલ કે એક શકમંદ આરોપી ચોરી કરેલ નંબર પ્લેટ વગરના બાઈક સાથે કાલાવડ રોડ કીયાના શો-રૂમ પાસે પટ્ટમાં ઉભો છે, જે બાતમીના આધારે ટીમે દોડી જઈ તે શખ્સને અટકમાં લઈ બાઈક અંગે પોકેટ કોપ એપમાં સર્ચ કરી બાઈક અન્ય વ્યકિતના નામે હોય જેથી પુછપરછ કરતા પોતે આશરે એકાદ અઠવાડીયા પહેલા ગોંડલ રોડ પરીન ફર્નિચર પાછળથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ હતું.

જેથી પોલીસે આરોપી ચીરાગ ઉર્ફે સીરાજ સીકંદર શાહમદાર (ઉ.વ. ૨૦, રહે. ઉધ્યોગનગર કોલોની કવા.નં. ૧૧૩ સલીમભાઈ સંધીના મકાનમાં ભાડેથી પી.ડી. માલવીયાના બીજ નજીક ગોંડલ રોડ) ને પકડી પાડી ચોરાઉ બાઈક કબ્જે કર્યું હતું.

# પોરબંદરના દિગ્વિજયગઢ ગામે ઘોડાએ પાટુ મારતા ૮ વર્ષીય બાળકીનું મોત

## રસ્તામાં ઊભેલા ઘોડાને નિહાળવા બાઈક પરથી ઉતરી અને અચાનક ઘોડાએ પેટમાં પાટુ મારી દીધું, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

પોરબંદર જિલ્લાના દિગ્વિજયગઢ ગામે વેકેશન માણવા ગયેલી માસૂમ બાળકી માટે ઘોડો જોવો કાળ સાબિત થયો છે. રસ્તા પર ઊભેલા ઘોડાને નિહાળી રહેલી ૮ વર્ષીય બાળકીને અચાનક ઘોડાએ પેટના ભાગે પાટુ મારી દેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવારમાં મોત નીપજતા પરિવારમાં માતમ છવાયો છે.પ્રાપ્ત વિગત મુજબ, ઉપલેટાના ઢેબરનગરમાં રહેતા મહેશભાઈ વિંઝુંડાની ૮ વર્ષીય પુત્રી વિશ્વા પોરબંદરના દિગ્વિજયગઢ ગામે પોતાના નાના હસમુખભાઈ અળશીભાઈ મકવાણાના ઘરે આવી હતી. ગત તા. ૧૪ના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેના નાના તેને મોટરસાયકલ પર ફેરવવા લઈ ગયા હતા. માર્ગમાં કેટલાક ઘોડા ઊભેલા હોવાથી વિશ્વાને તે જોવા હતા, જેથી નાનાએ બાઈક ઊભું રાખ્યું હતું. વિશ્વા બાઈક પરથી ઉતરીને ઘોડાને જોઈ રહી હતી, ત્યારે અચાનક એક ઘોડાએ તેને પેટના ભાગે જોરદાર પાટુ મારી દીધું હતું.

ઘોડાના પાટુથી વિશ્વાને આંતરિક ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક પોરબંદરની આસ્થા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ સ્થિતિ વધુ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. મૃતક વિશ્વા બે બહેનોમાં નાની હતી. પિતા મહેશભાઈ મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# પાળ ગામે સેવા સેતુ કાર્યક્રમમાં લાભાર્થીઓનો મેળાવડો જામ્યો

## જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજ રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયો કાર્યક્મ, નાગરિકોએ સેતુ અભિયાનને બિરદાવ્યો

**અબતક, રાજકોટ**




રાજકોટ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજ રાઠોડની તર્શે ઉપસ્થિતિમાં લોધિકા તાલુકા સાથે જોડાયેલી જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નનો તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ વિગેરેના નિકાલ માટે અગિયારમાં તબક્કાનો સેવાસેતુ કેમ્પનું આયોજન લોધિકા તાલુકાના પાળ ગામમાં આયોજન કર્રામાં આવ્યું હતું.

લોધીકા તાલુકાના પાળ ગામે સેવાસેતુ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખઓ મનોજ રાઠોડ, કાજલબેન ગોંડલિયા, જીલ્લા કિસાન મોરચા મહામંત્રી ડેનીશભાઈ હદવાણી, જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા, મુકેશભાઈ તોગડિયા, મામલતદાર છાંટબાર , એટીડીઓ ગણાત્રા, તાલુકા ભાજપ પ્રમુખ ડો પ્રકાશભાઈ વીંરિડા, તાલુકા પંચાયત સદસ્ય ભરતસિંહ જાડેજા, ઉમેશભાઈ પાંભર, ઉમેશભાઈ દેસાઈ, મયુરસિંહ જાડેજા, સીડીપીઓ, જિલ્લા ભાજપ આગેવાન તેમજ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહેલ લોધિકા તાલુકા કલસ્ટર હેઠળના આ સવોસેતુ કાર્યક્રમ અંગે માહિતી આપતા રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અને લોધિકા તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ મનોજ રાઠોડે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા હાલમાં સેવા સેતુનો ત્રીજો તબક્કો હાલમાં ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત લોધિકા તાલુકાના વિવિધ ગામો માટે કલસ્ટર વાઈઝ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

વિધવા સહાય યોજના, નોન ક્રિમીયીલર પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂ, , જાતિ પ્રમાણપત્ર, ફી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન, વગેરે લોધિકા તાલુકા સંબંધિત સેવાઓ અને સરકારી યોજનાઓની કામગીરી કરવામાં આર્વી હતી.

નાગરિકોને સરકારની જુદી જુદી યોજનાઓનો લાભ મેળવવા માટે જુદી જુદી સરકારી કચેરીઓમાં ધક્કા ખાવા ન પડે, તે હેતુથી સેવાસેતુ કેમ્પમાં પોતાના જ વિસ્તારમાં ઉકેલી શકાય તેવા પ્રશ્નનોનો સ્થળ પર જ તે દિવસે લોકોના ઘર આંગણે જ તંત્ર ઉપસ્થિત રહી પ્રશ્નનોનો નિકાલ કરવામાં આર્વી હતી.આ સેવા સેતુ કાર્યક્રમનો લોધિકા ગામ અને કલસ્ટર હેઠળના ગામના નાગરિકો દ્વારા મોટી સંખ્યામાં લાભ લેવમાં આવ્યો હતો.

## (પહેલા પાનાનું ચાલું)

### યુધ્ધ...

બંધ થઈ જવાથી વિશ્વના ૨૦ ટકા તેલ પુરવઠાને અસર થઈ છે, જેના કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૦૪.૫૦ ડોલરને પાર કરી ગયા છે. અમેરિકામાં પેટ્રોલના ભાવ વધવાને કારણે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી માટે ચૂંટણી જીતવી પડકારજનક બની શકે છે.

ટ્રમ્પે ચીન, બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશોને આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ ખુલ્લો કરાવવા માટે મદદની અપીલ કરી છે. તેમણે ચેતવણી આપી છે કે જો નાટોના સભ્યો મદદ માટે આગળ નહીં આવે, તો તેમનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. જોકે, જર્મની જેવા સહયોગી દેશોએ આ યુદ્ધમાં જોડાવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. જાપાન અને ઓસ્ટ્રેલિયાએ પણ તેમની નૌકાસેના મોકલવા બાબતે અસંમતિ દર્શાવી છે.

### ચીની ભાગીદારી...

ડીપીઆઈઆઈટી ના નોટિફિકેશન મુજબ, પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૨(૧)(એફએ) હેઠળ 'બેનિફિશિયલ ઓનર' ની વ્યાખ્યા કરવામાં આવી છે, જેમાં ૧૦ ટકાથી વધુ શેર, મૂડી અથવા નફામાં હિસ્સો ધરાવતા માલિકોનો સમાવેશ થાય છે. નવા સુધારેલા નિયમોમાં એમ પણ જણાવાયું છે કે, જે કંપનીઓ પાસે સરહદી દેશોના નાગરિકો કે કંપનીઓ સાથે સીધો કે આડકતરો માલિકી હક છે અને તેમને રોકાણ માટે પૂર્વ મંજૂરીની જરૂર નથી, તેમણે પણ ડીપીઆઈઆઈટી દ્વારા નક્કી કરાયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હેઠળ વધારાની રિપોર્ટિંગ પ્રક્રિયાનું પાલન કરવું પડશે.

કેન્દ્રીય કેબિનેટ દ્વારા ગયા સપ્તાહે જ આ નિયમો હળવા કરવાના નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. આ અગાઉના કડક નિયમોને કારણે ગ્લોબલ પ્રાઈવેટ ઈક્વિટી અને વેન્ચર કેપિટલ ફંડ્સ કે જેમાં ચીન અથવા હોંગકોંગનું મામૂલી શેરહોલ્ડિંગ હતું, તેમના રોકાણ પ્રવાહ પર માઠી અસર પડી રહી હતી. હવે, ડીપીઆઈઆઈટી એ સંકેત આપ્યો છે કે ચોક્કસ ક્ષેત્રોમાં આ દેશોમાંથી આવતી એફડીઆઈ દરખાસ્તો પર ઝડપી મંજૂરી પ્રક્રિયા હેઠળ ૬૦ દિવસની સમયમર્યાદામાં વિચારણા કરવામાં આવશે.

### ખાતરના ભાવ...

મીરચંદાનીએ જણાવ્યું હતું કે, સ્પેશિયાલિટી ન્યુટ્રિઅન્ટ સેક્ટરની કંપનીઓ સાવચેતીપૂર્વક ઈન્વેન્ટરી બનાવી રહી છે અને કાચા માલનો પુરવઠો સુરક્ષિત કરી રહી છે.

રાહુલ મીરચંદાનીના જણાવ્યા અનુસાર, વધતા જતા સંઘર્ષને કારણે ઉભી થયેલી સપ્લાય કટોકટીના પગલે માઈક્રોન્યુટ્રિઅન્ટ્સ અને સ્પેશિયાલિટી ખાતરો જેવા વૈકલ્પિક પોષક તત્વોની પૂછપરછમાં નોંધપાત્ર વધારો થયો છે, જોકે ખેડૂત સ્તરે માંગ યથાવત છે. બીજી તરફ સોલ્યુબલ ફર્ટિલાઈઝર ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રમુખ રાજીબ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, આયાત ખોરવાઈ જવાને કારણે અમુક સ્પેશિયાલિટી ખાતરો અને પેકેજિંગ મટિરિયલ્સની ઉપલબ્ધતા તેમજ ભાવ પર પણ માઠી અસર પડી રહી છે.

આયાતી સ્પેશિયાલિટી ખાતરો જેવા કે મોનો-એમોનિયમ ફોસ્ફેટ, મોનો-પોટેશિયમ ફોસ્ફેટ, પીઓએન, એસઓપી, કેલ્શિયમ નાઈટ્રેટ અને અન્ય પાણીમાં દ્રાવ્ય પોષક તત્વોના ભાવમાં ૨૦ ટકા જેટલો ઉછાળો આવ્યો છે. જેને પગલે સ્થાનિક ઉત્પાદકોએ પણ આ ખાતરોનું ઉત્પાદન વધાર્યું છે. રાજીબ ચક્રવર્તીએ ઉમેર્યું હતું કે ખેડૂતો પણ હવે વધુ સસ્તા એનપીકે સંયોજનો તરફ વળી રહ્યા છે. ભૂતકાળમાં પણ કટોકટીએ 'મેક ઈન ઈન્ડિયા' તરફનો ઝોક વધાર્યો હતો અને વર્તમાન સ્થિતિ ફરી એકવાર સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવી શકે છે.

બજારની વર્તમાન પરિસ્થિતિને જોતા, યુરિયા અને ડીએપી જેવા પરંપરાગત ખાતરોમાં ભાવની અસ્થિરતા અથવા પુરવઠામાં વિક્ષેપ સામે રક્ષણ મેળવવા માટે આ પ્રોડક્ટ્સના ડીલરો અને વિતરકો પણ મોટા પ્રમાણમાં સ્ટોક કરવાના વિકલ્પો શોધી રહ્યા છે. જેથી કરીને આગામી વાવણીની સિઝનમાં ખેડૂતોને પડનારી મુશ્કેલીઓને નિવારી શકાય.

### સસ્તા ડાયમંડવાળા ચાંદીના દાગીના...

પાસેથી ખાસ મંજૂરી અથવા લાયસન્સ લેવું ફરજિયાત બનશે.

ઉદ્યોગ જગતના નિષ્ણાતોના મતે, સરકારના આ પગલા પાછળનો મુખ્ય ઉદ્દેશ આસિયાન દેશોમાંથી મોટા પાયે થઈ રહેલી ચાંદીની આયાતને કાબૂમાં લેવાનો છે. એવું માનવામાં આવે છે કે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કે અન્ય નીતિઓનો લાભ લેવા માટે સસ્તા હીરા જડેલા દાગીનાની આડમાં મોટા પ્રમાણમાં ચાંદી ભારતમાં ઘૂસાડવામાં આવી રહી હતી, જેને રોકવા માટે આ કડક પગલું લેવાયું છે.

આયાત નીતિમાં કરાયેલા આ ફેરફારથી સ્થાનિક જ્વેલરી ઉત્પાદકોને મોટી રાહત મળવાની આશા છે. આ પ્રકારના નિયંત્રણોથી ન માત્ર આયાત નીતિઓના થતા દુરુપયોગને અટકાવી શકાશે, પરંતુ વેપાર ખાધને નિયંત્રિત કરવામાં પણ મદદ મળશે. વધુમાં, ભારતીય બજારમાં આવતા વિદેશી દાગીનાની ગુણવત્તા અને તેની વાસ્તવિક આયાત પ્રક્રિયા પર પણ સરકાર યોગ્ય રીતે નજર રાખી શકશે.

### ક્રોસ વોટિંગ રાજ્યસભા...

એનડીએના તમામ પાંચ ઉમેદવારોએ વિજય મેળવ્યો છે.

### કાબુલ હોસ્પિટલ વિસ્ફોટ...

છે કે હુમલા અત્યંત સચોટ હતા અને માત્ર સૈન્ય ઠેકાણાઓ તથા 'આતંકવાદી' ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જ નિશાન બનાવવામાં આવ્યા હતા, કોઈ પણ એવી જ્ગ્યાને ટાર્ગેટ કરવામાં આવી નથી જ્યાં સામાન્ય લોકો રહેતા હોય.

### વાતાવરણમાં ફરી પલ્ટો...

ગગડીને ૪૦ ડિગ્રીને નીચે આવી જતા હાલ કોઈ શહેરમાં હીટવેવની શક્યતા નથી.આજે સવારે રાજકોટ સહિતના અનેક જિલ્લાઓમાં ઝાકળવર્ષા જોવા મળી હતી.

૧૮ માર્ચના કચ્છ, દ્વારકા, મોરબી, જામનગર, બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૯ માર્ચના રાજકોટ, ભાવનગર, અમરેલી, ભરૂચ, વડોદરા, નર્મદા, સુરત, તાપીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૦ માર્ચના ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

### ૪૨ વર્ષ જૂની પીએલઆઈ

જેનાથી કોર્ટનું ભારણ વધુ વધ્યું છે. જોકે, છેલ્લા પાંચ વર્ષમાં સુપ્રીમ કોર્ટે ૧,૮૭૨ પીઆઈએલનો નિકાલ કર્યો છે, પરંતુ બેકલોગ ક્લિયર કરવા માટે આ આંકડો પૂરતો નથી.

કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે ગયા સપ્તાહે લોકસભામાં માહિતી આપી હતી કે ૧૦ માર્ચ સુધીમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ કુલ ૩,૫૨૫ પીઆઈએલ પેન્ડિંગ છે. ૨૦૧૪ પછી દાખલ થયેલી અને પેન્ડિંગ હોય તેવી પીઆઈએલમાં સૌથી વધુ વર્ષ ૨૦૨૫માં ૫૭૦, ત્યારબાદ ૨૦૧૯માં ૩૪૭, ૨૦૨૦માં ૩૦૬ અને ૨૦૨૬માં ૨૯૩ અરજીઓનો સમાવેશ થાય છે.

પીઆઈએલના નિકાલ માટે લેવામાં આવતો સરેરાશ સમય હજુ જાણી શકાયો નથી.

સુપ્રીમ કોર્ટમાં સૌથી જૂની પેન્ડિંગ પીઆઈએલ ૧૯૮૪માં દાખલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૯૮૫થી અન્ય બે અરજીઓ પેન્ડિંગ છે, આ ત્રણેય અરજીઓ એમ.સી. મહેતા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાની છે, જેમાં બે પર્યાવરણીય કાયદાઓ અને એક હાઉસિંગ સંબંધિત કાયદાની છે. કોર્ટની તિરસ્કાર સંબંધિત બે પીઆઈએલ - મોહમ્મદ હાશિમ વિરુદ્ધ કલ્યાણ સિંહ અને અસલમ ઉર્ફે ભુરે વિરુદ્ધ એસ.બી. ચૌહાણ - અનુક્રમે ૧૯૯૫ અને ૧૯૯૬થી પેન્ડિંગ છે.

## (ચોથા પાનાનું ચાલું)

### રાજકોટ નાગરિક બેંક...

રાજકોટ નાગરિક સહકારી બેંક આપણી બેંક છે. બેંક થકી વિકાસમાં વધુ વેગ મળશે.'

બેંકની શાપર શાખાના પ્રભારી ડિરેક્ટર કલ્પેશભાઈ ગજ્જરે શબ્દોથી સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, 'શાપરમાં મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બેંક રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.નું સ્વાગત છે. નાના માણસની મોટી બેંક તરીકે ઓળખાતી બેંકે અનેક નાના માણસને વાસ્તવમાં મોટા બનાવ્યા છે.'

ઉદ્‌ઘાટન સમારોહમાં શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામી, રમેશભાઈ ટિલાળા, રસિકભાઈ સુરેજા, ધીરૂભાઈ દુધાત, જયેશભાઈ કાકડીયા તેમજ બેંક પરિવારમાંથી દિનેશભાઈ પાઠક, જીવણભાઈ પટેલ, ડિરેક્ટરગણમાંથી કલ્પેશભાઈ ગજ્જર (પ્રભારી ડિરેક્ટર), કીર્તિદાબેન જાદવ, અશોકભાઈ ગાંધી, જ્યોતિબેન ભટ્ટ, વિક્રમસિંહ પરમાર, ડો.એન. જે. મેઘાણી, ભૌમિકભાઈ શાહ, ચિરાગભાઈ રાજકોટીયા, બ્રિજેશભાઈ મલકાણ, હસમુખભાઈ ચંદારાણા, શૈલેષભાઈ મકવાણા (કો-ઓપ્ટ ડિરેક્ટર), જ્યોતીન્દ્રભાઈ મહેતા (ચેરમેન-એનયુસીએફડીસી (અંબ્રેલા)), નલીનભાઈ વસા (સહકાર ભારતી-ગુજરાત પ્રદેશ), બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી હંસરાજભાઈ ગજેરા (સદસ્ય), વિજયભાઈ કોઠારી (સદસ્ય), વિનોદભાઈ લાઠીયા (સદસ્ય), શાપર શાખા વિકાસ સમિતિમાંથી અમૃતભાઈ ગઢીયા (કન્વીનર), કુણાલભાઈ મલકાણ (સદસ્ય), ધર્મેશભાઈ રૂપાપરા (સદસ્ય), વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર - સીઈઓ), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.) ઉપરાંત ઋષીકેષસ્વામીજી (એસજીવીપી ગુરુકુળ, રિબડા), દિનેશભાઈ ખંભાયતા (એમ.ડી., ધરતી કો-ઓપરેટીવ બેંક લિ.), મનીશભાઈ ભુવા (રાધે ટ્રેડીંગ), અશોકભાઈ ભુવા (પ્રમુખ-પારડી સહકારી મંડળી), યાદવભાઈ (દુર્ગા ઈન્ડસ્ટ્રીઝ), ભવાનભાઈ રૂપાપરા (ઓમની ફોર્જીંગ), મુકેશભાઈ કાપડીયા (મહીધર પોલીમર્સ), કિશોરભાઈ કોરાટ( હરિ ફોર્જીંગ), રજનીભાઈ સાદરીયા (જોઈન્ટ સેક્રેટરી, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો.), જીમીતભાઈ સાદરીયા (એપલ રોલ પ્રેસ), ઘનશ્યામભાઈ ભુવા (કારોબારી સદસ્ય, લોધીકા તાલુકા પંચાયત), વિનોદભાઈ ધડુક (ક્રિએટીવ ફોર્જ), રમેશભાઈ ફીચડીયા (કેપ્ટન ફોર્જ), ડો.હિમાંશુભાઈ પરમાર (શાપર ડોક્ટર્સ એસો.), રામજીભાઈ વેકરીયા (સ્નેહ ઓટો), સુજીતભાઈ વડાલીયા (વીર ઓટો), સંજયભાઈ વોરા (જોઈન્ટ ટ્રેઝરર, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો.), રાજેશભાઈ ડોબરીયા (બ્લોસમ કીચનવેર), કમલેશભાઈ ડોડીયા (એડીટર ઓટો), હારિતભાઈ મહેતા (ચેરમેન, સૌરાષ્ટ્ર-કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશન), કેતનભાઈ ભાલાણી (કિરણ ફાસ્ટનર્સ), મનોજભાઈ ટીલાળા (ટીલાળા ગ્રુપ કંપની), દિલીપભાઈ ઝાલાવડીયા (વાઈસ પ્રેસિડન્ટ, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો.), વિવિધ મહાનુભાવો, બેંકની અન્ય શાખા વિકાસ સમિતિના સદસ્યો, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

સરળ અને સફળ સંચાલન રજનીકાંત રાયચુરાએ કર્યું હતું. આભાર દર્શન અમૃતભાઈ ગઢીયાએ કર્યું હતું.

### ગોંડલ માર્કેટીંગ યાર્ડ...

કેરી તેની ગુણવત્તા અને સ્વાદ માટે પ્રખ્યાત હોવાથી સ્થાનિક વેપારીઓ ઉપરાંત અન્ય રાજ્યોના વેપારીઓ પણ અહીંથી ખરીદી કરતા હોય છે. ગોંડલ યાર્ડમાં આવેલી કેસર કેરીનો જથ્થો મુંબઈ સહિતના મોટા શહેરોમાં નિકાસ કરવામાં આવે છે. આગામી દિવસોમાં જ્યારે ગીર પંથકમાંથી કેરીની આવક વધશે ત્યારે ભાવોમાં સ્થિરતા આવશે તેવી શક્યતા વેપારીઓએ વ્યક્ત કરી છે.

### બગસરા...

મંદિર (સાવરકુંડલા)ના ભક્તિરામબાપુ, અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યા (આઈએએસ), વી. એસ. ગઢવી (નિવૃત્ત આઈએએસ), ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ સંઘના ચેરમેન પરાગભાઈ ત્રિવેદી, બગસરા નગરપાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રિબડીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહિડા, જિલ્લા આંકડા અધિકારી ડી. એ. ગોહિલ, મામલતદાર પી. એ. ભીંડી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હિનાબેન ચાવ, બીઆરસી કોર્ડિનેટર જગદીશભાઈ વેકરીયા, શાળાના આચાર્ય દિવ્યેશભાઈ દૂધરેજીયા અને શિક્ષકગણ ઉપસ્થિતિ રહી હતી.

### નર્મદા પરિક્રમા...

બનાવવામાં આવી રહી છે. તેમાં વધારાના ડોમ શેલ્ટર, મોબાઈલ-ટોયલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, ૨૪x૭ એમ્બ્યુલન્સ, લાઈટિંગ તથા ઈમર્જન્સી હેલ્પ પોઈન્ટ, વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, ઓસીકા, ખુરશીઓ અને બેડશીટ સાથેની બેઠક અને વિશ્રામની વ્યવસ્થા રહેશે. આ સાથે; સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને ક્લોક રૂમની વ્યવસ્થા કરવામાં આવી રહી છે કે જેથી યાત્રાળુઓને કોઈ અગવડ ન પડે. પરિક્રમા માર્ગ પર શ્રદ્ધાળુઓની સુગમતા માટે સેવા કેન્દ્રો અને દુકાનો ઉભી કરવામાં આવી રહી છે.

## (૧૧માં પાનાનું ચાલુ)

### ફિફા વર્લ્ડકપ

કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં અમેરિકા જઈને રમવું શક્ય નથી અને ટીમ વર્લ્ડ કપમાંથી પાછી ખેંચાઈ રહી છે. આનાથી ફીફા અને ટુર્નામેન્ટના આયોજકો માટે મોટી મુશ્કેલી ઊભી થઈ છે, કારણ કે ક્વોલિફાઈડ ટીમનું વિથડ્રો થવું દુર્લભ છે. જો ઈરાન ખરેખર પાછું ખેંચાય તો તેમની જગ્યાએ અન્ય ટીમને તક મળી શકે છે.

બીજી તરફ, ઈરાનના ફૂટબોલ ફેડરેશને કહ્યું છે કે કોઈ પણ અમને વર્લ્ડ કપમાંથી બહાર કાઢી શકે નહીં અને તેઓ હજુ પણ ભાગ લેવા માગે છે.ફિફા પણ આ મુદ્દે ચર્ચા કરી રહ્યું છે, અને તાજેતરમાં જ ફીફા પ્રમુખે પણ આ અંગે વાત કરી છે.

### ખાખી વર્દીમાં સજજ

દબાણ અને પડકારોના કારણે માનસિક તણાવ પણ વધે છે. આથી આજનો આ અભિયાન મેન્ટલ હેલ્થ એન્ડ વેલબીઈંગ પ્રોગ્રામ ખાસ કરીને આપ જેવા રાષ્ટ્રના રક્ષકો માટે સમર્પિત છે.

આ કાર્યક્રમ માં આશરે ૪૦૦ જેટલા પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સિનિયર ઈન્સ્પેક્ટર રાકેશ દેસાઈ (ડીસીપી), મુનાફ પઠાણ (એસીપી)

સહિત ચાર વરિષ્ઠ અધિકારીઓ તેમજ અન્ય રેન્કસના ૨૦ અધિકારી હાજર હતા. કર્નલ બી સી સતી રિટર્યાડ દ્વારા પોતાના જીવન માં મેડિટશન દ્વારા થયેલ ફાયદા ના અનુભવની સાથે સ્વય નો સત્ય પરિચય આત્માના ૭ ગુણ અને ૮ શક્તિ નો પરિચય આપ્યો મુંબઈ થી પધારેલ બ્રહ્માકુમારી દીપા દીદી એ સરળ ભાષામાં મેડિટેશનનું મહત્વ જણાવી અનુભૂતિ કરાવેલ લાસ્ટ માં બધા ને બ્લેસિંગ કાર્ડ અને પ્રસાદ આપેલ બ્રહ્માકુમારી કિંજલબેન, બ્રહ્માકુમારી દીપા દીદી, કર્નલ બી સી સતી રિટર્યડ, માઉન્ટ આબુ શાંતિવનથી પધારેલા બીકે કમલભાઈએ આ સેમિનારમાં અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું.

### મારવાડી યુનિવર્સિટી

ધ્રુવ સંપટે નવા સાહસિકો માટે બૌદ્ધિક સંપત્તિના વ્યૂહાત્મક ઉપયોગ વિશે વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બજારમાં પોતાની આગવી ઓળખ ઊભી કરવા અને પ્રતિસ્પર્ધીઓ સામે રક્ષણ મેળવવા માટે કાયદાકીય જ્ઞાન હોવું ખૂબ જરૂરી છે. કાર્યક્રમના અંતિમ ચરણમાં સરકારી માન્ય બૌદ્ધિક સંપત્તિ પ્રતિનિધિ અને ટ્રેડમાર્ક નિષ્ણાત રુષિત શેઠ દ્વારા પ્રાયોગિક સત્ર લેવામાં આવ્યું હતું. જેમાં તેમણે ઉપસ્થિત સહભાગીઓને ઓનલાઈન ટ્રેડમાર્ક શોધવાની રીત, જરૂરી દસ્તાવેજોની તૈયારી અને અરજી કરવાની પ્રક્રિયા જીવંત નિર્દર્શન દ્વારા સમજાવી હતી.

## (૧૨માં પાનાનું ચાલુ)

### ઉમિયાધામ સિદસર

આઈઆઈ એમ,માટેની તૈયારીઓ, હાઈસ્કૂલ કક્ષાએથી આઈએએસ,આઈપીએસ વર્ગ ૧-૨ અધિકારીઓ માટેની તૈયારીઓ કરવા વિદ્યાર્થીઓને સજજ કરાશે. સમાજના આર્થિક જરૂરીયાતમંદ હોશીયાર વિદ્યાર્થી માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરાશે.

ઈશ્વરીયા શૈક્ષણિક પ્રોજેક્ટ ઉપરાંત ગુજરાતના એજ્યુકેશનનું હબ ગણાતા અમદાવાદ ગાંધીનગર હાઈવે પર ૧૧૪૦૦ ચો.વાર મોકાનું ઉમા હોસ્ટેલ સંકુલનું નિર્માણ થનાર છે. આશરે ૧૨૫ કરોડના ખર્ચે નિર્માણાધીન આ પ્રોજેક્ટ માં પાટીદાર યુવક-યુવતીઓ માટે સુવિધાયુક્ત હોસ્ટેલ બિર્ડીંગ બનશે.

મા ઉમિયાની રથયાત્રા રાજકોટ શહેરમાં વોર્ડ વાઈઝ સાડા છ દિવસ પરિભ્રમણ કર્યા બાદ આવતી કાલે મા ઉમિયાના રથ તથા વિવિધ સામાજીક સંદેશા આપતા ફ્લોટસ સાથેની શોભાયાત્રા રાજકોટના મુખ્ય માર્ગો પરથી પસાર થશે.

આ શોભયાત્રા રમેશ પારેખ રંગમંચ રેસકોર્ષ ખાતે થી પ્રસ્થાન કરશે. ત્યાથી બહુમાળી ભવન, સરદાર પટેલ સ્ટેચ્યુ, જીલ્લા પંચાયત ચોક, કિશાનપરા ચોક, મહિલા કોલેજ સર્કલ, બાનલેબ ઓફીસ, અક્ષરમાર્ગ, અમીનમાર્ગ, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાનામૌવા સર્કલ, નાનમૌવા મેઈન રોડ, ભીમનગર ચોક સર્કલ થઈ સ્પીડવેલ ચોક શ્રીનાથધામ હવેલી ખાતે પૂર્ણાહુતી થશે.

### બાલભવન

સન્માનિત કરવામાં આવેલ. પરીક્ષા પહેલા આવા આયોજનો બાળકોના ભણતરનાં ભારને હળવો કરી નવી ઉર્જાનું સિંચન કરે છે. જે બદલ ભાગ લીધેલ બાળકોના વાલીઓએ ટ્રસ્ટી ડો.અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન) તથા ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા બાલભવન પરિવારનો આભાર માન્યો હતો.

### અશાંત ધારા

નોટીફીકેશનની મુદત જાન્યુઆરી - ૨૦૨૬ માં પૂર્ણ થઈ છે.બાદજાન્યુઆરી ૨૦૨૯ માં જુના નોટીફીકેશનને રીન્યુ કરવામાં આવ્યું હતું. આ નવા નોટીફીકેશનમાં ઘણા બધા રેવન્યુ સર્વે નંબર / સીટી સર્વે નંબરનો ઉલ્લેખ થયેલ નથી અથવા તો રિન્યુ કરેલા નોટીફીકેશનમાં રહી ગયેલ છે જેથી કરીને હાલમાં અશાંતધારાની પરવાનગી મળવામાં ખુબજ તકલીફ પડે છે તેના કારણે આશરે ૧૫૦ થી ૨૦૦ અરજી અશાંતધારાના ઓર્ડર માટે પેન્ડીંગ છે.જાન્યુઆરી - ૨૦૨૬ માં રીન્યુ માટેનું જે નોટીફીકેશન આવ્યા બાદ પાંત કચેરીમાં અશાંતધારા ની અરજી દાખલ કરવામાં આવી છે. સરકાર દ્વારા હજુ સુધી જુના નોટીફીકેશનમાં જે રેવન્યુ સર્વે નંબર / સીટી સર્વે નંબર હતા તે નવા નોટીફીકેશમાં રહી ગયા છે તે અંગે રેવન્યુ સર્વે નંબર / સીટી સર્વે નંબરની કોઈ સ્પષ્ટતા આવેલ નથી જેથી ઓર્ડર હાલના તબક્કે નહિ થાય.સરકાર માંથી સ્પષ્ટતા આવ્યા બાદ ઓર્ડર થશે. નવા નોટીફીકેશન આવ્યાને ઘણો સમય થઈ ગયો છતા પણ સરકાર તરફથી આગળ કઈ જ થતું નથી. આ સંજોગોમાં સરકારના નોટીફીકેશનને ધ્યાને લઈ પરવાનગી આપવી જોઈએ. તા. ૧૭/૧૨/ ૨૦૨૫, તા.૩૧/૧૨/૨૦૨૫ ની અરજી દાખલ કર્યા બાદ રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ, અધિકારી અને કર્મચારીની રજાના લીધે ટાઈમસર ઓર્ડર થયા નથી અને તેનો ભોગ વકીલો અને તો અરજદારોને બનવુ પડે છે.આ રજૂઆતમાં એન. જે. પટેલ. જી. એલ. રામાણી, સી. એચ. પટેલ, દિલેશ શાહ, રાકેશ ગોસ્વામી, સંદીપ વેકરિયા, કેતન ગોસલિયા, યોગેશ સોમનેક, જૈમિન માધાણી, રાકેશ કોઠિયા, પ્રણવ પટેલ, અખ્તર ડેલા, કિશોર સખીયા, મહેશ સખીયા, ભાવેશ રંગાણી, આર. ડી. ઝાલા, અકબર હિંગોરજા, ભરત ગનેડ્યા, નરેશ દવે, બિપીન ટાંક, હેમંત ભટ્ટ, પ્રણવ જોશી, ધવલ ત્રિવેદી, મહેશ ચાવડા, ભરત હુંબલ, રસીત ભુવા, જીતેન્દ્ર વડોલીયા, કીરીટ ગોહેલ, ચંદ્રેશ પરમાર, લલિત કાલાવાડિયા હાજર રહેલ હતા.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### એક ફૂલ દો માલી

નંબર ૨, મફતિયાપરા)ને ઝડપી લીધા હતા.

હત્યાના આ બનાવ અંગે તપાસ ચલાવી રહેલા એસીપી ચિંતન પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, હત્યા પ્રકરણમાં પ્રશ્ન માત્ર રસના ચીચોડા બાબતે થયેલી અરજી કારણભૂત નથી. આરોપીઓની પૂછતાછ દરમિયાન સામે આવ્યું છે કે, મૃતક ભાવેશને કૃપાલી નામની યુવતી સાથે સંબંધ હોય દરમિયાન આ કૃપાલીને ઈન્સ્ટાગ્રામમાં આરોપી હમીર જોગરાણા સાથે પરિચય થયો હતો અને બંને વાતચીત કરતા હતા. જે બાબતની જાણ ભાવેશને થયા બાદ ભાવેશ અને હમીર જોગરાણા વચ્ચે ઝઘડો થયો હતો.

થોડા સમય પૂર્વે હમીર જોગરાણાએ ભાવેશ અને કૃપાલી વિરુદ્ધ હનીટ્રેપની યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી તો સામાપક્ષે હમીર જોગરાણા વિરુદ્ધ છેડતીની અરજી કરવામાં આવી હતી. બાદમાં બંને પક્ષે સમાધાન થઈ ગયું હતું પરંતુ ત્યારથી જ દુશ્મનીના બીજ રોપાયા હતા. દરમિયાન યુવતી બાબતે થયેલા ડખા બાદ રસના ચીચોડા બાબતે થયેલી માથાકૂટને લઈ આરોપીઓએ ભાવેશ વાણવી પર હથિયારો વડે જીવણ હુમલો કરી તેની હત્યા નિપજાવી હતી.

એસીપી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આ હત્યા પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર હમીર જોગરાણા છે તે ઉપરાંત હત્યા પ્રકરણમાં વધુ કેટલાક નામ ખુલ્યા છે. જેમાં દેવકરણ, વિક્રમ અને ભુરાનો સમાવેશ થાય છે. સૂત્રધાર સહિતના આરોપીઓને ઝડપી લેવા પોલીસે તપાસ યથાવત રાખી છે.

આરોપીને ઝડપી લેવાની આ કામગીરીમાં એલસીબી ઝોન-૨ ના પીએસઆઈ આર.એચ.ઝાલા અને એએસઆઈ હરપાલસિંહ જાડેજા, હેડ કોન્સ. હેમેન્દ્રભાઈ વાઘીયા, ધર્મરાજ સિંહ ઝાલા,કોન્સ. શિવભદ્રસિંહ ગોહિલ, કુલદીપસિંહ રાણા સાથે રહ્યા હતાં.

### તું ઘરે તો એકલો જ જઈશ ને?

ન હતા તે અનુસંધાને તકેદારીના ભાગ રૂપે બંદોબસ્ત રાખવામા આવેલ હતો. તેઓ ત્યા પહોચેલ ત્યારે માણસોનુ ટોળુ મરણ જનારની ડેડ બોડી સાથે હોસ્પિટલ ચોક ખાતે આવેલ ડો.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતીમા પાસે બેસેલ હતા અને ત્યા હાજર દિલીપભાઈ સોલંકી ઉર્ફે ડી.ડી.સોલંકી, અશોકભાઈ સિંધવ, નરેશભાઈ ઉગાભાઈ બગડા ટોળાને ઉશ્કેરવા લાગેલ કે, આપણે ચક્કા જામ કરી દેવુ છે અને તમામ રોડ રસ્તાઓ બ્લોક કરી દેવાના છે.

ત્યારબાદ ટોળા પૈકીના આશરે ૧૫ થી ૨૦ માણસો હોસ્પિટલ ચોકના જાહેર રસ્તા ઉપર આવી ગયેલ અને અમુક માણસો રસ્તા ઉપર બેસી ટ્રાફીક જામ કરીને રસ્તો બ્લોક કરી સુત્રોચાર કરવા લાગેલ હતા. ત્યા હાજર પોલીસ કર્મચારીઓ દ્વારા તેઓને વિખેરાઈ જવાનુ કહેવા છતા તેઓએ ગેર કાયદેસર મંડળી બનાવી રસ્તો બ્લોક રાખેલ. ત્યા આરોપીઓ જાહેર રોડ ઉપર કાયદો અને વ્યવસ્થાને ભંગ કરતા હોય જેથી કોઈ અનઈચ્છનીય બનાવ બને નહી તેની તકેદારીના ભાગ રૂપે રોડ બ્લોક કરતા લોકોને ડીટેઈન કરવાની કર્યવાહી દરમ્યાન દીલીપભાઈ સોલંકી ઉર્ફે ડી.ડી.સોલંકી સહિતનાઓએ ધક્કો મારી નીચે પછાળી દીધેલ, તે દરમ્યાન આ લોકોને સમજાવતો હતો કે તમે પોલીસની કાયદેસરની ફરજમા રૂકાવટ કરશો નહી તેમજ જાહેર રસ્તો બ્લોક કરી અવરોધ ઉભો કરશો નહી નહીતર તમારા વિરુદ્ધમા કયદેસરની કાર્યવાહી કરવામા આવશે.

પોલિસની ચેતવણી બાદ પણ ટોળાંમાં હાજર શખ્સો ગાળો ભાંડી કહેવા લાગેલ કે, તમારા બધાના પટ્ટા ટોપી ઉતારી નાખીશુ, જેથી બીજા પોલીસ કર્મચારીઓએ જરૂરી હળવો બળપ્રયોગ કરી વાહનમા બેસાડેલ હતા. જે બાદ ડી.ડી.સોલંકી તેમજ બીજા અન્ય માણસોને સરકારી વાહનમા બેસાડી હોસ્પિટલ ચોક ખાતેથી નિકળી એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા ત્યારે ડી.ડી.સોલંકીએ કહેલ કે, તુ ઘરે તો એકલો જ જશે ને ? રસ્તામા તને પતાવી દઈશુ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

### વહીવટદારોની નિમણુંક...

દરમિયાન વહીવટદાર દ્વારા અગાઉની ચૂંટાયેલી પાંખ દ્વારા નિયમાનુસાર મંજૂર કરાયેલ કામો તથા આવશ્યક સેવાઓ જેવી કે પાણી, ગટર, વિજળી, સફાઈ વગેરે જેવા કામો બાબતે નિયમાનુસાર કાર્યવાહી કરવાની રહેશે. આ સમયગાળા દરમિયાન વહીવટદારની દ્વારા નીતિ વિષયક નિર્ણયો લઈ શકાશે નહીં.

રાજયની અમદાવાદ, અમરેલી, આણંદ, અરવલ્લી, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મહીસાગર, મહેસાણા, મોરબી, નર્મદા, નવસારી, પંચ મહાલ, પાટણ, પોરબંદર, સાંબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લા પંચાયતની મૂદત પૂર્ણ થઈ રહી છે. તમામ ૩૧ જિલ્લા પંચાયતોમાં વહીવટદાર તરીકે જિલ્લા કલેકટરને ચાર્જ સોંપવામાં આવ્યો છે. જયારે ૨૨૯ તાલુકા પંચાયતોમાં પ્રાંત અધિકારી, એડિશનલ આરડીસી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ડીઆરડીએ નિયામક, નાયબ પ્રાયોજન વહીવટદાર જિલ્લા પૂરવઠા અધિકારીને વહીવટદાર તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

### ટેકાના ભાવે ઘઉંના વેચાણ...

૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/ખ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કાવાળો દાખલો, ખેડુતના નામના બેન્ક ખાતાની વિગત જેમ કે બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવાની રહેશે.

ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને એસએમએસ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે.

ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો ખેડૂતોનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહીં.

નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧,૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણી...

પાર્ટીએ સામાન્ય લોકોમાંથી ઉમેદવારો પસંદ કરવાનો નિર્ણય કર્યો છે. સમાજસેવકો, રાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા મોટી સંખ્યામાં ફોર્મ ભરવામાં આવ્યા છે અને તેમના પર પણ ચર્ચા કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં બાપ-બેટાની રાજનીતિથી અલગ જઈને સામાન્ય લોકોને નેતૃત્વ આપનારી પાર્ટી તરીકે આમ આદમી પાર્ટી ઉભરી આવશે. હાલ ત્રણ દિવસ સુધી ઉમેદવારોની સ્ક્રીનિંગ પ્રક્રિયા ચાલશે અને ત્યારબાદ ટૂંક સમયમાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવશે. સ્વાભાવિક છે કે ઉમરેઠમાં હાલ જ ઉમરેઠના ધારાસભ્યનું નિધન થયું છે, જેના કારણે ઉમરેઠની વિધાનસભા સીટ ખાલી થઈ છે. ગત રોજ પાંચ રાજ્યોની જે ચૂંટણીની જાહેરાત થઈ છે તેમાં ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીની જાહેરાત પણ કરવામાં આવી છે. ઉમરેઠ પેટા ચૂંટણીને લઈને આવનારા સમયમાં અમે પ્રદેશ નેતૃત્વ અને રાષ્ટ્રીય નેતૃત્વ સાથે ચર્ચા કરી નિર્ણય લઈશું. જે પણ નિર્ણય લેવામાં આવશે તે આગામી સમયમાં આપની સમક્ષ મૂકવામાં આવશે.

### ગેસના બાટલા જમા...

પરિવાર દીઠ ૫ લિટર અને સંસ્થા દીઠ ૨૫ લીટર કેરોસીન ફાળવવામાં આવશે. તેના માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

રાજ્યમાં હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦૦ ટકા જ્યારે ફાર્મા, ડેરી ઉદ્યોગ, સીડ પ્રોસેસ ઈન્ડસ્ટ્રી, એરલાઈન/રેલવે કેન્ટીનમાં ૭૦ ટકા તેમજ મત્સ્યોદ્યોગ જેવી આવશ્યક સેવાઓમાં ૧૦ ટકા કેપ સાથે કોમર્શિયલ એલપીજી પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. તે સિવાય અર્ધ આવશ્યક સેવાઓ જેમ કે રેસ્તરાં/ઢાબા, હોટેલ્સ, કોર્પોરેટ કેન્ટીન, ઔદ્યોગિક કેન્ટીન, કોર્પોરેટ ગેસ્ટ હાઉસ અને ફુડ પ્રોસેસિંગમાં ૧૦ કેપ સાથે પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પૂરતા પગલા લેવામાં આવ્યા છે, જેથી જરૂરિયાત અનુસાર તમામ ક્ષેત્રોને જરૂરી પુરવઠો મળી રહે.

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એન્જસીઓમાં કડક દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. તેમના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સમયસર એલપીજી પુરવઠો મળે અને ગેરરીતિને અટકાવી શકાય. છેલ્લા ૧૨ દિવસમાં જિલ્લા કક્ષાએ ૯૧૨ અને રાજ્ય કક્ષાએ ટીમ દ્વારા ૧૭ કિસ્સાઓમાં તપાસની કામગીરી કરવામાં આવી છે.

એલપીજી માટે રાજ્ય હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ નો સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું છે.

### ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ...

આવ્યો હતો, જે વર્ષ-૨૦૨૦ના ૩૦,૦૦૦ ચો.કિમી વિસ્તાર કરતાં ઘણો વધારે છે.

રાજ્યમાં વાઘના પુનઃસ્થાપન અંગે માહિતી આપતા જણાવ્યું કે ડાંગમાં પૂર્ણા વન્યજીવન અભયારણ્ય ૨૫ વર્ષ પહેલાં વાઘનું ઘર હતું. ત્યાર બાદ ગત તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રતનમહાલ વન્યજીવ અભયારણ્યમાં પીપરગોટા ખાતે વાઘની હાજરી નોંધાઈ છે.

પરિણામે, નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા ગુજરાતને સત્તાવાર રીતે 'ટાઈગર સ્ટેટ' તરીકે માન્યતા આપવામાં આવી છે. વાઘના રહેઠાણ અને ખોરાકની સુરક્ષા માટે વિભાગ દ્વારા રતનમહાલ અભયારણ્યમાં ૨૨ ચિત્તલ અને ૧૪ સાંભર જેવાં પ્રાણીઓને તબક્કાવાર મુક્ત કરવામાં આવ્યાં છે.

છેલ્લા સરવે મુજબ કચ્છના બન્નીનો વન વિસ્તાર ૨૪૯૭ ચો.કિમી. વિસ્તારમાં ફેલાયેલો છે. જે એશિયાના મોટામાં મોટા ઘાસનાં મેદાનો છે. અહીં ચિત્તાના પુનઃસ્થાપન માટે ભારત સરકારની મંજૂરી સાથે 'ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ સેન્ટર' સ્થાપવાની કામગીરી તેજ બનાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં રૂ. ૧૪.૭૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

આ સાથે જ, જાન્યુઆરી-૨૦૨૬માં કચ્છના 'છારી-ઢંઢ' કન્ઝર્વેશન રિઝર્વને ગુજરાતની પાંચમી રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવતાં ગુજરાત દેશમાં ૨૩ ટકા સાથે સૌથી વધુ વેટલેન્ડ વિસ્તાર ધરાવતું રાજ્ય બન્યું છે. રાજ્યમાં કુલ આશરે ૧૭,૦૦૦થી વધુ વેટલેન્ડ નોંધાયેલા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તેમણે જણાવ્યું કે ઉદ્યોગોમાં પ્રદૂષણ નિયંત્રણ માટે સુરત અને અમદાવાદમાં અમલી 'એમિશન ટ્રેડિંગ સ્કીમ' પણ દેશભરમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

વન મંત્રીએ ગૌરવભેર કહ્યું કે વન-જંગલની જમીન પર પ્રવેશ કરવો હોય, તો કલેક્ટરે પણ વન વિભાગના અધિકારીઓની મંજૂરી લેવી પડે-આ આપણી વન સંરક્ષણની સંસ્કૃતિ છે, આ અધિકારો આપણી રાજ્ય સરકારે આપ્યા છે.

આગામી વર્ષે ચિત્તા સાઈટના હેબિટાટ સુધારણા માટે ૫૦૦૦ હેક્ટરમાં ઘાસ વાવેતર કરાશે. ૧૦ નવાં ઘાસ ગોડાઉન, ગ્રાસલેન્ડ રિસ્ટોરેશન અને ગાંડા બાવળ દૂર કરવા માટે રૂ.૯૬.૭૩ કરોડની જોગવાઈ કરાય છે.

પોરબંદરના મોકર સાગર અને કચ્છના ફ્લેમિંગો સિટીને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની રામસર સાઈટ તરીકે જાહેર કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત રજૂ કરાઈ છે. ઉદ્યોગોના સઘન મોનિટરિંગ માટે છેલ્લાં બે વર્ષમાં ૪૩૦ નવી ટેકનિકલ પોસ્ટને મંજૂરી આપી ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ છે. સિંહોના અકુદરતી મૃત્યુ અટકાવવા માટે ટ્રેકર્સ, હાઈટેક મોનીટરીંગ યુનિટ અને અદ્યતન લાયન એમ્બ્યુલન્સની સુવિધા કાર્યરત છે. કેન્દ્ર સરકારની મિષ્ટી યોજના અંતર્ગત રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં મેન્ગ્રૂવના વાવેતરમાં ઉત્તરોત્તર વધારો કરીને કુલ ૪૧૯૯૮ હેક્ટર વાવેતર સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. ગાંધીનગર અને અમદાવાદમાં ૧૬૭ હેક્ટરમાં 'વન કવચ' મોડેલ વિકસાવવા રૂ.૨૫ કરોડ, નદીઓના કાંઠે વનીકરણ માટે રૂ.૨૦ કરોડ અને અરવલ્લીની ગિરિમાળામાં 'ગ્રીન વોલ' બનાવવા રૂ.૧૨ કરોડ ફાળવાયા છે. તૃણભક્ષી પ્રાણીઓ માટે રાજ્યમાં ૫ નવા બ્રીડીંગ સેન્ટર બનાવવા રૂ.૧૦ કરોડ ફાળવાયા છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં મરીન ટૂરિઝમના વિકાસ માટે રૂ.૨૦ કરોડ ફાળવાયા છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**ભાટીયાઃ** ભાટીયા નિવાસી સ્વ.શંકરલાલ જમનાદાસ પાબારીનાં પુત્ર સ્વ.સતિષકુમાર શંકરલાલ પાબારી (ઉ.વ. ૩૪) તે સ્વ. મણીલાલ જમનાદાસ પાબારી, ગોપાલદાસ (જલુભાઈ)ના ભત્રીજા, રાહુલભાઈ ના નાના ભાઈનું ૧૬/૦૩ ને સોમવાર ના રોજ નિધન થયેલ છે., સદ્‌ગતની પ્રાથનાસભા, મોસાળ પક્ષ ની સાદડી તા.૧૮ ને બુધવારના રોજ બપોરે ૪:૩૦ થી ૫:૦૦ વાગ્યા દરમ્યાન સુધી ભાઈઓ -બહેનો માટે શ્રી દુધેશ્વર મહાદેવ મંદિર (જુના ગામ વિસ્તાર) ભાટિયા ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** મધુભાઈ નારણભાઈ માવદિયા (ઉ.વ.૮૪) તે ધર્મિષ્ઠા, કાજલના પિતા, રસીકભાઈના મોટાભાઈનું તા. ૧૭ ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું દેહદાન તથા ચક્ષુદાન કરેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**ચાંપરાજપુર (જેતપુર)ઃ** ઔ. ખ.સ. જ્ઞાતિના સ્વ. રસીકલાલ અમૃતલાલ પંડ્યાના પત્ની નિર્મળાબેન (ઉ.વ.૭૪) તે અનિરૂધ્ધભાઈ, હર્ષાબેન, શિતલબેનના માતા, શાસ્ત્રી જયંતિભાઈના ભાભી, શાસ્ત્રી ભાવેશભાઈ, શાસ્ત્રી પ્રદિપભાઈના સાસુનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૯-૩ ને ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬ દરમિયાન જડેશ્વર મહાદેવ મંદિર, ચાંપરાજ પુર (જેતપુર) મુકામે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# “સનાતન ધર્મ મુજબ વૃત્તિ અને કર્મનો ભોગએ દેવો અને અસુરોમાં સમાન છે”

## પરંતુ દેવો શાસ્ત્રોકત, સાત્વિક ભોગ ભોગવે છે જયારે અસુરો ઐહિક, શારિરીક ભૌતિક ભોગ જ પસંદ કરતા હોય છે’’

**દેવ અસુર રહસ્ય**

આત્મા કે વિરાટ પુરૂષનું આપણા વેદાંતના શાસ્ત્રો (શ્રુતિ)માં એવું વર્ણન છે કે તે (આત્મા) ચૈતન્ય છે અને તેનું સ્વરૂપ એટલે કે તેના વિવિધ ક્રિયાત્મક સ્ફૂરણો એટલે કે મન, પ્રાણ વિગેરે અલગ અલગ દેવતાઓ છે! આ ક્રિયાઓનો વિરામ થતા તે અલગ અલગ દેવતાઓ મુળ સ્વરૂપ (ચૈતન્ય)માં ભળી જતા ફરી મૃત્યુ પ્રજાપતી કે હીરણ્ય ગર્ભ રૂપે એક જ દેવતા રૂપ થાય છે.

જયારે ફરી આ મૃત્યુ પ્રજાપતીમાં ક્રિયાત્મક સ્ફુરણ થાય એટલેકે મન-ચિત્રની વૃત્તિઓ રૂપી દેવ અસુરોનો વ્યવહાર પ્રગટ કરે છે. શાસ્ત્રો અનુસાર જ્ઞાન અને કર્મની વાસના વાળી ચેતનાત્મક વૃત્તિઓ વાળા દેવ બને છે. અને અશાસ્ત્રીય જ્ઞાન અને કર્મના ભોગની જે વાસના વાળી ચેતનાત્મક વૃત્તિઓના અસુરો (રાક્ષસો) બને છે.

જેમાં દેવોની સંખ્યા શાસ્ત્રીય જ્ઞાન-કર્મની પ્રાપ્તી મુશ્કેલ હોવાથી પ્રમાણમાં ઘણી ઓછી હોય છે. પરંતુ શારીરીક વિષય ભોગની આસકિત સહજ ઉપલબ્ધ વૃત્તિ મનુષ્યોમાં સામાન્ય રીતે વધારે હોય છે. તેથી તેવાની (આસુરી વૃત્તિવાળા)ની સંખ્યા ઘણી વધુ હોવાથી.


જ્ઞાન અને કર્મનો ભોગ ઉપભોગ એ બંને દેવ અને અસુરોમાં સમાન છે. પરંતુ ફર્ક માત્ર એટલો જ કે દેવો ને શાસ્ત્રો અનુસાર ઉચ્ચ કોટીના ભોગ (સાત્વિક) જ પસંદ હોય છે. જયારે અસુરોને શારીરીક, ઐહિક (ભૌતિક) ભોગ જ પસંદ હોય છે. આમ આ ચૈતન્યથી આ વૃત્તિઓમાં આવતો પરસ્પર વિરોધાભાસ એજ સંસારમાં જીવનની જંજટ અને કલેશ છે. જે વ્યકિતમાં દેવ વૃત્તિઓનો આવિર્ભાવ વધારે હોય છે. તેઓ સરળ અને ઉચ્ચ કોટીની પ્રગતી કરતા કરતા છેલ્લે બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરવાને સમર્થ બને છે.જયારે જેનામાં આસુરી વૃત્તિઓ વધુ હોય તેઓ ધીમે ધીમે નીચેની કોટીમાં ઉતરતા બુધ્ધિ વિગેરેની ક્ષીણતા થતા અધમ (નિમ્ન) કોટીમાં (જડ, વૃક્ષ, પશુ વિ)જન્મ છે.અને બ્રહ્મજ્ઞાનથી વધુને વધુ વિમુખ થતો જાય છે. આથી જ જે દેહમાં (ઈન્દ્રિયોમાં) આવી આસુરી વૃત્તિઓ વધે છે. ત્યાં ત્યાં તેવા પાપથી તેમનો વિધ્વંશ (અધોગતી) થવાનું શાસ્ત્રોમાં કહ્યું છે આમ તેમનું (અસુરો)નું પાપ જ તેમની સામે શસ્ત્ર બને છે. (તેથી જ શાસ્ત્રો અને સંતો કહે છે કે વ્યવહારમાં મનમા પણ સાત્વિકતા રાખવી, રાગ અને દ્વેષ રાખવો નહિ)

આમ દેવો અને અસુરો બંને મૃત્યુ પ્રજાપતીની જ સંતતી અને અદિતિમાંથી બંને જન્મેલા છે. અને તે બંનેમાં ઉપર જણાવ્યા પ્રમાણે ભોગની પસંદગીનો જ તફાવત છે. દેવોને શાસ્ત્રોકત (સાત્વિક) ભોગ અને અસુરોને શારીરીક, ઐહિક (ભૌતિક) ભોગ જ પ્રિય હોય છે. આમ વ્યકિતની વૃત્તિ જ તેને દૈવિક કે આસુરી વ્યકિત બનાવે છે.

સામાન્ય રીતે મનુષ્ય જયાં સુધી પત્નિ, પુત્ર, ધન અને કર્મએ તમામને મેળવે નહિ ત્યાં સુધી પોતાને અપૂર્ણ (અધુરો) જ માને છે. શ્રુતિ (શાસ્ત્રો)માં કહ્યું છે કે કેવળ અજ્ઞાનને લીધે જ આવી અપૂર્ણતા કે અધુરપની આવી માન્યતા છે. વિધિ-વિધાન, યજ્ઞ યાત્રાદિ કરવાની ઈચ્છા કરે છે તે તો ઠીક છે. પરંતુ ખરેખર તો દરેક વ્યકિત વેદાંતની દ્રષ્ટિએ પૂર્ણ જ છે તેની તમામ સંપત્તિઓ તેના શરીરમાં જ રહેલી છે. કારણ કે મન રૂપી આત્માને વાણી રૂપી પત્નિ છે જ, તેને પ્રાણો રૂપી પુત્રો પણ છે. ચક્ષુ રૂપી ભૌતિક (બ્રાહ્ય) સમૃધ્ધિ છે. અને શ્રોત (શ્રવણ) દ્વારા શાસ્ત્રોકત જ્ઞાનથી દૈવિક સંપત્તિ પ્રાપ્ત થાય છે.તેથી સહજ રીતે વૃત્તિ પણ સાત્વિક બને છે. વળી યજ્ઞાદિક કર્મની ઈચ્છા હોય તો તેના માટે આ શરિર કર્મ (પ્રાણાપાન) કરી જ રહ્યું છે ને ? આમ સર્વ સંપત્તિઓ તેને પ્રાપ્ત થયેલી જ છે ! આમ સાત્વિક વૃત્તિવાળી વ્યકિત બીજા યજ્ઞાદી કર્મ ન કરે તો પણ તે સંપૂર્ણ કહેવાય છે આવો પંચયજ્ઞ એજ વ્યકિતની પૂર્ણતા છે જે તેની ઈન્દ્રિયો વડે સતત હંમેશા ચાલી રહ્યો છે. આ યજ્ઞમાં વ્યકિત પૂણ્ય (સદકાર્ય) અને પાપ (દુષ્કર્મ)ની જે પણ આહુતી આપે તે તે વ્યકિતની ગતી (દેવ કે અસુર તરફની) નકકી કરે છે.




આવા પ્રકારનું આત્મજ્ઞાન મેળવવાની ઈચ્છા ધરાવનાર કોઈક જ ભાગ્યશાળી વ્યકિત હોય છે. વળી આવા જ્ઞાનનો કોઈ ઉપદેશક મળવો પણ એક આશ્ચર્યજનક વાત છે. વાસ્તવિકતા એ છે કે આત્માને ઓળખનાર વ્યકિત મળવી તે તો સર્વથી દુર્લભ છે ! એટલેકે આ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તી કોઈ પૂર્વ જન્મના પૂણ્યનું જ વિરલ ફળ હોય છે. જેથી આ હકિકત અત્યંત નવાઈજનક અને ચમત્કાર જ કહેવાય તેવી છે. શ્રુતિ (વેદોનું જ્ઞાન)નો એવો મત છે કે આત્મજ્ઞાન થવું અતિ કઠીન છે. તે કાંઈ સહેલી વાત નથી. આ પ્રાપ્તી માટે સદગુરૂ કે સતશાસ્ત્રોનો નિરંતર અભ્યાસ અને પાકકી શ્રધ્ધા અને વિશ્વાસ થી અંતઃ કરણથી પૂરૂષાર્થ કરતા રહે તો પ્રાપ્તી પણ થઈ શકે છે.તેમાં કોઈ શંકા નથી, શાસ્ત્રોનો આવો મત છે.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

શ્રીમદ ભગવદ્ ગીતાના સોળમાં અધ્યાયમાં ભગવાન શ્રી કૃષ્ણએ આ દૈવિક લક્ષણો અને આસુરી લક્ષણો અંગે જણાવ્યું છે કે દૈવિક લક્ષણોમાં સાચુ બોલવું, અહિંસા, અક્રોધ, કામના રહીત, ચાડી-કુથલી રહીત, પ્રાણીઓ તરફ કરૂણા-દયા, સાંસારિક વિષયોમાં અરૂચિ, કોમળ અંતઃકરણ, અકર્તવ્ય પણામાં શરમ એ ગુણોનો વિકાસ અને અભ્યાસ થાય છે. ઉપરાંત તેજ (પ્રભાવ), ક્ષમા, ધૈર્ય, શરિરની શુધ્ધિ, વેરભાવ રહિત, અમાનીપણુ આ તમામ ગુણો દેવીતત્વ તરફ ગતિ કરતા મનુષ્યના લક્ષણો છે. જયારે આ સદગુણો પ્રત્યે મન આકર્ષાય અને તેનો અભ્યાસ ચાલુ થાય ત્યારે તે સાધકની પ્રગતી ચાલુ થાય છે.

જયારે આસુરી ગતિ તરફ જતા વ્યકિતમાં કામ, ક્રોધ, લોભ, મોહ, દંભ કરવો, ઘમંડ કરવું, અભિમાન કઠોરતા કપટતા અને અવિવેકી પણુએ લક્ષણોમાં ગળાડુબ રહેવા લાગે છે.

સનાતન ધર્મના સાધૂઓ આ તમામ સદગુણોનો અમલ કરવા જીવનભર પ્રયત્ન કરે છે કોઈ દંભનહિ દેખાવનોપણ નહી બને ત્યાં સુધી એકાંતવાસ, સાદો પહેરવેશ માથે વાળ હોય કે નહોય કોઈ ફેર પડતો નથી.વાળ લાંબા હોય તો કપાવવા કોઈ જંજટ નહિ જટા, શરીરે ભભૂતી અરે સ્થિર આસન કે જમવાની પણ કોઈ ખાસ પરવા નહિ સ્વાદ તો ઠીક પરંતુ ભોજનની પણ અનિશ્ચિતતા, અહંકારના નાશ માટે ભીક્ષાવૃત્તિ કરીને નીર્વાહ કરવાનો, કોઈ દંભ દેખાડો નહી, ધર્મનું જ્ઞાન તમામને સમાન રીતે સત્તા સંપતિ કે ગરીબના કોઈ ભેદભાવ વગર અને કોઈ અતિશયોકિત કે લાભ માટે નહીં!

જયારે અમુક સંપ્રદાયો પ્રચાર માટે સવળા ઉપાયો જેવા કે ભોજનમાં ભરપૂર અને તેમની શૈક્ષણીક સંસ્થાઓમાં ખાસ તો પોતાના સંપ્રદાયનું જ જ્ઞાન ત્યાં સુધી કે કોઈ વેદોકકત સ્તુતિ કે આરતી કે પ્રાર્થના નહિ તેમના જ ભકતોના ગુણગાન ! હવે તો અમુક સંપ્રદાયો છુપી રીતે પોતાના પંથના જ લોકોની ફેવર કરવાની અને અન્યનો છુપી રીતે વ્યવહાર કરી બહિષ્કાર કરવાની પધ્ધતિ ચાલુ કરી છે. આમ ધંધા, વ્યવસાય અને વ્યવહારમાં ગમા-અણગમા અને મામકાવાદ ચલાવતા હોય છે જે બાબત આદર્શ લોકશાહી( ફ્રી એન્ડ ફેર) વ્યવસ્થા માટે પણ ઘાતક છે.જયારે સનાતન ધર્મના વિશ્વ વિખ્યાત ગ્રંથ શ્રીમદ્ ભગવદગીતા જુઓ કે તેમાં કોઈ વ્યકિત (દેવ સંપ્રદાય)નો ઉલ્લેખ કે નિર્દેષ પણ નથી ફકત ‘આત્મજ્ઞાન’નોજ ઉલ્લેખ છે. જયારે અન્ય સંપદાયો પોતાનું મહત્વ વધારવા કોઈ શાસ્ત્રોકત કે ઐતિહાસીક આધાર પુરાવા સિવાય સનાતન ધર્મના દેવતાઓને ઉતરતા બતાવી પોતાના ભકતોમાં પોતાની તંગડી ઉંચી રાખવા પ્રયત્ન કરતા હોય છે. જે ભારતીય બંધારણ મુજબ પણ અન્યની પરોક્ષ ટીકા જ છે. જયારે સનાતન ધર્મમાં આત્મજ્ઞાન, બહુજનહિતાય સર્વજન સુખાય નો જ ઉપદેશ આપે છે. તેમાં ઉપદેશો માં પણ ભગવાને કહ્યું છે કે ‘પરિત્રાણાય સાધૂનામ્ (સજજનો), વિનાશાય ચ દુષ્કૃતામ (આસૂરી વૃત્તિવાળા) સંભવામી યુગે યુગે ।।’ જે કાંઈ વિશ્વ છે તે મન, બુધ્ધિ અને જ્ઞાન થકી જ હોવાનું જણાવ્યું છે કોઈ વ્યકિત વિશેષ ઉલ્લેખ નથી ઉપર જણાવ્યા પ્રમાણે સાધના પણ સાવ સાદી સરળ અને સહજ છે. આમ સનાતન ધર્મ એક અદભૂત અને દિવ્ય જીવન પધ્ધતિ અને વૃત્તિજ છે.

**વિશ્વરસઃ ‘મન એવ મનુષ્યાણામ, બંધન મોક્ષ કારણમ્ ।।’ શ્રીમદ્ ભગવત ગીતા**

# રૂડાના રૂ.૩૦૨.૩૨ કરોડના બજેટને બોર્ડ બેઠકમાં બહાલી

## બેડી અને પાળ-કાંગશિયાળીમાં નવી ટીપી સ્કીમ બનાવવા માટે ઈરાદો જાહેર કરાયો

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)ની ૧૮૧મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં મળી હતી. આ બોર્ડ બેઠકમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ હેઠળ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૯/૨ (બેડી) ,સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૪ (પાળ-કાંગશિયાળી), સત્તામંડળના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૩૦૨.૩૨ કરોડના બજેટને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, રાજકોટ મહાનગરપાલિકાના વહીવટદાર રેમ્યા મોહન, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટી મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રૂડાના ઈન્ચાર્જ સી.ઈ.એ. આઈ.એસ. આહીર, કલેકટરના પ્રતિનિધિ તરીકે ડો.ચાંદની પરમાર, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે આર.ડી. પરમાર તથા કોર્પોરેશનના સીટી એન્જી. કે.કે. મહેતા હાજર રહેલ હતા.

# આઝાદ હિન્દ ગોલાવાલામાં ત્રાટકતું કોર્પોરેશન સિરપ, ક્રિમ અને માવાના નમૂના લેવાયા

**અબતક, રાજકોટ**

ઉનાળાની સિઝન શરૂ થતાની સાથે જ આઈસ ગોલાનું વેંચાણ વધ્યું છે. કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા આઈસગોલાનું વેંચાણ કરતા આઝાદ હિન્દ ગોલાવાલા પેઢીમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. સીરપ, ક્રિમ અને માવા મલાઈ સહિત ૬ નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત મોચીનગર મેઈન અને બજરંગ વાડી વિસ્તારમાં ખાણીપીણીની ૧૯ દુકાનોમાં ચેકીંગ હાથ ધરી આઠ વેપારીઓને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટીસ આપવામાં આવી છે.

## મોચીનગર મેઈન રોડ, બજરંગ વાડી વિસ્તારમાં ખાણીપીણીની ૧૯ દુકાનોમાં ચેકીંગઃ ૮ વેપારીઓને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટીસ



ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના ત્રિકોણબાગ પાસે આવેલા આઝાદ હિન્દ ગોલાવાલામાં ચેકીંગ દરમિયાન લૂઝ આઈસગોલા માટેનું કેડબરી ફ્લેવર સિરપ, કાચી કેરી ફ્લેવર સિરપ અને માવા રબડીનો નમૂનો લેવાયો હતો. જ્યારે પેઢીની જ્યુબેલી શાકમાર્કેટ પાસેની બ્રાન્ચમાંથી પાઈપનેપલ ફ્લેવર સિરપ, માવા બદામ ફ્લેવર સિરપ અને લૂઝ ક્રિમનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં પણ આઈસગોલામાં ચેકીંગ ચાલુ રાખવામાં આવશે. મોચીનગર મેઈન રોડ અને બજરંગ વાડી વિસ્તારમાં ખાણીપીણીની ૧૯ દુકાનોમાં ચેકીંગ દરમિયાન શ્રી ચામુંડા કિરાણા સ્ટોર, ગાયત્રી ડેરી ફાર્મ, બાલાજી પાણીપુરી, શ્રીજી મેડિકલ સ્ટોર, બાઈટ બોક્સ, સુરેશ નમકીન, જલારામ જનરલ સ્ટોર અને મહાવીર ફરસાણને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટીસ આપવામાં આવી હતી.

# બનેવીને ચોથા માળેથી ફેંકી દઈ મોતને ઘાટ ઉતારવાના ગુનામાં આરોપી નિર્દોષ

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલા બારમાળીયા આવાસ યોજનામાં મોસાળમાં રહેતા પુત્રને મળવા ગયેલા પિતા સાથે થયેલી ઝપાઝપી દરમિયાન બિલ્ડિંગના ચોથા માળેથી નીચે ફેંકી દઈ મોતને ઘાટ ઉતારવાના કેસમાં અદાલતે આરોપી સાળાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલ ૧૨ માળીયા ક્વાર્ટરમાં મોસાળમાં નાની ઈન્દુબેન રાવળદેવ સાથે રહેતો ભાણેજને મળવા આવેલ તેના પિતા સિકંદર સાથે સાળા આશિષ રમેશભાઈ રાવળદેવ વચ્ચે બોલાચાલી થઈ હતી. તે દરમિયાન થયેલી ઝપાઝપીમાં સાળા આશિષે સિકંદરને ચોથા માળેથી નીચે ફેંકી દેતા, ગંભીર ઈજા પહોંચતા બનેવી સિકંદર મોત નીપજયુ હતું. આ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં આશિષ રમેશ રાવળદેવ સામે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આશિષ રાવળદેવ સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલહવાલે કર્યો હતો. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં ફરીયાદ પક્ષે અદાલત સમક્ષ ૧૨ સાહેદો અને ૧૬ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. આરોપી તરફે દલીલમાં ફરીયાદ પક્ષ તેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાના મતલબની દલીલો માન્ય રાખી ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા

અદાલતે આરોપીએ મરણજનારને માર મારીને બનાવ સ્થળે બિલ્ડિંગના ચોથા માળેથી નીચે ફેકી દેતા કોઈએ નજરે જોયેલ હોવાનો લેશમાત્ર પુરાવો ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ ન હોય આથી અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાંવ્યો છે. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ તરીકે રાહુલ કે. શાહ, રૂષીત ડી. પટેલ, જયદેવ જે. શીશાંગીયા અને હાર્દિક જી. ડોડીયા રોકાયા હતાં.

# મ્યુનિસિપલ કમિશનરની ફેરણીઃ વિકાસ કામોની કરી સમીક્ષા

## જ્યુબિલી ગાર્ડનમાં કાર્યરત જ્યુબિલી કમ્પોસ્ટ પ્લાન્ટ, સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ અન્વયે જંકશન મેઈન રોડ વિસ્તારની મુલાકાત લીધી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા શહેરમાં ચાલી રહેલી સ્વચ્છતા, આરોગ્ય અને નાગરિક સુવિધાઓ સંબંધિત કામગીરીની સમીક્ષા કરવા માટે વિવિધ સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કમિશનરએ રૂબરૂ નિરીક્ષણ કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

સર્વપ્રથમ કમિશનરએ જ્યુબિલી ગાર્ડનમાં કાર્યરત જ્યુબિલી કંપોસ્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અહીં શહેરમાંથી એકત્રિત થતો ભીનો કચરો કેવી રીતે વૈજ્ઞાનિક પદ્ધતિથી કંપોસ્ટમાં રૂપાંતરિત કરવામાં આવે છે તેની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરએ કચરા વિભાજનને વધુ અસરકારક બનાવવા અને કંપોસ્ટ ઉત્પાદનની ગુણવત્તા સુધારવા માટે સૂચનો આપ્યા હતા. સાથે સાથે, પ્લાન્ટની કાર્યક્ષમતા વધારવા અને પર્યાવરણમિત્ર પ્રક્રિયાઓને વધુ મજબૂત બનાવવા માટે પણ



માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ કમિશનરએ જંકશન મેઈન રોડ વિસ્તારની મુલાકાત લઈ શહેરની સફાઈ વ્યવસ્થા, ટ્રાફિક વ્યવસ્થાપન તથા માર્ગોની હાલત અંગે નિરીક્ષણ કર્યું હતું. માર્ગ પર સફાઈ કાર્ય, કચરો ઉઠાવવાની વ્યવસ્થા અને નાગરિકોને આપવામાં આવતી સુવિધાઓ અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. શહેરને સ્વચ્છ અને સુવ્યવસ્થિત બનાવવા માટે નિયમિત મોનીટરીંગ અને ઝડપી કાર્યવાહી પર ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ કમિશનરએ જંકશન પ્લોટ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. અહીં આરોગ્ય સેવાઓની ગુણવત્તા, દર્દીઓને મળતી સુવિધાઓ, દવાઓની ઉપલબ્ધતા અને સ્ટાફની કામગીરી અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરએ નાગરિકોને ઝડપી અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી સુધારા સૂચવ્યા હતા. આરોગ્ય કેન્દ્રોમાં સ્વચ્છતા જાળવવા અને દર્દી કેન્દ્રિત સેવાઓ પર વિશેષ ધ્યાન આપવા જણાવ્યું હતું.

# કોર્પોરેશન દ્વારા શુક્રવારે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે વિશ્વ ચકલી દિવસ એટલે કે ૨૦ માર્ચના રોજ ચકલીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે શહેરીજનોને વિનામુલ્યે ચકલીના માળા તથા પાણી પીવાના કુંડાનું વિતરણ કરવામાં આવે છે. શહેરીજનો આ ઘરેલુ ચકલીઓના સંરક્ષણ અને સંવર્ધનમાં પોતાનું યોગદાન આપી શકે તે માટે ચાલુ વર્ષે પણ આગામી ૨૦ માર્ચ, શુક્રવારના રોજ(વિશ્વ ચકલી દિવસ-૨૦૨૬) રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગાંધી મ્યુઝમ ખાતે નિઃશુલ્કે માટીના માળા તથા માટીના કુંડાનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી શુક્રવારના રોજ સવારે ૯ કલાકથી માળા તથા કુંડાનું વિતરણ શરૂ કરવામાં આવશે. માળા તથા કુંડાનું વિતરણ સવારે ૯ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

# યુસીસીનો ડ્રાફટ અહેવાલ સીએમને સોંપાયોઃ ૨૪મીએ બિલ મુકાય તેવી શકયતા

## મહિલાઓના અધિકાર ભૌગોલીક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં લેવાયોઃ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ તૈયાર કર્યા અહેવાલ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો વિસ્તૃત અને આખરી અહેવાલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને મંગળવારે ગાંધીનગરમાં સોંપ્યો હતો. જે આગામી ૨૪મીએ વિધાનસભામાં રજુ થશે.

આ અહેવાલ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજયના જિલ્લાઓની મુલાકાત લઈને લોક અભિપ્રાયો મેળવીને તથા ઘનિષ્ઠ જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને રચવામાં આવેલી આ સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ



સી.એલ. મીણા, વરિષ્ઠ એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ ડો. દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતા શ્રોફનો સમાવેશ થયેલો છે. મુખ્યમંત્રી સમક્ષ આ અહેવાલ અર્પણ કરતાં જે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું તેમાં જણાવાયું હતું કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે.

વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. એટલુ જ નહીં ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાં આવી છે.

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈએ મુખ્યમંત્રીને આ અહેવાલના ત્રણ વોલ્યુમ સોંપ્યા તે વેળાએ સમિતિના સલાહકાર નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ અને ઉત્તરાખંડના પુર્વ મુખ્ય સચિવ શત્રુઘ્નસિંઘ તથા સમિતિના સભ્યો, મુખ્ય સચિવ એમ.કે.દાસ, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે, વૈધાનિક બાબતોના સચિવ કે એન લાલા, કાયદા સચિવ ઉપેન્દ્ર ભટ્ટ અને સંબંધીત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રમજાન અંતિમ ચરણમાં: ૧૮મીએ ચંદ્ર દર્શન થાય તો ગુરૂવારે ઈદ

## ઈસ્લામના કેન્દ્રબિંદુ મક્કા મદીનામાં ચાંદ કમિટીને ચંદ્ર દર્શનની સાઉદી સરકારની હિમાયત... આજે ૨૭મુ રોજુ રાતભર મસ્જિદોમાં લાયલેતુંલકદર "ક્ષમાયાચના" સાથે હજારો બંદાઓએ કરી ઈબાદત

**અબ તક રાજકોટ**

ભારત સહિત વિશ્વભરમાં ઈસ્લામના પવિત્ર રમજાન મહિનો અંતિમ ચરણમાં ચાલી રહ્યો છે આજે ૨૭ માં હરણી રોજા ની પૂર્વ સંધ્યાએ ગઈકાલે લઈ લતુલકદ્ર ક્ષમાયાચના માટે દુનિયાભરની મસ્જિદોમાં બંદાઓ એ અલ્લાહ પાસે ગુના ની માફી તોબા સાથે ઈબાદત કરી હતી.

ઈસ્લામ ના કેન્દ્ર બિંદુ સાઉદી અરબ મક્કા મદીના સરકારે ૨૦૨૬ ની ઈદ માટે ચાંદ કમિટી ને ૧૮ માર્ચે હિજરી ૧૪૪૭ ના રમજાન પછીના સવાલ નો ચાંદ જોવા હિમાયત કરી છે,

આ વર્ષે વર્ષો પછી રમજાન મહિનાના ૩૦ રોજા પૂરા થવાની શક્યતા છે ૧૮/૩ ના ચંદ્ર દર્શન થાય તો સંભવિત ગુરૂવારે રમજાન ઈદની ઉજવણી થશે.

ભારતમાં દિલ્હી શાહી મસ્જિદ ના ઈમામના માર્ગદર્શન હેઠળ દેશભરના વિવિધ વિસ્તારોની ચાંદ કમિટી ના અભિપ્રાય બાદ ઈદ ની ઉજવણીની તારીખ નક્કી કરવાની પરંપરા આજે પણ અકબંધ છે, ઈસ્લામ ધર્મ ચંદ્ર આધારિત કેલેન્ડર પર ચાલતું હોય ચંદ્ર દર્શન બાદ મહિનાની શરૂઆત થાય છે રમજાન બાદ સવાલ મહિના ના ચંદ્ર દર્શન બાદ ઈદ ની ઉજવણી થાય છે દેશભરમાં ઈદની ઉજવણી સંભવિત ગુરુવારે થશે ગુજરાતમાં અમદાવાદ રાજકોટ ભાવનગર સુરત જુનાગઢ ધોરાજી ઉપલેટા માંગરોળ વેરાવળ ઉના કોડીનાર સહિત મુસ્લિમ સમાજની વિશેષ વસ્તી ધરાવતા શહેરોમાં સવારે ઈદની નમાજ અને સ્નેહમિલન સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે



### ઈદના ચાંદ જોનાર ગવાહનો મત લેવામાં આવે છે

રમજાન ઈદ ની ઉજવણી ચંદ્ર દર્શન ના આધારે થાય છે સ્થાનિક ધોરણે ૩૦થી ૫૦કિલોમીટરના વિસ્તારમાં ચંદ્ર દેખાય તો જ ઈદ ઉજવાય છે ચંદ્ર કમિટી અથવા તો ચંદ્ર જોનાર ને એક પરહેજગાર અને નમાજી વ્યક્તિ ની ગવાહી ની જરૂર પડે છે જો ગવાહ સાથે ચંદ્ર દર્શન ના અહેવાલ મળે તો જ ઈદની ઉજવણી કરવાની પરમપરા આજે પણ અકબંધ છે

### ઈદની તારીખ ચાંદ જોવા પર આધાર રાખે છે

રમજાન પછીના ઈસ્લામિક મહિનાશવ્વાલનો ચંદ્ર જોવાથી ઈ શવ્વાલનો પહેલો દિવસ નક્કી થાય અને ઈદ ઉલ ફિત્રની તારીખ નક્કી થાય છે. જો ૧૮ માર્ચે ચંદ્ર દેખાય છે, તો સાઉદી અરેબિયામાં ઈદ ૧૯ માર્ચ, ગુરુવારે ઉજવાશે

### રમજાન ઈદ-ઈદ ઉલ ફિત્ર એટલે ઉપવાસના પારણા કરવાનો તહેવાર

રમજાન ઈદનેઈદ ઉલ ફિત્ર, કહેવામાં આવે છે જેનો અર્થ રોજા છોડવા અથવા તો પારણા કરવાનો તહેવાર" થાય છે રમજાન ઈદના દિવસે વિશ્વ કલ્યાણ માટે દુઆ અને ગરીબ જરૂરિયાત મંદોને દાન નું મહત્વ છે ઈદના દિવસે સમૂહ નમાજખૂતબા તે દિવસની શરૂઆત થાય છે ત્યારબાદ સમાજ મેલાવડા વડીલોને વંદન ભોજન જકાત અને ફિત્રા નું દાન કરી ગરીબ અનાથ બાળકોને મદદ કરવા ને પુણ્ય માનવામાં આવે છે

# જંગલેશ્વર ડિમોલીશનનો કેસ કોર્પોરેશન જીતી ગયું: હવે રોડની કામગીરી શરૂ કરશે

## કોર્પોરેશન દ્વારા હવે દરેક મોટા પ્રોજેકટમાં સીસીટીવી કેમરાથી નજર રાખશે

**અબતક, રાજકોટ**


શહેરના જંગલેશ્વરમાં તાજેતરમાં હાથ ધરવામાં આવેલા મેગા ડિમોલીશન સંદર્ભે કેટલાક આસામીઓ કોર્ટ ગયા હતા. કોર્પોરેશન સામે રીટ દાખલ કરી હતી. જેના લીધે ડિમોલીશનની કામગીરીમાં અવરોધ ઉભો થાય તેમ લાગતું હતું પરંતુ કોર્ટનો ચુકાદો આવે તે પહેલા તંત્ર દ્વારા ડિમોલીશનની કામગીરી આટોપી લેવામાં આવી હતી અને ગઈકાલે કોર્ટે મહાનગરપાલિકાની ફેવરમાં ચુકાદો આપી ડિમોલીશનને માન્ય ઠરવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.તેમ મ્યુનિસીપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું.



તેઓએ જણાવ્યું હતું કે કોર્પોરેશનના દરેક મોટા પ્રોજેકટનું કામ શરૂ થાય ત્યારે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરી કામ પૂર્ણ થવાની તારીખ અગાઉથી નક્કી કરવામાં આવતી હોય છે. કોન્ટ્રાકટ અપાય ત્યારે જ કામ પૂર્ણ થવા માટે સમય ફાળવાતો હોય છે પરંતુ મોટાભાગનાં પ્રોજેકટ સમયસર પૂર્ણ ન થતાં હોય તેમજ ગુણવત્તામાં પણ બાંધછોડ થતી હોવાના બનાવો બનતા મ્યુનિસિપલ કમિશનરે દરેક મોટા પ્રોજેકટનું મોનીટરીંગ ઓફિસમાં બેઠા બેઠા થઈ શકે તે માટે પ્રોજેકટ શરૂ થાય તે પહેલા જરૂર મુજબના સીસીટીવી કેમેરા ગોઠવી તેનું મોનીટરીંગ કરવા અને પ્રોજેકટની કામગીરીનું ચેકીંગ કરવા વિજીલન્સ સેલ ઉભો કરવાની તૈયારીઓ આરંભી છે અને રાજ્યમાં આ પ્રથમ વખત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શરૂ કરાશે મોટાભાગનાં મોટા પ્રોજેકટો સમયસર તૈયાર થતાં ન હોય લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે તેવી જ રીતે તંત્રને પણ આર્થિક અને સમયનો વેડફાટ કરવો પડતો હોય છે. દરેક પ્રોજેકટ પાછળ અધિકારી સહિતનાનો સ્ટાફ રોકાયેલો હોય આ પ્રોજેકટ પૂર્ણ ન થાય ત્યાં સુધી અન્ય કામ થઈ શકતા નથી તેજ રીતે પ્રોજેકટ માટે નક્કી કરેલ રો-મટીરીયલની ગુણવતામાં પણ બાંધછોડ થતી હોવાની ફરિયાદો ઉઠતી હોય છે. સ્થળ ઉપર હાજર વિજીલન્સ દ્વારા રો-મટીરીયલ્સની ચકાસણી થતી જ હોય છે. છતાં ફરિયાદો આવતાં હવે સરપ્રાઈઝ ચેકીંગની જરૂરીયાત ઉભી થઈ છે. તેવી જ રીતે રોજેરોજ કેટલું કામ થાય છે? તેનો રિપોર્ટ ઈજનેરો અને કોન્ટ્રાકટરો દ્વારા આપવામાં આવતો હોય છે પરંતુ ખરેખર રિપોર્ટ મુજબ કામ થતું હોય તો સમયસર કામ પુરૂ થઈ જવું જોઈએ તેના બદલે દરેક પ્રોજેકટની સમયમર્યાદા વધતી જોવા મળી રહી છે.

# પ્રદેશ કોંગ્રેસ અગ્રણી ડો.હેમાંગ વસાવડાનો આજે જન્મદિવસ

સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ ન્યુરો સર્જન અને રાજકોટની જાણીતી મધુરમ મધુરમ હોસ્પિટલના સર્વેસર્વા ડો.હેમાંગ વસાવડા (એમ.એસ.)નો આજે જન્મદિવસ છે.ડો.હેમાંગ વસાવડાએ આજે સફળ જીવનના ૬૪ વર્ષ પૂર્ણ કરી ૬૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.



નાગર જ્ઞાતિ તેમજ તબીબી - વર્તુળોમાં આગવી નામના ધરાવતા ડો.હેમાંગ વસાવડા રાજકોટ સ્થિત નાગર વિદ્યાર્થી-બોર્ડિંગના કર્તાહર્તા છે. દર્દીઓની સાથે સાથે રાજકારણની નાડ પારખી ગયેલા ડો.હેમાંગ વસાવડા વર્ષોથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં સક્રિય છે, અગાઉ તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ડોકટર સેલના ચેરમેન, રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ તરીકે સફળ કામગીરી કરી ચુકયા છે. ડો.હેમાંગ વસાવડા જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેમજ સિધ્ધિ - પ્રસિધ્ધીના નવા સોપાનો સર કરે તેવી જન્મદિવસ શુભેચ્છા છે.

# બાર એસો.ની ચૂંટણીમાં અમૃતા ભારદ્વાજની જીત: રેલવે યુનિયન દ્વારા અભિવાદન



## વેસ્ટર્ન રેલવે યુનિયનના પ્રતિનિધિ રાજેશ મહેતાને પૂષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી

**અબતક, રાજકોટ**

તાજેતરમાં ગુજરાતમાં ગુજરાત બાર કાઉન્સીલની ચુંટણી યોજાયેલ હતી. તેમાં એડવોકેટ અમૃતાબેન ભારદ્વાજ વિજેતા થઈ ગુજરાત બારના સભ્ય તરીકે પસંદ થયેલા છે. એડવોકેટ અમૃતાબેન ભારદ્વાજપૂર્વ રાજયસભાના સભ્ય તથા સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજના પૂર્વ સભ્ય, પૂર્વ રાજકોટ બાર એસો.ના પૂર્વ પ્રમુખના પુત્રી છે. રેલવુ યુનિયનના રાજેશભાઈ વી. મહેતા તથા તેમના પત્ની હિનાબેન આર. મહેતાએ બુકે આપી અને મીઠાઈ ખવડાવી અભિનંદન આપી શુભેચ્છા વ્યકત કરી હતી.

# રાજકોટ જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે ચાર્જ સંભાળતા કલેક્ટર ડો.ઓમ પ્રકાશ





**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અનુલક્ષીને રાજકોટ જિલ્લા પંચાયતની પ્રવર્તમાન ચૂંટાયેલી બોડીનો સમયગાળો પૂર્ણ થતાં રાજકોટ જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે રાજકોટ જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશની નિમણુંક કરવામાં આવી છે.

કલેકટરે આજે જિલ્લા પંચાયત વહીવટદાર તરીકે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદની ઉપસ્થિતિમાં વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે.

# શિવકુંજ આશ્રમ જાળીયામાં પૂ. મોરારિબાપુનું ઓચિંતુ આગમન થતા લોકોમાં હરખની હેલી

## પાપમોચીની એકાદશી પ્રસંગે વિશ્વાનંદ માતાજી સાથે વિશ્રાંતિ લાભ લીધો



**અબતક, રાજકોટ**

ગોહિલવાડનાં જાણીતાં શિવકુંજ આશ્રમ જાળિયામાં મોરારિબાપુએ સહજ મુલાકાત લીધી હતી. શ્રી વિશ્વાનંદ માતાજી સાથે આશ્રમની પ્રાસંગિક વાતચીત કરી વિશ્રાંતિ લાભ લીધો હતો.


બગસરા રામકથા પૂર્ણાહુતિ બાદ ઓચિંતા જ મોરારિબાપુનું આગમન થતાં વિશ્વાનંદ માતાજી અને આશ્રમ પરિવારને રાજીપો થયો હતો. આશ્રમમાં પાપમોચીની એકાદશી પ્રસંગે સત્સંગ મંડળને આમ સાનિધ્ય મળ્યું. મહિલા મંડળના કંચનબેન માંગુકિયા, હિરાબેન માણિયા, વિમળાબેન માણિયા, મંજુબેન પટેલ, શાંતુબેન ડાભી, હંસાબેન લખાણી વગેરેએ વંદના ભાવ વ્યક્ત કર્યો હતો.

આ વેળાએ આશ્રમ પરિવારના જાળિયા સહિત આજુ બાજુ નાં રણછોડભાઈ માણિયા, વિઠ્ઠલભાઈ માંગુકિયા, નટુભાઈ સવાણી, કરશનભાઈ માણિયા, કાળુભાઈ રાઠોડ, રામજીભાઈ પટેલ, રવજીભાઈ પટેલ, બાલાભાઈ પટેલ, રોનકભાઈ સોલંકી, મનુભાઈ લખાણી વગેરે કાર્યકર્તાઓ જોડાયાં હતાં.

# સેતલ રતીલાલ સોલંકીના ચક્ષુદાનથી બે વ્યક્તિના જીવનમાં પથરાશે રોશની

**અબતક, રાજકોટ**

સેતલ રતિલાલ સોલંકી ઉ.૫૫નું અવસાન થતા સોલંકી પરિવાર દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે સદ્દગતનું સ્કીન દાન તેમજ અર્હમ આઈ બેંકમાં ચક્ષુદાન કરવામાં આવેલ છે. શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન, રાજકોટ સિવિલ હોસ્પિટલ તેમજ ડો. ધર્મેશભાઈ શાહ અને તેમની આઈ સર્જન ટીમ એ માનદ સેવા આપેલ હતી આ તકે સ્કીનદાનથી ઓછામાં ઓછી ૨૫ વ્યકિતઓને જીવનદાન મળે છે. અને ચક્ષુદાનથી બે વ્યકિતના જીવનમાં રોશની પથરાશે ત્યારે સમાજ સોલંકી પરીવારનો સદાય ઋષી રહેશે.



આપના સ્નેહીના જન્મ દિવસ કે સ્મૃતિ રૂપે રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા, ચક્ષુદાન, સ્કીનદાન, અંગદાન, દેહદાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનાર કરવા કે જીવદયાના અન્યકોઈપણ કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનનાવિનય જસાણી ૯૪૨૮૨૦૦૬૬૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ચૈત્રી નવરાત્રિ દરમિયાન કતલખાના બંધ રાખવા માંગ

## કરૂણા ફાઉન્ડેશનની મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજુઆત

**અબતક, રાજકોટ**

આગામી તા. ૧૯/૦૩/૨૦૨૬, ગુરુવાર થી તા. ૨૭/૦૩/૨૦૨૬, શુક્રવાર સુધી ચૈત્રી નવરાત્રીનાં પવિત્ર દિવસો દરમ્યાન તથા તા. ૨૦/૦૩/૨૦૨૬, શુક્રવારના રોજ ચેટીચાંદ, તા. ૨૬/૦૩/૨૦૨૬, ગુરુવારના રોજ રામનવમી તેમજ તા. ૩૧/૦૩/૨૦૨૬, મંગળવાર ના રોજ મહાવીર જયંતી નિમિતે ભારતની ધર્મપ્રેમી જનતા, ઉપવાસ, એકટાણા, ધ્યાન કરી 'માં નવદુર્ગા'ની ભકિતમાં તલ્લીન થતાં હોય છે. હિન્દુ ધર્મમાં ચૈત્રી નવરાત્રીનું અનેરૂ મહત્વ હોય છે. આ પવિત્ર પર્વ નિમીતે તેમજ ચેટીચાંદ, રામનવમી, મહાવીર જયંતીના પવિત્ર દિવસો દરમ્યાન દેશનાં તમામ રાજયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન, ચીકન, મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા રાજ્યનાં મુખ્યમંત્રીને શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

તંત્ર દ્વારા રાજ્યનાં દરેક જીલ્લા, શહેર અને ગામમાં સત્વરે જાહેરનામું બહાર પડાવી કાયદેસર અને ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ, માંસની દુકાનો પર પ્રતીબંધીત આદેશ બહાર પડાવવાની રજૂઆત ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલયની નેશનલ એડવાઈઝરી કમિટી મેમ્બર મિતલ ખેતાણી તથા શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, ધિરેન્દ્ર કાનાબાર દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

## બુંદ સે ગઈ, હોજ સે નહીં આતી

# નબળા પડી રહેલા અમેરિકાને ટ્રમ્પ પાવર કયાં સુધી ખેંચશે?

### આર્થિક પતન અને ઉત્પાદન ક્ષમતામાં ઘટાડો

**અમેરિકાની શક્તિનો અસલી આધાર તેની અર્થવ્યવસ્થા હતી, જે હવે ડગમગી રહી છે:**

- GDPમાં ઘટાડો: વર્ષ ૨૦૦૦માં વૈશ્વિક જીડીપીમાં અમેરિકાનો હિસ્સો ૩૧ ટકા હતો, જે ૨૦૨૫ સુધીમાં ઘટીને ૨૫ ટકા થઈ ગયો છે.
- મેન્યુફેક્ચરિંગ સંકટ: અમેરિકાએ પોતાની ઔદ્યોગિક ક્ષમતા ગુમાવી દીધી છે. આજે અમેરિકાના ૩૦ ટ્રિલિયન ડોલરના જીડીપીમાં ૮૦ટકાથી વધુ હિસ્સો માત્ર સર્વિસ સેક્ટરનો છે.
- હથિયારોનું રેશનિંગ: યુક્રેન અને ઈરાન સાથેના એકસાથે ચાલતા યુદ્ધોએ પેન્ટાગોનની પોલ ખોલી દીધી છે. રશિયા અને ચીન સામે અમેરિકા પાસે પેટ્રિઅટ મિસાઈલોની ભારે અછત સર્જાઈ છે.

**અબતક, રાજકોટ**

"ચોટલી બુંજ સે ગઈ, હોજ સે નહીં આતી" - આ કહેવત અત્યારે અમેરિકાની વર્તમાન સ્થિતિ પર બરાબર બેસે છે. જ્યારે કોઈ સત્તા કે શક્તિ તેના મૂળમાંથી ઉખડી જાય, ત્યારે તેને ગમે તેટલા બાહ્ય પ્રયાસો (હોજ) થી પાછી મેળવી શકાતી નથી. વર્ષો સુધી દુનિયા પર રાજ કરનાર અમેરિકા અત્યારે તેના પતનના આરે છે, અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેને ફરીથી 'મહાસત્તા' સાબિત કરવા માટે જે હવાતિયાં મારી રહ્યા છે, તે કદાચ તેની પડતીને રોકવા માટે પૂરતા નથી.ઈરાન સાથેનું યુદ્ધ વિલંબિત થઈ રહ્યું છે ત્યારે ટ્રમ્પની નજર હવે મધ્ય પૂર્વથી આગળ વધીને ક્યુબા, ગ્રીનલેન્ડ અને કેનેડા પર પડી છે. એરફોર્સ વન પર પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે જે રીતે ક્યુબા પર 'માનવતાવાદી હુમલા'ની વાત કરી, તે ૧૯મી સદીની બ્રિટિશ અને ફ્રેન્ચ સંસ્થાનવાદી માનસિકતાની યાદ અપાવે છે. ટ્રમ્પ કદાચ ભૂલી રહ્યા છે કે ઈતિહાસના પાઠ ભણ્યા વગર બીજા દેશો પર સત્તા જમાવવી એ વિનાશનું નોતરું છે.માત્ર સૈન્ય જ નહીં, ટ્રમ્પ આર્થિક મોરચે પણ આક્રમક બન્યા છે. ભારત સહિત ૧૬ દેશો સામે 'સેક્શન ૩૦૧' હેઠળ તપાસ શરૂ કરીને તેમણે નવા ટેરિફ (કર) ઝીંકવાની તૈયારી કરી છે. આ પગલું અમેરિકાના પતનને રોકવા માટેનો એક ભયાવહ પ્રયાસ છે.



ઘરેલું સ્તરે 'એપ્સટાઈન ફાઈલ્સ' જેવા વિવાદો અને ઘટતી જતી લોકપ્રિયતાથી બચવા માટે ટ્રમ્પ યુદ્ધ અને આર્થિક પ્રતિબંધોનો સહારો લઈ રહ્યા છે. પરંતુ સત્ય એ છે કે જે શક્તિ તેના મૂળ (બુંજ) માંથી નબળી પડી ગઈ હોય, તેને માત્ર આક્રમક ભાષણો કે હુમલાઓથી બચાવી શકાતી નથી. નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીઓ નક્કી કરશે કે અમેરિકા ખરેખર મહાસત્તા રહેશે કે ઈતિહાસનું એક પાનું બની જશે.

### ઈરાન યુદ્ધ: એક મોંઘી ભૂલ?


ઈરાન સામેનું યુદ્ધ ટ્રમ્પ માટે ધાર્યા કરતા ઘણું જટિલ સાબિત થયું છે. જ્યાં અમેરિકાનું એક મિસાઈલ ૪૦ લાખ ડોલરનું થાય છે, ત્યાં ઈરાન માત્ર ૫૦,૦૦૦ ડોલરના ડ્રોનથી અમેરિકાને મ્હાત આપી રહ્યું છે. ઈરાન પાસે અત્યારે ૧૦ થી ૧૧ પરમાણુ હથિયારો બનાવી શકાય તેટલો યુરેનિયમનો જથ્થો છે. અમેરિકાના પોતાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ પણ ચેતવણી આપી રહ્યા છે કે આ યુદ્ધ અમેરિકાને વિયેતનામ અને અફઘાનિસ્તાન જેવી ગર્તામાં ધકેલી શકે છે.

# પેટ કમિન્સ નહીં ઈશાન કિશન સંભાળશે હૈદરાબાદની કમાન?

## સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સના જોડાવા અંગે સસ્પેન્સ યથાવત, પેટ કમિન્સની શરૂઆતની મેચો પણ ચૂકી જવાની પણ ધારણા

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ માટે સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમમાં પેટ કમિન્સના જોડાવા અંગે સસ્પેન્સ છે. આવી સ્થિતિમાં,ટી૨૦ વર્લ્ડ કપ વિજેતા ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશનને ટીમના કેપ્ટન તરીકે જોવા મળી શકે છે. મેનેજમેન્ટે ઈશાન કિશનના નામ પર ચર્ચા કરી છે. આઈપીએલની ૧૯મી સીઝન ૨૮ માર્ચથી શરૂ થઈ રહી છે. આ ટુર્નામેન્ટની શરૂઆત ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેની ટક્કરથી થશે. બધી ટીમોએ ટુર્નામેન્ટ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે, સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સના જોડાવા અંગે સસ્પેન્સ યથાવત છે. પેટ કમિન્સની શરૂઆતની મેચો પણ ચૂકી જવાની ધારણા છે. જેના કારણે આ મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે કે વિસ્ફોટક વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન ટીમનું નેતૃત્વ કરી શકે છે. ઈશાન કિશનએ તાજેતરમાં સમાપ્ત થયેલા ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.૨૦૨૬ની આઈપીએલ સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન માટે ડાબોડી બેટ્સમેન ઈશાન કિશન સૌથી આગળ છે, કારણ કે પેટ કમિન્સ ક્યારે ટીમમાં જોડાશે તે હજુ સ્પષ્ટ નથી. સૂત્રો સૂચવે છે કે સનરાઈઝર્સ હૈદરાબાદ મેનેજમેન્ટે આ બાબતે ચર્ચા કરી છે અને ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલરની ગેરહાજરીમાં ઈશાન કિશનને કેપ્ટનશીપ સંભાળવા માટે સૌથી યોગ્ય ઉમેદવાર માને છે. કમિન્સ જુલાઈ ૨૦૨૫થી પીઠની ઈજાથી પીડાઈ રહ્યા છે. કમિન્સે ... શ્રેણીમાં એશિઝ શ્રેણીમાં એક મેચ રમી હતી, પરંતુ ત્યારથી તે રમ્યો નથી. તે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપનો પણ ભાગ નહોતો. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી તેને ક્રિકેટમાં પાછા ફરવા માટે મંજૂરી આપી નથી. અભિષેક શર્મા પણ કેપ્ટનશીપ માટે દાવેદાર છે, પરંતુ મેનેજમેન્ટ આ ભૂમિકા માટે ઈશાન કિશન પર વિચાર કરી રહ્યું છે.ઈશાન કિશનને કેપ્ટનશીપનો અનુભવ છેઃ ઈશાન કિશનને હજુ સુધી આઈપીએલમાં કેપ્ટનશીપ કરી નથી, પરંતુ તે આ ભૂમિકા સારી રીતે નિભાવી શકે છે. ઈશાનને ટી૨૦ ફોર્મેટમાં કેપ્ટનશીપનો નોંધપાત્ર અનુભવ છે. તેણે ૨૦૧૬ના અંડર-૧૯ ઓડીઆઈ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું. વધુમાં, ઈશાને ઝારખંડે વિવિધ ફોર્મેટમાં લગભગ ૮૦ મેચોમાં નેતૃત્વ આપ્યું છે. ગયા વર્ષે, તેણે ઝારખંડને તેમનો પ્રથમ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ખિતાબ અપાવ્યો હતો. તેણે આ લીગમાં ટીમનું નેતૃત્વ પણ કર્યું, જેમાં તેણે મજબૂત બેટિંગ દર્શાવી હતી. આ પ્રદર્શનને કારણે તે બે વર્ષ પછી ટીમ ઈન્ડિયામાં પાછો ફર્યો, જ્યારે તેને ટી૨૦ વર્લ્ડ કપ અને ન્યૂઝીલેન્ડ શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઈશાનના ટી૨૦ કેપ્ટનશિપ રેકોર્ડ પર નજર કરીએ તો, તેણે ૨૯માંથી ૨૩ મેચ જીતી છે. તેણે ફક્ત પાંચ મેચ હારી છે, જેમાં એક મેચ ટાઈમાં સમાપ્ત થઈ છે.



## ચેન્નાઈના કોચિંગ સ્ટાફમાં જોડાયા ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન જેમ્સ ફોસ્ટર




આઈપીએલ ૨૮ માર્ચથી શરૂ થવા જઈ રહી છે. આ પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સ એટલે કે સીએસકે એ એક મોટું પગલું ભર્યું છે. તેના કોચિંગ સ્ટાફમાં મોટો ફેરફાર કરીને સીએસકે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન જેમ્સ ફોસ્ટરને ટીમના નવા ફિલ્ડિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. ૪૫ વર્ષના જેમ્સ ફોસ્ટર આગામી સીઝનમાં ટીમમાં જોડાશે અને ખેલાડીઓની ફિલ્ડિંગ સુધારવાની જવાબદારી સંભાળશે. જેમ્સ ફોસ્ટર ચેન્નાઈના કોચિંગ સ્ટાફનો ભાગ હશે જેનું નેતૃત્વ ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન સ્ટીફન ફ્લેમિંગ કરશે. ટીમના બેટિંગ કોચ માઈકલ હસી છે અને બોલિંગ કોચ એરિક સિમોન્સ છે. આ વખતે ચેન્નાઈ ખિતાબ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે કારણ કે છેલ્લા કેટલાક સીઝન ટીમ માટે ખાસ રહી નથી.ચેન્નાઈ સુપર કિંગ્સે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે ''અમારા નવા ફિલ્ડિંગ કોચ જેમ્સ ફોસ્ટરનું સ્વાગત છે.'' જેમ્સ ફોસ્ટર, ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ વિકેટકીપર અને દુનિયાભરની ટીમોને કોચિંગ આપવાનો અનુભવ ધરાવતા અમારી સાથે આ નવી સફર શરૂ કરે છે.

## ઈરાન હજુ પણ ફિફા વર્લ્ડકપમાં રમવા તત્પર!!!



**અબતક, રાજકોટ**

ઈરાનની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમે એશિયન ક્વોલિફિકેશનમાં શાનદાર પ્રદર્શન કરીને ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. તેઓએ ગ્રુપ એમાં પ્રથમ સ્થાન મેળવીને ડાયરેક્ટ ક્વોલિફિકેશન હાંસલ કર્યું હતું.ફિફાની અધિકૃત યાદીમાં પણ ઈરાનને ક્વોલિફાઈડ ટીમ તરીકે દર્શાવવામાં આવ્યું છે, જેમાં જાપાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા જેવી ટીમો સાથે તેમનું નામ સામેલ છે.

પરંતુ તાજેતરના ઈરાન સરકાર અને રમતગમત મંત્રાલય તરફથી મોટી જાહેરાત આવી છે કે દેશની ટીમ ૨૦૨૬ વર્લ્ડ કપમાં ભાગ લેશે નહીં. આ નિર્ણયનું કારણ મુખ્યત્વે રાજકીય તણાવ, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ, અને અમેરિકામાં યોજાનારા મેચોને લઈને સુરક્ષાની ચિંતાઓ છે. વર્લ્ડ કપના મોટા ભાગના મેચો અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં યોજાશે, અને ઈરાનના ગ્રુપમાં તેમના ત્રણેય મેચ અમેરિકામાં જ છે.

ઈરાનના સ્પોર્ટ્સ મિનિસ્ટર અહમદ દોનજામાલીએ જાહેરમાં

(અનુ. આઠમા પાને)

## ભારતની ટી-૨૦ વર્લ્ડકપની સફળતામાં આઈપીએલનો મહત્વનો ફાળોઃ પોન્ટિંગ



**અબતક, રાજકોટ**

ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન કેપ્ટન અને પંજાબ કિંગ્સના હેડ કોચ રિકી પોન્ટિંગે ભારતની ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની સફળતા વિશે પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે ભારતીય ટીમ હાલમાં દુનિયાની સૌથી મજબૂત ટી૨૦ ટીમોમાંની એક છે અને તેમની સફળતાનો એક અવગણાયેલો પરિબળ છે, જેના વિશે ઘણા લોકો વાત નથી કરતા.

ભારતે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપમાં ત્રીજી વખત ટાઈટલ જીત્યું અને તે પ્રથમ ટીમ બની જેણે આ ટ્રોફીનું સફળતાપૂર્વક ડિફેન્ડ કર્યું. ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૯૬ રનથી હરાવીને ભારતે આ સિદ્ધિ હાંસલ કરી. ટીમે ટુર્નામેન્ટમાં અદ્ભુત પ્રદર્શન કર્યું.

પોન્ટિંગે વધુમાં જણાવ્યું હતું કે, ભારતની ટીમમાં ટેલેન્ટ, અનુભવ અને ડેપ્થનું શાનદાર સંયોજન છે, જે તેમને હરાવવું ખૂબ મુશ્કેલ બનાવે છે. પોન્ટિંગે ખાસ કરીને એક વાત પર ભાર મૂક્યો કે ભારતીય ખેલાડીઓ પાસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને આઈપીએલમાં રમાયેલી મોટી માત્રામાં મેચોનો અનુભવ છે, જેને ઘણા લોકો અવગણે છે.

આ અનુભવને કારણે ટીમ પ્રેશરને સારી રીતે હેન્ડલ કરી શકી અને ટુર્નામેન્ટમાં સતત સારું પ્રદર્શન કર્યું. પોન્ટિંગે આઈપીએલને આંતરરાષ્ટ્રીય મેચો જેટલી જ મહત્વની ગણાવી અને કહ્યું કે તેના કારણે ભારતીય ટીમ સંતુલિત અને તૈયાર હતી.

# ખાખી વર્દીમાં સજ્જ જવાનોએ રાજયોગ દ્વારા મેળવી માનસિક મજબૂતીની "માસ્ટર કી"

## બ્રહ્માકુમારીજી દ્વારા સિક્યુરીટી સર્વિસીસ વિંગની સિલ્વર જયુબિલી ઉજવણી અંતર્ગત દેશવ્યાપી અભિયાનઃ ૪૦૦ થી વધુ પોલીસ જવાનોને રાજયોગ મેડીટેશનની તાલીમ






**માઉન્ટ આબુથી પધારેલા બ્રહ્માકુમાર કમલભાઈએ મેન્ટલ હેલ્થ માટેના ત્રણ પહેલું**

૧ પ્રોપર ન્યુટ્રિશન
૨ મેડિટશન
૩ મનની કસરત પાસ્ટ ને ભૂલી વર્તમાનમાં રહેવા માટે એક મિનિટ સાયલન્સ
પોતાની જાતને રોજ બ્લેસિંગ આપો
જેવું વિચારશો તેવા જ બનશો

**અબતક, રાજકોટ**

બ્રહ્માકુમારીઝ સિક્યુરિટી સર્વિસીઝ વિંગ દ્વારા ભારતના સુરક્ષા દળોમાં સેવા આપતા જવાનોના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી સુખાકારી માટે સેલ્ફ એમપાવરમેન્ટ ટુ નેશન એમપાવરમેન્ટ નામથી વિશેષ રાષ્ટ્રીય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન ૧૨ માર્ચથી ૩૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશમાં યોજાઈ રહ્યું છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ સુરક્ષા જવાનોમાં આત્મબળ, આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારધારા અને તણાવમુક્ત જીવનશૈલી વિકસાવવા માટે માર્ગદર્શન આપવાનો છે. કાર્યક્રમોમાં રાજયોગ મેડિટેશન, માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ, આંતરિક શક્તિનું જાગરણ તેમજ મૂલ્ય આધારિત જીવનશૈલી અંગે વિશેષ તાલીમ આપવામાં આવે છે.

આ અભિયાન બ્રહ્માકુમારીઝના સિક્યુરિટી સર્વિસીસ વિંગના સિલ્વર જ્યુબિલી ઉજવણી નિમિત્તે પણ આયોજિત કરવામાં આવી રહ્યું છે, જે છેલ્લા ૨૫ વર્ષથી સુરક્ષા દળો માટે કરવામાં આવતી સેવાઓ અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

દેશની વિવિધ સુરક્ષા એજન્સીઓ જેમ કે સેનાદળ, પોલીસ, અર્ધલશ્કરી દળો અને અન્ય સુરક્ષા વિભાગોના જવાનો આ કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે. કાર્યક્રમ દ્વારા દેશના રક્ષકોને આંતરિક રીતે મજબૂત બનાવી રાષ્ટ્રને વધુ સશકત બનાવવા માટે પ્રેરણા આપવામાં આવી રહી છે.

સેલ્ફ એમપાવરમેન્ટ ટુ નેશન એમપાવરમેન્ટ - આનો અર્થ ખૂબ જ ગહન છે. જ્યારે વ્યક્તિ અંદરથી શકિતશાળી બને છે, ત્યારે પરિવાર શકિતશાળી બને છે. પરિવાર શકિતશાળી બને તો સમાજ મજબૂત બને છે. અને સમાજ મજબૂત બને તો રાષ્ટ્ર આપોઆપ સશક્ત બની જાય છે. પોલીસ અને સુરક્ષા સેવાઓમાં આપ સૌ દેશના એવા રક્ષક છો,

જેઓ દિવસ-રાત પોતાની ફરજ બજાવીને સમાજને સુરક્ષિત રાખો છો. તપતા તડકામાં હોય, વરસાદ હોય કે રાત્રિના અંધકારમાં પેટ્રોલિંગઆપની જાગૃતતા અને સમર્પણના કારણે આપણા નાગરિકો નિર્ભય રીતે જીવી શકે છે. પરંતુ સતત જવાબદારી,


(અનુ. આઠમા પાને)

### નવી પેઢીના સંશોધકો માટે સુરક્ષા કવચ

# મારવાડી યુનિવર્સિટીમાં બૌદ્ધિક સંપદા અધિકારનો મહાકુંભ

## ૧૦૦થી વધુ યુવા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓએ પેટન્ટ, ટ્રેડમાર્ક અને સંશોધન સુરક્ષાની મેળવી પ્રાયોગિક તાલીમ







**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના શૈક્ષણિક જગતમાં અગ્રેસર એવી મારવાડી યુનિવર્સિટી દ્વારા પ્રવર્તમાન સમયમાં સ્ટાર્ટઅપ અને સંશોધનના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને એક અત્યંત મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના સંચાલન વિદ્યાશાખા (ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ) અંતર્ગત ''બૌદ્ધિક સંપત્તિ અધિકાર નવતર સાહસો માટે વ્યૂહાત્મક લાભો'' વિષય પર ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST-GUJCOST) પ્રાયોજિત એક દિવસીય પ્રાયોગિક કાર્યશાળાનું આયોજન ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. ટાગોર બિલ્ડિંગ સ્થિત સેમિનાર હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બૌદ્ધિક સંપદાની સુરક્ષા અને તેના વ્યાપારી મહત્વ વિશે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.આ કાર્યશાળામાં વિષય નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહેલા ડો. રાઘવેન્દ્ર એચ. ભાલેરાવ (IITRAM) એ પેટન્ટ સુરક્ષાના વિવિધ પાસાઓ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જ્યારે કોઈ વ્યક્તિ નવું સંશોધન કરે છે, ત્યારે તેની કાયદેસરની નોંધણી કરાવવી કેટલી અનિવાર્ય છે. પેટન્ટ ફાઈલિંગની જટિલ પ્રક્રિયાને સરળ ભાષામાં સમજાવતા તેમણે ટેકનોલોજીના વ્યાપારીકરણ દ્વારા કેવી રીતે આર્થિક લાભ મેળવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ, જાણીતા ધારાશાસ્ત્રી

(અનુ. આઠમા પાને)



# ઉમિયાધામ સિદસર દ્વારા ઈશ્વરીયામાં રૂ.૧૨૫ કરોડના ખર્ચે જીવન વિદ્યાપીઠનું નિર્માણ કરાશે

દિવસીય ૨૫ કુંડી મહાયજ્ઞ, રાજકોટ માં વસતા સમગ્ર કડવા પાટીદારોનું જ્ઞાતી સમૂહ ભોજન, ધર્મસભા, દાતા સન્માન, મહાઆરતી, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

**અબતક,રાજકોટ**

ઉમિયા માતાજી મંદિર સિદસર ના નેજા હેઠળ શૈક્ષણિક ક્ષેત્રે નવી દિશા તરફ આગળ ધપી રહેલા પાટીદાર સમાજે રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે ૩૨ વિઘા જમીનમાં ૧૨૫ કરોડના શૈક્ષણિક પ્રોજેકટ અંતર્ગત ‘જીવન વિદ્યાપીઠ’નું આગામી તા. ૨૬ ને રામનવમી ના રોજ ભૂમી પૂજન થશે. તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન ઈશ્વરીયા ખાતે ત્રીવેણી સમારોહનું અદભૂત આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પાંચ



ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયા, ચિમનભાઈ શાપરીયા, મંત્રી જયેશભાઈ પટેલ એ જણાવ્યુ છે કે સિદસર ખાતે રજત જયંતિ મહોત્સવ વેળાએ શરૂ કરવામાં આવેલી ઉમિયા સમૃધ્ધિ યોજનાર અંતર્ગત સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ ખાતે ભવ્ય શૈક્ષણિક સંકુલ બનાવવાની કરાયેલી જાહેરાત

## ૨૫ કુંડી મહાયજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર

ચરિતાર્થ થતી નજરે પડે છે. ઉમિયાધામ સિદસરના નેજા હેઠળ રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે ૩૨ વિઘા જમીન પ્રાપ્ત કરવામાં આવી છે. આ વિશાળ જગ્યામાં પાટીદાર સમાજની ભાવી પેઢીના ઘડતરનો પાયો નાંખવા માટે સરસ્વતી ધામ ‘જીવન વિદ્યાપીઠ’ રાજકોટનું ભવ્ય નિર્માણ કરવામાં આવશે. આ વિદ્યાસંકુલમાં મુખ્ય દાતા તરીકે જીવનભાઈ ગોરધનભાઈ ગોવાણી પરિવાર નો સહયોગ પ્રાપ્ત થયો છે. રાજકોટના ત્રીજા રીંગ રોડ પર ૩૨ વિઘા જમીનમાં આ અદ્યતન શૈક્ષણિક પ્રોજેકટ આકાર લઈ રહયો છે. ૧૨૫ કોરડના ખર્ચે નિર્માણાધીન જીવન વિદ્યાપીઠ માં પ્રથમ તબબકામાં કડવા પાટીદાર ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સરસ્વતી ધામ એવા જીવન વિદ્યાપીઠ રાજકોટમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિશેષ સંકુલ આઈએએસ, યુપીએસસી, જીપીએસસી, આઈઆઈટી,

(અનું. આઠમાં પાને)



### સવા દાયકા બાદ રાજકોટના ૩૦,૦૦૦થી વધુ પરિવારોનું જ્ઞાતિ સમૂહ ભોજન

ઈશ્વરીયા ખાતે ત્રીવેણી સમારોહમાં યોજાનારા જ્ઞાતિ સમૂહ ભોજનના કાર્યક્રમ સમયે કડવા પાટીદારોના સમૂહ ભોજનના ભવ્ય ભૂતકાળ ની વિગતો જાણીએ તો રાજકોટમાં વર્ષો પહેલા આવી વસવાટ કરનાર સત્યવિજય ગ્રુપના સ્થાપક નિન્દ્રોડા પરિવારના મોભી માવજીભાઈ જેરામભાઈ એ નાત જમણની શરૂઆત કરી હતી રાજકોટમાં કડવા પાટીદારોનું ‘નાત જમણ’ ૧૯૫૯ થી ૧૯૬૮ સુધી થયું હતું. ત્યારબાદ ૨૦૧૪ માં ઈશ્વરીયા ખાતે રજત જયંતિ મહોત્સવ સ્મૃતિદિનની ઉજવણીના ભાગરૂપે ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા જ્ઞાતી સમૂહ ભોજન યોજવામાં આવ્યુ હતુ. સવા દાયકા પછી આગામી તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન યોજાનાર ‘ત્રિવેણી સમારોહ’ માં રાજકોટ વસતા પાટીદાર પરિવારોનું સમૂહ જ્ઞાતી ભોજન યોજાશે. ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, તથા મંત્રી જયેશભાઈ પટેલે જણાવ્યુ છે કે રાજકોટ શહેરના ૩૦,૦૦૦ થી વધુ પરિવારો તેમજ સૌરાષ્ટ્રભરના રાજકીય, સામાજીક અને સંસ્થાકીય પાટીદાર અગ્રણીઓ, કાર્યકરો રાજકોટમાં સમૂહ ભોજન પ્રસાદ લેશે.

# ધારાસભ્ય રમેશ ટીલાળા આયોજીત એસેસમેન્ટ કેમ્પમાં વડીલોની સેવા

## વયસ્કોને કોમોડ ખુરશી, પટ્ટા અને કાનના મશીન જેવા મિશન સહિતના ઉપકરણોનું વિતરણ કરાશે

**અબતક,રાજકોટ**

ભારત સરકારના સામાજિક ન્યાયિતા અને અધિકારીતા વિભાગ અંતર્ગત એએલઆઈએમસીઓ (આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા દેશભરના વયોવૃદ્ધ નાગરિકોને સહાયરૂપ સાધનો ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાના ભાગરૂપે ૫૦ વર્ષથી ઉપરના વયસ્કોને તેમના દૈનિક જીવનને સરળ અને સુવિધાજનક બનાવવા માટે કોમોડ ખુરશી, કમરના સપોર્ટ માટે પટ્ટા, કાનના મશીન સહિતના સહાયક ઉપકરણો વિનામૂલ્યે આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ રાજકોટ શહેરના વધુમાં વધુ વયોવૃદ્ધોને મળી રહે તે હેતુસર





રાજકોટ વિધાનસભા ૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા પૂજાબેન પટેલ (મેમ્બર, નેશનલ ટ્રસ્ટ ભારત સરકાર તથા ગવર્નિંગ કાઉન્સિલિંગ મેમ્બર, રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા)ના સહયોગથી વિશાળ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં રાજકોટ વિધાનસભા વિસ્તાર ઉપરાંત સમગ્ર રાજકોટ શહેરમાંથી મોટી સંખ્યામાં ૬૦ વર્ષથી ઉપરના વયસ્ક નાગરિકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. નિષ્ણાતોની ટીમ દ્વારા હાજર રહેલા વયસ્કોની જરૂરિયાતોનું મૂલ્યાંકન (એસેસમેન્ટ) કરવામાં આવ્યું હતું જેથી તેમને યોગ્ય અને ઉપયોગી સાધનો ઉપલબ્ધ કરાવી શકાય.



સાથે સાથે બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ ના સહકાર થી તેમના સિનિયર સીટીઝન વયસ્કોએ પણ ભાગ લીધો હતો. તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ અને ટ્રસ્ટોના સહકારથી સિનિયર સિટીઝનોને કેમ્પ સુધી પહોંચાડવા અને તેમને સુવિધા મળે તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા હતા.

# બાલભવનની રમત-ગમત સ્પર્ધામાં ભુલકાઓએ માણી સંગીત ખુરશીની મોજ

## વિવિધ રમતોના વિજેતા વિદ્યાર્થીઓને અવનવા ઈનામ આપી નવાજાયા

**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટ દ્વારા દર શનિવારે અવનવા કાર્યક્રમો અને સ્પર્ધાઓનું આયોજન થતું જ હોય છે. બાલસભ્યો માટે રમત-ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગૃપ - એ (૫ થી ૧૦ વર્ષ) અને ગૃપ - બી (૧૧ થી ૧૬) વર્ષનાં ગૃપ પ્રમાણે સંગીત ખુરશી, ટાર્ગેટ બોલ, પાસિંગ બોલ, પોટેટો રેસ અને બોમ્બ ફૂટ્યો જેવી વિવિધ રમતોની સ્પર્ધા યોજાઈ હતી.



સ્પર્ધામાં દરેક રમતમાં ૧ થી ૩ ક્રમાંક પ્રમાણે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં તેમજ પ્રોત્સાહન ઈનામો પણ આપવામાં આવ્યા હતાં. જેમાં ગૃપ - એ (૫ થી ૧૦ વર્ષ)ની સંગીત ખુરશીમાં હિતાંશ પંચોલી-પ્રથમ, જીયાંશ શિંગાળા -દ્વિતિય, ભૌમિક કોટેચા-તૃતિય, હેતાંશ ધામેચા ચતુર્થ, આરવ વાડોદરીયા પાંચમાં ક્રમાંકે, જ્યારે ટાર્ગેટ બોલ સ્પર્ધામાં, પંશુલ ચાવડા -પ્રથમ, હિતાંશ પંચોલી-દ્વિતિય અને ક્રિતિકા પંડ્યા તૃતીય ક્રમાંકે વિજેતા થયેલ જ્યારે ગૃપ બી (૧૧ થી ૧૬ વર્ષ)ની પોટેટો રેસમાં મીત મર્થક -પ્રથમ, આરવ દવે-દ્વિતીય અને ધ્રુવા ચચ્ચા - તૃતીય ક્રમાંકે જ્યારે પાસિંગ બોલ સ્પર્ધામાં ધ્રુવા ચચ્ચા-પ્રથમ, વિવેક દશાણી - દ્વિતીય અને પ્રથમ ભાડેશીયા - તૃતીય તથા બોમ્બ ફૂટ્યો સ્પર્ધામાં આરવ દવે-પ્રથમ, હિતાંશ પંચોલી - દ્વિતિય અને આરવ આડેસરા - તૃતીય ક્રમાંક પ્રમાણે વિજેતા થયેલ. વિજેતા બાળકોને ઈનામ તથા સર્ટિફીકેટથી

(અનું. આઠમાં પાને)

# અશાંત ધારામાં પડતી મુશ્કેલી અંગે રેવન્યુ પ્રેક્ટિશનર એસોસિએશનની તંત્રને રજૂઆત

## રિન્યુ કરેલા નોટીફીકેશનમાં રેવન્યુ-સિટી સર્વે નંબર રહી ગયેલ હોવાથી અશાંતધારાની પરવાનગી મળવામાં ખુબજ તકલીફ પડે જેથી અરજી ઓર્ડર માટે પેન્ડીંગ



**અબતક,રાજકોટ**

શહેરમાં અશાંત ધારાની કાર્યવાહી બાબતે વકીલો અને અરજદારોને પડતી મુશ્કેલી અંગે રેવન્યુ પ્રેક્ટિશનર એસોસિએશન દ્વારા નાયબ કલેક્ટર અને જિલ્લા નોંધણી નિરીક્ષકને લેખિત રજૂઆત કરી ઘટતી ઘટતી કાર્યવાહી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં સને ૨૦૨૧થી અશાંતધારો પાંચ વર્ષ માટે અમલમાં આવ્યો હતો. બાદ સમયની સમયની માંગને ધ્યાને લઈ તંત્ર દ્વારા રેવન્યુ સર્વે નંબર / સીટી સર્વે નંબરનો તેમાં ઉમેરો કરવામાં આવ્યો છે,આ

(અનું. આઠમાં પાને)



# રાષ્ટ્રીય શાળામાં અત્યાધુનિક ‘જય વસાવડા લાયબ્રેરી’ વાચકો માટે ખુલ્લી મુકાઈ

## પદ્મશ્રી જગદીશ ત્રિવેદીએ લેખક જય વસાવડાને જન્મદિન પર ‘પુસ્તકાલય’ની ભેટ આપી : ઉદઘાટનમા ૬૫૦થી વધુ વાંચન રસિકો ઉમટયા



**અબતક, રાજકોટ**

રાજકોટની ઐતિહાસિક રાષ્ટ્રીયશાળા ખાતે જાણીતા લેખક અને વક્તા જય વસાવડાના નામે એક આધુનિક પુસ્તકાલયનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું છે. પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદીએ પોતાના મિત્ર જય વસાવડાના ૫૦માં જન્મદિન નિમિત્તે લીધેલો સંકલ્પ અઢી વર્ષ બાદ સાકાર કર્યો છે. આ પુસ્તકાલય માટે રાષ્ટ્રીયશાળાના સંચાલકોએ ખાસ એ રૂમ ફાળવ્યો છે જે ગાંધીજીના નિવાસસ્થાનની બિલકુલ નજીક છે. આ અનોખી ભેટ દ્વારા એક સર્જકે બીજા સર્જકનું બહુમાન કર્યું હોય તેવો વિશ્વમાં આ પ્રથમ અને બેજોડ કિસ્સો બની રહ્યો છે.

આ કાર્યક્રમમાં બીજો એક અનોખો વિશ્વવિક્રમ ત્યારે નોંધાયો જ્યારે પુસ્તકાલયનું ઉદઘાટન જય વસાવડાની માત્ર બે વર્ષની ભત્રીજી ’પ્રથા’ના હસ્તે કરવામાં આવ્યું. ડો. જગદીશ ત્રિવેદીના આર્થિક અનુદાન અને આર્કિટેક્ટ પ્રતિક દઢાણીયાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ લાયબ્રેરીના લોકાર્પણમાં માત્ર સોશિયલ મીડિયાના ટૂંકા આમંત્રણ પર ૬૫૦થી વધુ પુસ્તકપ્રેમીઓ ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીયશાળાના ટ્રસ્ટી જીતુભાઈ ભટ્ટ, સાંસદ રામભાઈ મોકરિયા અને રાજવી માંધાતાસિંહજીએ હાજર રહીને આ કાર્યને રાજકોટની શાન ગણાવી હતી.



કાર્યક્રમના અંતે ડો. જગદીશ ત્રિવેદીએ પુસ્તકાલયના વિચાર પાછળનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું કે જય વસાવડા સાચા અર્થમાં ’પુસ્તકાલયનું સંતાન’ છે. જય વસાવડાએ પણ ભાવુક પ્રતિસાદ આપતા પોતાના ઘડતરમાં લાયબ્રેરીઓના ફાળો યાદ કર્યો હતો અને ગાંધીજીની ચેતનાથી સિંચાયેલી આ ભૂમિ પર લાયબ્રેરી શરૂ થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શહેરના અગ્રણી શિક્ષણવિદો, કલાકારો અને સાહિત્યપ્રેમીઓની વિશાળ હાજરી રહી હતી, જેમણે આઈસ્ક્રીમની જયાફત સાથે આ યાદગાર સાંજની પૂર્ણાહુતિ કરી હતી.

# પાલખીમાં માતાજીની પધરામણી અને હાથી પર વિદાય ચૈત્રી નવરાત્રિમાં રચાશે સુખ-સમૃદ્ધિ અને વર્ષાનો શુભ સંયોગ



**અબ તક રાજકોટ,**

સમગ્ર ભારતવર્ષમાં આદ્યશક્તિની ભક્તિના ચાર નવરાત્રિ પર્વો મનાવવામાં આવે છે, જે પૈકી ચૈત્રી નવરાત્રિનું ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ રહેલું છે. આગામી ૧૯ માર્ચને ગુરુવારથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જ્યોતિષશાસ્ત્ર અને પંચાંગના ગણિત મુજબ, ફાગણ વદ અમાસ ગુરુવારે સવારે ૦૬:૫૪ કલાક સુધી છે, ત્યારબાદ સમગ્ર દિવસ અને રાત્રિ દરમિયાન એકમ તિથિ પ્રવર્તશે. શાસ્ત્રોક્ત નિયમ અનુસાર, સૂર્યોદય સમયે પ્રવર્તતી તિથિ અને એકમના ક્ષય વગરના સમયને ધ્યાને લેતા આ વર્ષે ૧૯ માર્ચથી જ નવરાત્રિનો મંગલ પ્રારંભ ગણાશે.

**માતાજીનું આગમન અને વિદાયના સંકેતો**

શાસ્ત્રોમાં માતાજીના આગમન અને વિદાયના વાહનનું વિશેષ ફળ વર્ણવવામાં આવ્યું છે. આ વર્ષે નવરાત્રિનો પ્રારંભ ગુરુવારે થતો હોવાથી માતાજી ’પાલખી’ પર સવાર થઈને પધારશે. પાલખીનું આગમન જનજીવનમાં સુખાકારી અને આરોગ્યપ્રદ ફેરફારો લાવશે તેવું મનાય છે. જ્યારે શુક્રવારે નવમી

### ઘટસ્થાપન માટેના શુભ મુહૂર્ત

૧૯ માર્ચ, ગુરુવારના રોજ ઘટસ્થાપન માટે સવારના મુહૂર્ત શ્રેષ્ઠ છેઃ
સવારના શુભ ચોઘડિયાઃ ૦૬:૫૩ થી ૦૮:૨૪
અભિજીત મુહૂર્તઃ બપોરે ૧૨:૩૧ થી ૦૧:૧૯
લાભ અને અમૃતઃ સવારે ૧૧:૨૪ થી બપોરે ૦૩:૫૫

તિથિએ નવરાત્રિ પૂર્ણ થતી હોવાથી માતાજી ’હાથી’ પર સવાર થઈને વિદાય લેશે. જ્યોતિષીઓના મતે હાથીની વિદાય એ આગામી વર્ષમાં શ્રેષ્ઠ વરસાદ અને ખેતરોમાં મબલખ ધાન્ય પાકવાના અત્યંત શુભ સંકેતો આપે છે. આમ, આ નવરાત્રિ આર્થિક અને પ્રાકૃતિક દ્રષ્ટિએ મંગલકારી સાબિત થશે.

ચૈત્રી નવરાત્રિને મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના જન્મોત્સવના ’નોરતા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વર્ષે ૨૬ માર્ચ, ગુરુવારના રોજ એક અત્યંત દુર્લભ અને અદભૂત સંયોગ રચાશે.

આ દિવસે નવદુર્ગાની આરાધનાની ’દુર્ગાષ્ટમી’ (મહાષ્ટમી) અને ભગવાન શ્રી રામનો જન્મોત્સવ ’રામનવમી’ એક જ દિવસે મનાવવામાં આવશે. આ દિવસે કુળદેવીની પૂજા અને હવનનું અનેરું મહત્વ છે. આ ઉપરાંત, ૨૩ માર્ચને સોમવારે ’શ્રી પંચમી’ હોવાથી માતા લક્ષ્મીજી અને શ્રી યંત્રની પૂજા ભૌતિક સુખ-સમૃદ્ધિ અર્પે છે.

નવરાત્રિના નવ દિવસ દરમિયાન શ્રદ્ધાળુઓ પોતાના ઘરે ઘટસ્થાપન (કુંભ સ્થાપન) કરીને જવેરા વાવે છે. આ દિવસોમાં રામચરિત માનસના પાઠ, સુંદરકાંડ અને હનુમાન ચાલીસાનું પઠન કરવું અત્યંત ફળદાયી માનવામાં આવે છે. સાધકો માટે નવાર્ણ મંત્રના જાપ, કુળદેવીના મંત્રની માળા અને ગુરુ મંત્રની સાધના આત્મિક શાંતિ પ્રદાન કરે છે. નવ દિવસ દરમિયાન શૈલપુત્રીથી લઈને સિદ્ધિદાત્રી સુધીના નવ સ્વરૂપોને અલગ-અલગ નૈવેદ્ય ધરાવવાનું વિધાન છે.ભકતજનોએ શ્રદ્ધા અને ભકિત સાથે માતાજીની આરાધના કરી વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરવા માટે આ પર્વ એક ઉત્તમ અવસર છે તેમ વેદાંત રત્ન શાસ્ત્રી રાજદીપ જોષીએ જણાવ્યું છે.


**ચૈત્ર સુદ એકમથી આદ્યશક્તિની આરાધનાનો મંગલ પ્રારંભ; રામનવમી અને દુર્ગાષ્ટમીનો રચાશે અદભૂત સમન્વય**

# કાળઝાળ ગરમી સામે સિવિલ હોસ્પિટલ સજ્જ હિટવેવના દર્દીઓ માટે સ્પેશિયલ વોર્ડ કાર્યરત

## ૨૦ સ્પેશિયલ બેડની વ્યવસ્થા, ૫ ડોકટરો અને ૧૦ નર્સિંગ સ્ટાફ સ્ટેન્ડબાય, એક જ છત નીચે મળશે તમામ ઈમરજન્સી સુવિધા

**અબતક, રાજકોટ**

શહેરમાં સૂર્યદેવતા આકરા પાણીએ હોય તેમ ગરમીનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે. વધતા જતા તાપમાન અને લૂના પ્રકોપ વચ્ચે સામાન્ય જનજીવન 'હીટ સ્ટ્રોક'ના ભરડામાં ન આવી જાય તે માટે સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટની સિવિલ હોસ્પિટલનો તંત્ર હરકતમાં આવ્યું છે. ગરમીથી અસરગ્રસ્ત દર્દીઓને તાત્કાલિક અને સચોટ સારવાર મળી રહે તે હેતુથી હોસ્પિટલમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેનો ખાસ હીટ વેવ વોર્ડ ગઈકાલથઈ શરૂ કરવામાં આવ્યો છે. આ ખાસ વ્યવસ્થા માત્ર સારવાર જ નહીં, પણ કાળઝાળ ગરમીમાં પીડાતા દર્દીઓ માટે 'સંજીવની' સમાન સાબિત થશે. વધતા જતા તાપમાનને જોતા સિવિલમાં આ અલાયદો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે, જેથી ઈમરજન્સીમાં આવતા દર્દીઓને કોઈ પણ વિલંબ વગર સમયસર અને પૂરતી સારવાર આપી શકાય. ગંભીર કેસોમાં દર્દીનો જીવ બચાવવા માટે આ આગોતરું આયોજન અત્યંત અનિવાર્ય મનાઈ રહ્યું છે.




હોસ્પિટલના મેગાવોટ-૧૦ ખાતે આ સ્પેશિયલ વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં દર્દીઓની સુવિધા માટે ૨૦ જેટલા ખાસ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. અને ડિહાઈડ્રેશનનો શિકાર બનેલા દર્દીઓ માટે હોસ્પિટલ તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી છે. વોર્ડમાં શુદ્ધ પીવાનું પાણી અને ઓઆરએસ (ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન)નો પૂરતો જથ્થો સ્ટેન્ડબાય રાખવામાં આવ્યો છે. શરીરમાં ક્ષાર અને પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે નિષ્ણાતોની દેખરેખ હેઠળ દર્દીઓને તાત્કાલિક પ્રવાહી સારવાર આપવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

માત્ર સાધનો જ નહીં, પરંતુ પરિસ્થિતિની ગંભીરતાને પહોંચી વળવા માનવબળમાં પણ મોટો વધારો કરવામાં આવ્યો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા આ વોર્ડ માટે ૫ વધારાના નિષ્ણાત ડોક્ટરો અને ૧૦ જેટલા અનુભવી નર્સિંગ સ્ટાફને ખાસ ફરજ પર મૂકવામાં આવ્યા છે. આ ટીમ ૨૪ કલાક સ્ટેન્ડબાય ધોરણે હાજર રહેશે, જેથી બેભાન કે લૂ લાગેલા દર્દીઓને તાત્કાલિક અટેન્ડ કરી શકાય.

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા ૧૫ અધિકારીઓને નાયબ ઈજનેર તરીકે બઢતી

## રાજકોટ ,મોરબી, જામનગર, અમરેલી સહિતના સર્કલમાં નવા અધિકારીઓની નિમણૂક

**અબતક, રાજકોટ**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે ૧૫ જેટલા જુનિયર એન્જિનિયરોને ડેપ્યુટી એન્જિનિયર (નાયબ ઈજનેર) ના પદ પર બઢતી આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પીજીવીસીએલની રાજકોટ સ્થિત કોર્પોરેટ ઓફિસ દ્વારા એડિશનલ જનરલ મેનેજર (ઇંછ) એ.આર. કટારાની સહીથી આ અંગેનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો છે.

આ આદેશ અનુસાર, રાજ્યના વિવિધ પેટા વિભાગોમાં કાર્યરત જુનિયર એન્જિનિયરોને હવે ડેપ્યુટી એન્જિનિયર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. બઢતી મેળવનાર અધિકારીઓમાં એમ.આર. બાલદણીયા (બોટાદ), આર.વી. ચુડાસમા (અમરેલી), જી.એસ. વાઘમશી (મોરબી), બી.બી. જલાપરા (સુરેન્દ્રનગર), એચ.આર. વિજયકર (મોરબી), શ્રીમતી યુ.જે. ધામસણીયા (મોરબી), શ્રીમતી કે.કે. મહેતા (ભુજ), એન.એ. પટેલ (પોરબંદર), પી.એસ. પાલવે (ભાવનગર), એમ.એમ. વસાવા (ભાવનગર), કે.એમ. સંગાડા (જામનગર), કે.બી. ગરાસીયા (ભાવનગર), જે.પી. મહાકાલ (ભુજ), એચ.વી. પટેલ (મોરબી) અને આર.જે. ગામિત (સુરેન્દ્રનગર) નો સમાવેશ થાય છે.

નવા નિમણૂક પામેલા ડેપ્યુટી એન્જિનિયરોને રૂ ૫૫,૬૦૦ થી રૂ ૧,૧૦,૧૦૦ ના પે-સ્કેલ (પગાર ધોરણ) માં મૂકવામાં આવ્યા છે. આ તમામ બઢતી હાલ એડહોક ધોરણે આપવામાં આવી છે અને તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી જે-તે નિયત કરેલા સર્કલ હેઠળ ચાર્જ સંભાળી લેવા સૂચના આપવામાં આવી છે. જો કોઈ અધિકારી સમયસર હાજર નહીં થાય, તો તેમનો બઢતીનો ઓર્ડર રદબાતલ ગણાશે. આ નિમણૂકોથી વીજ કંપનીના ટેકનિકલ અને વહીવટી કામકાજમાં વધુ કાર્યક્ષમતા આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# ઔદીચ્ય ગુજરાતી સાડા ચારસો જ્ઞાતિ દ્વારા કેરેલા સ્ટોરી-૨નો યોજાયો ફિલ્મ શો

## સામાજિક આગેવાનોએ દીકરીઓઅને ખાસ યુવા વર્ગને ધર્મ સંસ્કૃતિના જતનની કરી હિમાયત

**અબતક, રાજકોટ**



રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ના ઔદીચ્ય ગુજરાતી સાડા ચારસો જ્ઞાતિ દ્વારા સામાજિક જાગૃતિ ના ભાગરૂપે ધી કેરાલા સ્ટોરી ૨ ફિલ્મના સોનુ આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિના પ્રમુખ ડો, રાજેન્દ્ર ત્રિવેદી, જે કે શુકલ, ભુપતભાઈ ત્રિવેદી, મુકેશભાઈ વ્યાસ, વિજયભાઈ જાની, હિતેશભાઈ શુકલ, મહિલા મંડળના હેતલબેન જાની, કુંદનબેન ત્રિવેદી, સોનલબેન શુકલ, દક્ષાબેન શુકલ, ચંદનબેન શુકલ, જયશ્રીબેન રાવલ ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા ધ કેરાલા સ્ટોરી બે ફિલ્મ જ્ઞાતિજનો એ પારિવારિક માહોલમાં ફિલ્મનો શો માણ્યો હતો આગેવાનોએ જ્ઞાતિની દીકરીઓને યુવા વર્ગને સંસ્કૃતિ જતન અંગે માર્ગદર્શન આપ્યું

# પ્રેમલગ્ન કરનારી પરિણીતાને સાસરિયાએ ત્રાસ આપતાં આપઘાતનો પ્રયાસ

## બહેનના ઘરે રહેતી મહિલાને પતિ તેડવાં ન આવ્યો, પોતે નોકરી કરતી હોય ઘરમાં ધ્યાન આપતી નથી કહી સાસરિયા મેણાં મારતા : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

પ્રેમ લગ્ન કર્યા બાદ પરિણીતા નોકરી કરતી હોય સાસરીયાઓએ ઘરમાં ધ્યાન આપતી નથી કહી સાસુ,સસરા,દાદાજી સસરા પરિણીતા સાથે ઝઘડો કરતા હતા.પતિ પણ પરિણીતાને મારકૂટ કરતા પરિણીતા બહેનના ઘરે જતી રહ્યા બાદ પતિ તેડવા ન આવતા પરિણીતાએ ફિનાઈલ પી લીધું હતું. બાદમાં તેણે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હાલ ટેલિફોન એકસચેન્જ તુલસીબાગ પાસે મોટા બહેનના ઘરે રહેતી પરિણીતા સોનાબેન બ્રહ્માણી(ઉંમર ૨૪)એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ ધવલ, સસરા હિતેશભાઈ, સાસુ ગીતાબેન, દાદાજી સસરા વિઠ્ઠલભાઈ(રહે હરીનગર ૨ સી, બ્રહ્માણી લો મકાન ટેલીફોન એક્સચેન્જ)નું નામ આપ્યું છે.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, દોઢ વર્ષ પહેલા ધવલ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પ્રેમ લગ્ન કર્યા બાદ રાજકોટમાં સંયુક્ત પરિવારમાં રહેતી હતી. પિતા પરસોત્તમભાઈ હોતચંદભાઈ ઠક્કર ભાવનગર રહે છે. તેની મોટી બહેન મનીષાબેન શર્મા છેલ્લા ત્રણ મહિનાથી પતિ સાથે રાજકોટ ખાતે રહે છે. લગ્નજીવન છ મહિના સારો ચાલ્યા હતો. લગ્ન બાદ પરિણીતાએ અકાઉન્ટ તરીકેની નોકરી શરૂ કરી હતી. જેથી ઘરકામમાં પૂરતો સમય આપી શકતી ન હતી. જેને લઈને સસરા હિતેશભાઈ અને દાદાજી સસરા વિઠ્ઠલભાઈ ઝઘડો કરતા હતા. જે બાબતે પતિને જણાવતા પતિએ પણ પરિવારનો સાથ આપી તારે ઘરનું કામ તો કરવાનું જ છે વડીલો કે તેમ જ કરવાનું છે તેમ કહ્યું હતું. છ મહિના પહેલા પતિએ પરિણીતાને નાની વાતમાં ગાળો ભાંડી માર માર્યો હતો. સાસુ પણ પરિણીતાને મહેણા ટોણા મારી હેરાન કરતા હતા. પતિને ચડામણી કરતા પતિને ત્રાસ આપતો હોવાથી ગત તા. ૨૦/૦૨ ના રોજ રાત્રિના આઠ વાગ્યા આસપાસ પતિનું ઘર છોડી તેની બહેન મનિષાબેનના ઘરે જતી રહી હતી. છેલ્લા વીસ દિવસથી બહેનના ઘરે રહે છે. આટલા દિવસ થયા છતાં પણ સાસરામાંથી કોઈ સદસ્ય કે પતિનો તેડવા માટેનો ફોન આવ્યો ન હતો. જે વાતનું દુઃખ પરિણીતાને લાગી આવતા બહેનના ઘરે ગત તા.૧૬/૦૩ ના રોજ ફિનાઈલ પી લીધું હતું. પોલીસ ફરિયાદ કરવા પરિણીતાને કહેતા પરિણીતાએ પહેલા પતિ સાથે વાત કરી સમાધાન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ પતિ પરીણીતાને ઘરે લઈ જવા માગતો ન હોવાથી પરિણીતાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

# ગ્રિન ઈન્ડિયા મિશન અંતર્ગત ગુજરાત વૃક્ષારોપણમાં આગળ: સાંસદ રામ મોકરીયા

## સંસદ સત્રમાં સાંસદે વન, પર્યાવરણ અને હવામાન પરિવર્તનના મુદાની છણાવટ કરી

**અબતક, રાજકોટ**

દિલ્હી ખાતે સંસદના ચાલુ સત્ર દરમ્યાન સાંસદ રામભાઈ મોકરીયાએ વન, પર્યાવરણ અને હવામાન પરિવર્તનના મુદા પર વિગતવાર મુદાની છણાવટ કરી હતી. સાંસદ રામભાઈ મોકરિયાએ જણાવ્યું હતુકે, વનના આવરણ સામે ૨૦-૯ થી ૨૩ સુધીમાં ૧૫૦૦ કિલોમીટર વિસ્તારનો ઉમેરો થયો છે. આ એક મોટી સિધ્ધિ ગણી શકાય, ગ્રિન ઈન્ડીયા મિશન અંતર્ગત ગુજરાત રાજય પણ વૃક્ષ વાવેતરમાં આગળ છે. ગીર નેશનલ પાર્કમાં અત્યારે ઐતિહાસીક રીતે ૭૦૦થી વધુ સિંહો નિવાસ કરે છે. મેનગ્રોવ્સને બચાવવા માટે કેન્દ્ર સરકારે વિશેષ નાણાકીય સહાય મંજૂર કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૦,૦૦૦ હેકટરમાં મેનગ્રોવ્સનું વાવેતર થયું છે.

આ મેનગ્રોવ્સ ચક્રવાત અટકાવે છે તે કચ્છના ગામોને બચાવે છે. માછીમાર લોકોને આનાથી વદુ ફાયદો થાય છે. જેથી વધુ માછલીઓ મેળવી શકે છે.

પ્રધાનમંત્રી એ એક સૂત્ર આપેલ છે કે એક સૂર્ય એક પૃથ્વી એક ઉકેલ આ તેમના શબ્દો આપણને પ્રેરણા આપે છે. અને સોલાર દ્વારા ગુજરાતના હજારો ખેડૂતો સોલાર પંપ સ્થાપિત કરે છે.ગુજરાત ખેડૂતો માટે ઉર્જા ઉત્પન્ન કરે છે અને જેને કારણે ખેતીમાં વૃદ્ધિ થાય છે અને પાણીની અછત દૂર થાય છે પાક સારો આવે છે પર્યાવરણને કેન્દ્રમાં રાખીને વિસ્તારનો વિકાસ કરી રહ્યા છે અને પ્રદૂષણ નિયંત્રણ માટે આ એક મોટી જીત છે નેશનલ કલીન એર પ્રોગ્રામ ૧૩૧ સર્વ લક્ષ બનાવે છે તેમાંથી હવાની ગુણવત્તાની એસસીસીમાં સુધારો થયો છે અને આજે અમદાવાદમાં લોકો સરળતાથી શ્વાસ લઈ શકે છે. સામે ૨૦૧૯ થી પીએમ ટેન સ્તર ૩૦ ટકા ઘટ્યું છે.

નમામી ગંગેવ પ્રોજેક્ટ દ્વારા ગંગા નદી શુદ્ધ થઈ રહી છે અને પવિત્ર નદીઓ પૂર્ણ વિકસિત થઈ રહી છે અને ૧૫૦ થી વધુ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે ગંગા નદી શુદ્ધ રીતે વહે છે. અને કચરા વ્યવસ્થાપનનુ મેનેજમેન્ટ પણ ખૂબ સારું વિકસિત થયું છે.

અમુક ગામડા શૂન્ય કચરા મોડેલ તરીકે બન્યા છે ગુજરાતના ઘણા ગામડાઓએ ઈનામ પણ મેળવેલ છે ગુજરાતના ૧૧ ટકા વનવિસ્તાર વધી ગયો છે અને આદિવાસીઓ પણ વનનું રક્ષણ કરે છે અને તેમના હકોનું પણ રક્ષણ થાય છે અને બાળકો વૃક્ષને વાવે ત્યારે પોતાની માતાનું નામ આપે છે. આદિવાસી વિસ્તારોમાં આદિવાસી લોકોને વન બાબતે દોઢ લાખથી વધુ હક પત્રો આપેલ છે અને ડાંગ અને નર્મદા જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં આદિવાસીની જમીનની માલિકી મળવાથી તેમની આવક બમણી થઈ ગઈ છે.

ભારતમાં અત્યારે લગભગ વાઘોની સંખ્યા ૩૦૦૦ ની છે જે ૨૦૦૦ ની ૧૪માં ૧૪૦૦ ની સંખ્યા હતી તેમાં વધારો થયો છે પ્રધાનમંત્રી શ્રી એ પોતે ટાઈગર રિપોર્ટ જાહેર કર્યો જેમાં ગુજરાતનું વેળાવદર બ્લેક બગ થેંક્યુરી સંરક્ષણ માટે કામ કરે છે અને જામનગરમાં બર્ડ પાર્ક પ્રવાસીઓને આકર્ષે છે રોજગાર લાવે છે અને તેમાંથી થતી આવક સંરક્ષણ માટે વપરાય છે

# બાળકોને તંબાકુના વ્યસન તરફ જતા અટકાવવા કોર્પોરેશનનું સફળ આયોજન

**અબતક, રાજકોટ**

તંબાકુ મુક્ત યુવા અભિયાન ૩.૦ અભિયાનનો પાયાનો ઉદ્દેશ્ય આવતીકાલના નાગરિકો એવી આજની યુવા પેઢીને વ્યસનના ભરડામાંથી સુરક્ષિત રાખવાનો અને તેમને સ્વાસ્થ્યપ્રદ ભવિષ્ય તરફ દોરી જવાનો છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા એક પ્રશંસનીય પહેલના ભાગરૂપે (રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ) ની ટીમો દ્વારા રાજકોટ શહેરની વિવિધ



શાળાઓમાં જઈને સીધો સંપર્ક સાધવામાં આવ્યો હતો. આ ટીમોએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી, તેમને તંબાકુ અને તેનાથી બનતી વિવિધ બનાવટોના સેવનથી શરીર પર થતી અત્યંત ગંભીર અને લાંબાગાળાની નકારાત્મક અસરો વિશે વૈજ્ઞાનિક અને તાર્કિક સમજ પૂરી પાડી હતી. આ અભિયાનનો મુખ્ય પ્રાણ વિદ્યાર્થીઓને વ્યસનમુકત રહીને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે આંતરિક રીતે પ્રેરિત કરવાનો છે. કિશોરાવસ્થામાં જ જો બાળકોને વ્યસનોના જોખમો વિશે માહિતગાર કરવામાં આવે, તો તેઓ ભવિષ્યમાં મક્કમતાથી આવા દુષણોને નકારી શકે છે.

આ અભિયાન અંતર્ગત શહેરની ૯૬ શાળાઓમાં ધોરણ ૭, ૮ અને ૯ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજે ૩,૯૩૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરનાર ૧૮૪ વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અંતે તૃતીય ક્રમાંકથી પ્રમાણપત્રો તથા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

# મિરામ્બિકા કોલેજ આયોજિત શિક્ષક ભરતી મેળામાં ૧૭૩૪ ઉમેદવારને નોકરીની તક મળી

## ૩૫ શાળાના સંચાલકો, આચાર્યોએ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લીધા હતા, સતત ૪ વર્ષે ભરતી મેળાનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં કાલાવડ રોડ ઉપર આવેલ ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શ્રી મીરામ્બિકા કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા મેગા જોબ પ્લેસમેન્ટ ૨૦૨૬ શિક્ષકોની ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં ૧૭૩૪ ઉમેદવારોએ ભાગ લીધો હતો. તમામ ફ્રેશર ઉમેદવારોની નોકરીની તક સાંપડી છે. આ ભરતી મેળામાં શહેરની નામાંકિત શૈક્ષણિક



સંસ્થાઓ જેવી કે ગ્રીન વુડ ઈન્ટરનેશનલ સ્કૂલ, પંચશીલ સ્કૂલ, ધોળકિયા સ્કૂલ, મોદી સ્કૂલ, સર્વોદય સ્કૂલ, સ્વામિનારાયણ ગુરુકુળ, કલ્યાણ સ્કૂલ, સરસ્વતી સ્કૂલિંગ સિસ્ટમ, પાર્થ વિદ્યાલય, દર્શન સ્કૂલ, ન્યૂ એરા સ્કૂલ, કર્ણાવતી સ્કૂલ, એસકેપી સ્કૂલ, યુનિવર્શલ સ્કૂલ, તપન સ્કૂલ તેમજ બ્રિલિયન્ટ સ્કૂલ જેવી નામાંકિત ૩૫ શાળાઓના સંચાલકો અને આચાર્યો ઉપસ્થિત રહી ઉમેદવારોના ઈન્ટરવ્યુ લીધા હતા.

મીરામ્બિકા કોલેજ ઓફ એજ્યુકેશન, હરીપર દ્વારા છેલ્લા ૪ વર્ષથી આ પ્રકારના જોબ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ પ્લેસમેન્ટ મેળાનો મુખ્ય હેતુ રાજકોટની પ્રતિષ્ઠિત અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળઓમાં સીધી રોજગારીની તક પુરી પાડવાનો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સ્થાપક બી.ડી. જાડેજા, ટ્રસ્ટી મયુરસિંહ જાડેજાએ સતત માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ ઉપરાંત સંસ્થાના હોદ્દેદારોએ સહભાગી શાળાઓ અને નોકરી મેળવવા સફળ ઉમેદવારોને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. મીરામ્બિકા કોલેજની પ્લેસમેન્ટ માટેની આ પ્રક્રિયાને સમગ્ર શિક્ષણ જગતે બિરદાવી હતી. સંચાલકોએ જણાવ્યું હતું કે આ ભરતી મેળામાં ઉમેદવારોને સારી કારકિર્દી નિર્માણ કરવાની તક મળી છે.

# ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ-ધ રિયલ હિરોઝ ઓફ ઈન્ડિયા વીડિયો બુક ડોકયુમેન્ટરીનું ગાંધીનગરમાં વિમોચન

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તટ રક્ષક દળના ૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉજવણી અવસરે 'ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ-ધ રીયલ હિરોઝ ઓફ ઈન્ડિયા' વિડીયો બુક અને ડોકયુમેન્ટરીનું ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું.

તેમણે કહ્યું કે, આપત્તિના સમયે જ્યારે પોતાને માથે મોત ઊભું હોય ત્યારે પોતાના જીવની પરવાહ કર્યા વિના સામાન્ય અને સંકટમાં ફસાયેલા માનવીનો જીવ બચાવવા હંમેશા તત્પર આ તટ રક્ષકો કાયમ માટે રીયલ હીરોઝ બની રહેવાના છે. ઈન્ડિયન કોસ્ટગાર્ડ આત્મનિર્ભર ભારતની એક વિશેષ ઓળખ બન્યું છે તેમ તેમણે જણાવ્યું હતું.



## સંકટમાં ફસાયેલા માનવીનો જીવ બચાવતા તટરક્ષકો હંમેશા રિયલ હિરોઝ બની રહેવાના: ભૂપેન્દ્રભાઈ પટેલ

કોસ્ટ્ગાર્ડ ગુજરાત પોલીસની એ.ટી.એસ. સાથેના સંકલનમાં રહીને દરિયાઈ માર્ગેથી ડ્રગ્સની ઘુસણખોરી અટકાવવા સતર્ક રહિને મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. તેને પણ બિરદાવી હતી. ઈન્ડિયન કોસ્ટગાર્ડ સમુદ્ર કિનારાથી લઈને ૨૦૦ નોટિકલ માઈલ સુધી સમુદ્ર વિસ્તારમાં ફરજરત રહિને ઈન્ડિયન નેવી અને સ્ટેટ મરીન પોલીસ વચ્ચે મહત્વની કડી બન્યું છે તેમ તેમણે ઉમેર્યુ હતું.


વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સરહદી વિસ્તારોમાં જેમ બી.એસ.એફ. દિવસ-રાત નિગરાની રાખે છે તેમ સમુદ્રી વિસ્તારમાં ઈન્ડિયન કોસ્ટગાર્ડ સતત બાજ નઝર રાખીને તૈનાત રહ્યું છે તે માટે અભિનંદન આપ્યા હતા.

પોલીસ મહાનિદેશક ડો. કે.એન.એલ. રાવે આ પ્રસંગે કહ્યું કે, રાજ્યના વિશાળ દરીયા કિનારાની સુરક્ષા અને સલામતિ માટે ૨૨ મરીન પોલીસ સ્ટેશન્સ અને મરીન ટાસ્કફોર્સના ૫૦૦થી વધુ જવાનો કોસ્ટગાર્ડ સાથે ખભે ખભા મીલાવીને ફરજ બજાવે છે. સંયુકત ઓપરેશનથી ડ્રગ્સને દરીયાઈ માર્ગેથી આવતુ અટકાવવાની સફળતા પણ મેળવી છે. કોસ્ટગાર્ડના આઈ.જી. ડી. શષીકુમારે ૫૦ વર્ષની ઉજવણીના આ અવસરને ગરીમામય ગણાવતા કહ્યું કે, આ ૫૦ વર્ષોમાં ભારતીય તટરક્ષક દળ દેશના દરીયાકાંઠાની સુરક્ષાની અડગ ઢાલ બન્યુ છે એટલુ જ નહિ, વાવાઝોડું, વરસાદ, દરીયાઈ તુફાન જેવા વિપદાના સમયે સ્થાનિક પ્રશાસનની મદદમાં રહિને બચાવ અને રાહત કામગીરીમાં પણ મોખરે રહે છે. તેમણે ઈન્ડિયન કોસ્ટગાર્ડને ગુજરાત સરકાર દ્વારા મળી રહેલા સહયોગની સરાહના કરતાં મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# નેપાળ દુર્ઘટનાના દિવંગતો પૂ. મોરારિબાપુની શ્રધ્ધાંજલી-સહાય

**અબતક, રાજકોટ**

નેપાળમાં બસ દુર્ઘટનામાં ૭ લોકોનાં કરુણ મોત નિપજ્યા છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ પ્રસિદ્ધ મનકામના મંદિરમાં દર્શન કરી બસ પરત કાઠમાંડુ ફરી રહી હતી ત્યારે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ ખીણમાં ખાબકતા ૭ લોકોનાં મોત નિપજ્યા હતા. મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે ૧,૦૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા પહોંચાડવામાં આવશે. સૌરાષ્ટ્રમાં પણ આ દિવસોમાં અકસ્માતો સર્જાયા હતા અને તેમાં પણ ઘણા લોકોના અકાળે અવસાન થયાં છે. મહુવાનો ખલાસી પોરબંદરના દરિયામાં ડૂબી જતાં મૃત્યુ પામેલ. નાના ખૂંટવડા ના બે તરુણોના અકસ્માતમાં મોતને ભેટ્યા હતા અને ઉમરાળા તાલુકાના જાળીયા ખાતે ત્રણ યુવાનોની જીંદગી અકસ્માતમાં હોમાઈ ગઈ હતી. પૂજ્ય મોરારીબાપુએ આ સૌને શ્રધ્ધાંજલિ પાઠવી હતી અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે સહાયતા રાશિ અર્પણ કરી છે.



# એક ફૂલ દો માલી : ભાવેશ વાણવીની હત્યા પાછળ મહિલા મિત્ર જ જવાબદાર

## કૃપાલી સાથે મૃતકને સંબંધ હતો : હમીર પણ યુવતી સાથે મેસેજમાં વાતચીત કરતો હોય બંને વચ્ચે ડખ્ખો ઉદભવ્યો'તો

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં ગત રવિવારે રાત્રે વિવાદિત પત્રકાર ભાવેશ વાણવી પર સ્વીફ્ટ કાર અને બાઈક પર ધસી આવેલી ટોળકીએ ધારિયા સહિતના હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો. જે હુમલામાં ઘવાયેલા ભાવેશએ સારવારમાં દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ રસના ચિચોડામાં થયેલી હત્યા પ્રકરણમાં હવે સત્તાવાર રીતે સ્ત્રી પાત્ર જ જવાબદાર હોવાનો ધડાકો થયો છે. હત્યામાં એલસીબી ઝોન-૨ ની ટીમે અટલ સરોવર પાસેથી ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. જેમની પૂછતાછમાં હત્યા પ્રકરણમાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. હત્યા માત્ર





રસના ચિચોડા બાબતેના મનદુઃખમાં નહીં પરંતુ એક ફૂલ દો માલી જેવા કિસ્સાના લીધે થઈ હોવાનું સામે આવી રહ્યું છે. ભાવેશને કૃપાલી નામની યુવતી સાથે સંબંધ હોય જેને આરોપી હમીર જોગરાણા સાથે વાતચીતનો વ્યવહાર શરૂ થતા તે બાબતની જાણ ભાવેશને થયા બાદ ડખો શરૂ થયો હતો અને અંતમાં સમગ્ર મામલે ખૂની ખેલ ખેલાયો હતો.

રવિવારે રાત્રિના ભાવેશ વાણવીની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. જેને લઈ ગઈકાલે સિવિલ હોસ્પિટલે ભારે તંગ માહોલ રહ્યો હતો. દરમિયાન પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈની સૂચના હેઠળ એલસીબીના પીએસઆઈ આર.એચ. ઝાલા તથા તેમની ટીમે તપાસ હાથ ધરી આ હત્યા પ્રકરણમાં ત્રણ આરોપીઓ રવિ મેરામભાઈ જોગરાણા (ઉ.વ.૩૩), સાગર મેરામભાઈ જોગરાણા (ઉ.વ.૨૬) અને ગોપાલ મેરામભાઈ જોગરાણા (ઉ.વ.૨૨ રહે. બધા રૈયાધાર, રાધેશ્યામ ગૌશાળાની સામે, શેરી

(અનુ. આઠમા પાને)

## અગાઉ સામસામે હનીટ્રેપ અને છેડતીની અરજીઓ પણ થયાનો ખુલાસો : રવિવારે રાત્રે કજિયો ખૂની બન્યો'તો

### બંદોબસ્તમાં હાજર ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈને ધક્કો મારી પછાડી દેવાયા

## તું ઘરે તો એકલો જ જઈશ ને? રસ્તામાં પતાવી દેશું કહી પોલીસમેનને ખૂનની ધમકી

### તમારા બધાના પટ્ટા-ટોપી ઉતારી નાખવા છે કહી ટોળું બેફામ બન્યું : દલીત આગેવાન ડી. ડી.સોલંકી સહિતના ટોળા સામે ફરજમાં રુકાવટ, રાયોટીંગ સહિતની ગંભીર કલમ હેઠળ ગુનો નોંધાયો

ભાવેશ વાણવીની હત્યા બાદ શરૂ થયેલા હાઈવોલ્ટેજ ડ્રામાને પગલે ભારે તંગદિલી સર્જાઈ હતી. કલેક્ટરને રજુઆત કર્યા બાદ દલિત સમાજનું ટોળી સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ધસી ગયું હતું અને ચક્કાજામનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈને ખૂનની ધમકી આપી ટોળાં સ્વરૂપે ફરજમાં રુકાવટ કરનાર ટોળાં સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતાં એએસઆઈ સંજયભાઈ દાફડાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિલીપ ધીરૂભાઈ સોલંકી ઉર્ફે ડી. ડી.સોલંકી, અશોકભાઈ સિંઘવ અને નરેશભાઈ ઉગાભાઈ બગડા સહિતના રસ્તો બ્લોક કરનાર ૧૫ થી ૨૦ શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે રાતે ૮ વાગ્યાથી તેઓ અને પોલીસ હેડ ક્વાટર્સ, એ ડીવીઝન, પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન, યુનિ. પોલીસ સ્ટેશન, એસઓજી અને ડી.સી.બી. પોલીસ સ્ટેશન મથકનો સ્ટાફ સહિતના હોસ્પિટલ ચોક ખાતે બંદોબસ્તમા હાજર હતા.

પોલિસમેને જણાવ્યું હતું કે, યુનિવર્સીટી પોલીસ મથક ખાતે ગઈ તા.૧૫ ના મર્ડરનો બનાવ બનેલ હોય તે બનાવમા મરણ જનાર ભાવેશભાઈ વાણવીની ડેડ બોડી હોસ્પિટલ ચોક ખાતે તેના સગા સંબંધી તેમજ તેમના સમાજના આગેવાનોએ રાખી દીધેલ હતી અને ડેડ બોડી સ્વીકારતા

(અનુ. આઠમા પાને)

### જીવલેણ હુમલામાં ઘવાયેલા ભાવેશ વાણવીએ દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો : ત્રણ શખ્સોની ધરપકડ, સૂત્રધાર હમીર સહિત ચારની શોધખોળ

# ૩૧ જિલ્લા પંચાયત અને ૨૨૯ તાલુકા પંચાયતોમાં વહીવટદારોની નિમણુંક

### જિલ્લા પંચાયતોમાં કલેકટર જયારે તાલુકા પંચાયતોમાં પ્રાંત અધિકારી કે સમક્ષ અધિકારીને વહીવટદાર તરીકે જવાબદારી

**અબતક, રાજકોટ**

રાજયની અલગ અલગ ૩૧ જિલ્લા પંચાયત અને ૨૨૯ તાલુકા પંચાયતોની વર્તમાન ચૂંટાયેલી બોડીની મૂદત પૂર્ણ થવાની આરે છે. ગઈકાલે રાજકોટ સહિત કેટલીક જિલ્લા પંચાયતોની મૂદત પૂર્ણ થઈ જવા પામી છે. દરમિયાન આજથી ૧૯મી સુધી મોટાભાગની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મૂદત પૂર્ણ થઈ જશે રાજય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા પંચાયતોમાં જિલ્લા કલેકટરને



તસવીરઃ શૈલેષ વાડોલિયા

વહીવટદાર બનાવવામાં આવ્યા છે. જયારે તાલુકા પંચાયતોમાં પ્રાંત અધિકારી કે સમક્ષ અધિકારીને જવાબદારી સોંપાય છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૫ અનુસાર પંચાયતની પાંચ વર્ષની મુદત પૂરી થવાને કારણે આવી પંચાયતની પુનઃરચના કરવા સબંધે પંચાયતોની મુદત પૂરી થવાની હોય તેના બે મહિના કરતાં વહેલી નહિં અને પંદર દિવસ કરતાં મોડી હોવી જોઈએ નહિં તેવી જોગવાઈ છે. ૧૬ થી ૧૯ માર્ચ,સુધીમાં રાજયની ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૨૯ તાલુકા પંચાયતોની ભારતીય બંધારણના અનુચ્છેદ-૨૪૩(ચ) તથા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૩ અનુસાર ધોરણસરની પાંચ વર્ષની મુદત પુરી થનાર છે. વિકાસ કમિશનરની કચેરીની દરખાસ્તથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૭૮ અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૩ અનુસાર ૧૯ માર્ચ, સુધીમાં મુદત પૂર્ણ થનાર જિલ્લા તથા તાલુકા પંચાયતોમાં ચૂંટણીઓ થાય અને પ્રથમ બેઠક મળે નહિં ત્યાં ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૨૯ તાલુકા પંચાયતોમાં વહીવટદારની નિમણુક કરવામાં આવી છે. આ સમયગાળા

(અનુ. આઠમા પાને)

# ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે રજીસ્ટ્રેશનની મૂદત ૨૭મી સુધી વધારાઈ

### ૧૫મી મે સુધી પ્રતિ કિવન્ટલ રૂ.૨૫૮૫ના ભાવે ઘઉંની ખરીદી કરાશે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંની ખરીદી માટે લઘુતમ ટેકાના ભાવ રૂ.૨.૫૮૫/- પ્રતિ કવી. જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.. મારફતે કરવામાં આવનાર છે.

લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફતે ૧ ફેબ્રુઆરી થી ૧ માર્ચ ૨૦૨૬ સુધીની હતી. જેની મુદત વધારીને તા.૧૩ માર્ચ થી તા.૨૭ માર્ચ કરવામાં આવી છે. ઘઉંની ખરીદી તા.૧૫ મે સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવે છે.ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭/૧૨ કે

(અનુ. આઠમા પાને)

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જામશે ત્રિ-પાંખિયો જંગ

### ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી તમામ બેઠકો પર ઉમેદવાર ઉતારશેઃ જનતાને ત્રણ-ત્રણ વિકલ્પો મળશે

**અબતક,રાજકોટ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીમાં ત્રિ પાંખીયો જંગ જામશે કોંગ્રેસ દ્વારા અગાઉ એવી ઘોષણા કરવામાં આવી હતી કે તેઓ ૧૦ હજારથી વધુ બેઠક પર ઉમેદવારો મેદાનમાં ઉતારશે જયારે આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે એવી ઘોષણા કરવામાં આવી છે કે 'આપ' દ્વારા તમામ બેઠકો પર ઉમેદવારો ઉતારવામાં આવશે. જયારે શાસક પક્ષ ભાજપ તો તમામ બેઠક પર ઉમેદવારો ઉતારે છે જ. જનતાને ત્રણ મજબૂત વિકલ્પ પ્રાપ્ત જશે. આગામી ચૂંટણીમાં રોમાંચક બની રહેશે તેમાં શંકા નથી.

તમામ રાજકીય પક્ષો દ્વારા હાલ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ટુંક સમયમાં ઉમેદવારોના નામનું પ્રથમ લીસ્ટ જાહેર કરવામાં આવશે. ભાજપ દ્વારા હજી સુધી ઉમેદવારોની પસંદગી માટેની કાર્યવાહી હાથ પર લેવામાં આવી નથી.

સ્થાનીક સ્વરાજયની આગામી ચૂંટણીને સત્તાના સેમીફાઈનલ સમોજંગ માનવામાં આવે છે. કારણ કે દોઢ વર્ષ બાદ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. આવામાં મહાપાલિકા, જિલ્લા પંચાયત તાલુકા પંચાયત, નગરપાલિકાની આગામી ચૂંટણીના પરિણામો દરેક રાજકીય પક્ષ માટે ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.



પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણી નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ તમામ ૧૨૦૦૦ સીટો પર ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે. તેના અનુસંધાને રાજ્યને ૭ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે અને દરેક ઝોનમાં ઝોન ચૂંટણી સમિતિઓ બનાવવામાં આવી છે. જેમાં ઝોન પ્રમુખ, સેન્ટ્રલ ઝોન પ્રેસિડેન્ટ, ઓબ્ઝર્વર અને વિધાનસભા પ્રભારીઓ સહિતની ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ દ્વારા ૨૬ લોકસભા વિસ્તાર હેઠળ આવતા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. તેના અનુસંધાને હવે એ-ગ્રેડ, બી-ગ્રેડ અને સી-ગ્રેડ પ્રમાણે ઉમેદવારો અંગે ચર્ચા શરૂ કરવામાં આવી રહી છે. આજથી સ્ટેટ ઈલેકશન કમિટી દ્વારા ત્રણ દિવસ સુધી જુદા જુદા ઝોનમાંથી આવેલા નામો પર ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ ટૂંક સમયમાં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં પહેલી વખત આમ આદમી પાર્ટી નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાની તમામ સીટો પર પૂરજોશમાં ચૂંટણી લડશે. અત્યારે આમ આદમી પાર્ટી સાથે જોડાવા અને ચૂંટણી લડવા માટે અનેક લોકો ઉત્સુક બન્યા છે. આમ આદમી પાર્ટી પહેલી એવી પાર્ટી છે જેણે 'ઓપન ટુ ઓલ'ની પદ્ધતિ અપનાવી છે. અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસમાં ધારાસભ્યો અથવા નેતાઓના પરિવારજનોને જ તક મળતી હતી, પરંતુ આમ આદમી

(અનુ. આઠમા પાને)

# ગુજકેટની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ આજથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે

### ૨૯મીએ લેવાનારી ગુજકેટ માટે રાજ્યભરમાંથી ૧,૩૫,૮૭૫ વિદ્યાર્થી નોંધાયા

**અબતક, રાજકોટ**

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૯ માર્ચના રોજ લેવાનારી ગુજકેટની હોલ ટિકિટ આજે અપલોડ કરવામાં આવી છે. સ્કૂલો બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. આ વખતે ગુજકેટ માટે રાજ્યભરમાંથી ૧,૩૫,૮૭૫ વિદ્યાર્થી નોંધાયા છે, જે ગત વર્ષની સરખામણીએ ૫ હજાર જેટલા વધુ વિદ્યાર્થી નોંધાયા છે.

ઉમેદવારોને હોલ ટિકિટ ડાઉનલોડ કરવા માટે ગુજકેટ-૨૦૨૬ માટે ભરેલા આવેદનપત્રમાં નોંધાયેલા મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડી અને જન્મ તારીખ અથવા એપ્લિકેશન નંબર દાખલ કરવો પડશે. ઉપરાંત ઉમેદવારો પોતાના નામ દ્વારા પણ એડમિશન કાર્ડ શોધી શકશે અને ત્યારબાદ જન્મ તારીખની વિગતો દાખલ કરીને તેને ડાઉનલોડ કરી શકશે.શાળાઓને પણ પોતાના ઈન્ડેક્સ નંબર અને રજીસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા લોગ-ઈન થઈ પોતાની શાળાના વિદ્યાર્થીઓના ગુજકેટ-૨૦૨૬ માટેના એડમિશન કાર્ડ ડાઉનલોડ કરવાની સુવિધા આપવામાં આવી છે. શાળાઓ આ હોલ ટિકિટ ડાઉનલોડ કરીને પોતાના વિદ્યાર્થીઓને વિતરણ પણ કરી શકશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છેકે, ગુજકેટ-૨૦૨૬ માટેના એડમિશન કાર્ડ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ઉપલબ્ધ રહેશે અને તે જ પરીક્ષા ખંડમાં પ્રવેશ માટે માન્ય રહેશે. હોલ ટિકિટ પર શાળાના આચાર્યની સહી અથવા સિક્કાની જરૂર રહેશે નહીં.

# પીએનજી કનેકશન ધરાવનારાઓએ કાલ સુધીમાં ગેસના બાટલા જમા કરાવી દેવા પડશે

### એલપીજી અને કોમર્શિયલ વપરાશકર્તાઓને પીએનજીમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રથમ પ્રાધાન્ય

**અબતક, રાજકોટ**

પીએનજી કનેકશન ધરાવનારાઓએ આવતીકાલ સુધીમાં ગેસના બાટલા જમા કરાવી દેવા પડશે.

રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે પીએનજીનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

મોના ખંધારના જણાવ્યા અનુસાર અત્યારે એલપીજીના ઘરેલુ તથા કોમર્શિયલ વપરાશકર્તાઓને પીએનજીમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જે વપરાશકર્તાઓ એલપીજી સાથે પીએનજી કનેક્શન ધરાવતા હોય તેમણે બુધવાર સુધીમાં એલપીજી કનેક્શન સરેન્ડર કરવાના રહેશે.

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં એલપીજીના પુરવઠાની સાથોસાથ વધારાના વિકલ્પ તરીકે કેરોસીનના વિતરણ અંગેની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા (૧૪,૫૨,૦૦૦ લિટર) કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે, જેમાંથી દરેક જિલ્લાને ૩૬ હજાર લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાં

(અનુ. આઠમા પાને)

### ૨૪૯૭ ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલા એશિયાના સૌથી મોટા ઘાસના મેદાન એવા

# કચ્છના બન્નીમાં "ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ" સેન્ટર બનાવાશે

### ૫૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઘાસનું વાવેતર કરાશેઃ ૧૨ વર્ષમાં ગુજરાતમાં વૃક્ષોની સંખ્યામાં ૪૭.૧૮ ટકાનો વધારો



**અબતક, રાજકોટ**

રાજ્યનો કુલ વન વિસ્તાર ૨૧,૮૭૬.૪૫ ચો.કિમી છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૧.૧૪ ટકા જેટલો થાય છે. વન વિસ્તારની દષ્ટિએ ગુજરાત દેશમાં ૧૧મો ક્રમ ધરાવે છે. ખાસ કરીને, વન વિસ્તાર બહાર વૃક્ષોની સંખ્યામાં વર્ષ ૨૦૧૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૪૭.૧૮ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. તેમ વન પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું.

ફોરેસ્ટ સરવે ઑફ ઈન્ડિયાના વર્ષ ૨૦૨૩ના અહેવાલ મુજબ ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર - ૬૬૩૨.૨૯ ચો.કિમી છે.

સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'લાયન @૨૦૪૭એ વિઝન ફોર અમૃતકાળ' વિશે વાત કરતાં વનમંત્રીએ કહ્યું કે આ પ્રોજેક્ટ માટે રૂ. ૨૯૨૭.૯૭ કરોડનો સંકલિત પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે.

જેસર અને પાલિતાણા વિસ્તારમાં સિંહ અને દીપડા વસવાટ કરે છે ત્યારે મંત્રીએ વન વિભાગની વિશેષ કામગીરીનો ઉલ્લેખ કરતાં ગૃહમાં કહ્યું હતું કે વિશ્વ પ્રસિદ્ધ જૈન તીર્થ, પાલિતાણા ખાતે શૈત્રુંજય પર્વતની યાત્રા સલામત રીતે પૂર્ણ કરવામાં સહયોગ બદલ વનવિભાગના કર્મયોગીઓનો જૈન અગ્રણીઓ-યાત્રીઓએ વિશેષ આભાર માન્યો હતો.

તેમણે ઉમેર્યું કે મે-૨૦૨૫ દરમિયાન ૧૧ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલ ૧૬મી સિંહ વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં સિંહોની સંખ્યા વધીને ૮૯૧ નોંધાઈ છે, જે વન્યજીવ સંરક્ષણની દિશામાં એક ઐતિહાસિક સિદ્ધિ છે. આ વસ્તીમાં ૧૯૬ નર, ૩૩૦ માદા, ૧૪૦ પાઠડા અને ૨૨૫ બચ્ચાનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, આ ગણતરી દરમિયાન ૩૫,૦૦૦ ચો.કિમી વિસ્તારને આવરી લેવામાં

(અનુ. આઠમા પાને)